પુસ્તકને રખડતું મૂકી, આશાતના કરવી નહિ.

ૐ શ્રી પાર્શ્વનાથાય નમઃ

# શ્રી પ્રાચીન-સ્તવનાવલી

અને

# આત્મસાધના-સંગ્રહ

છપાવી પ્રસિદ્ધ કરનાર

માસ્તર રતીલાલ બી. શાહ

ખેતરપાળની પોળ-અમદાવાદ.

પુસ્તકને જેમ તેમ રખડતું મૂકી,

આશાતના કરવી નહિ.

ૐ શ્રી પાર્શ્વનાથાય નમઃ

# શ્રી પ્રાચીનકૃત-સ્તવનાવલી

અને

## આત્મસાધના-સંગ્રહ

નામ

ઠેકાણું

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**માસ્તર રતીલાલ બી. શાહ.**

ખેતરપાળની પોળ,—અમદાવાદ.

ધી વીરવિજય પ્રીન્ટિંગ પ્રેસમાં, શાહ મણીલાલ છગનલાલે છાપી. ઠે૦ કાળુપુર ટંકશાળ-અમદાવાદ.

# અ. સૌ. બ્હેન માણેકબેનનું
# જીવન–ચરિત્ર.

શ્રી અમદાવાદ ( રાજનગર ) માં હાજા-પટેલની પોળમાં ( ખારાકુવાની પોળમાં ) સદ્‌ગત શેઠ છગનલાલના સુપુત્ર રત્ન ભાઈ **અમુલખભાઈ** કે જેઓ ઘણા સરળ સ્વભાવી, ધર્મપ્રેમી અને સાહિત્યપ્રેમી હતા ને ધાર્મીક દરેક પ્રસંગોમાં પોતાની લક્ષ્મીનો સારા કાર્યમાં ઉપયોગ કરવાનો જેમનો આંતર હેતુ હતો. **અમુખભાઈ** પોતે મામલતદાર હતા, પોતાના અંતરમાં ધાર્મીક કાર્યોની સદ્‌ભાવના સારી પેઠે રમી રહેલ હતી. તેમણે સ્ટેશન પર કંસારા ઓળમાં દેરાસર કરાવ્યું. **પાનસર**માં ઉપાશ્રય કરાવ્યો ( જે સાધ્વીજી મહારાજ ઉતરે છે ) પાંચ છોડનું ઉજમણું

અ. સૌ. બેન માણેકબેન અમુલખભાઈ.



જન્મ સં. ૧૯૪૧ ના જેઠ સુદ ૬ [વીર સં. ૨૪૧૧.

છે અને તેને લીધે પોતાના દ્રવ્યનો યથાર્થ રીતીએ સદ્વ્યય કરેલ છે અને હજુ કર્યા કરે છે તે તેમના ટુંક વિવરણ પરથી જણાશે. (તેમની પહેલાં તેમનાં શોક કે જેમનું નામ મોથીબ્હેન હતું. તેમણે તપ તથા ઉજમણું કર્યું હતું) તેમના પરિવારમાં આવી રીતે અવાર નવાર ધર્મ ક્રિયા ચાલ્યા કરે છે તે ધર્મ પ્રત્યેની તેમની કેવી લાગણી છે તે બતાવે છે.

---

## "માણેકબેનના હસ્તક થયેલ ધાર્મીક કૃત્યોની ટુંક નોંધ."

૧ રાજનગરમાં ( પાડાપોળમાં ) અષ્ટાપદજીનો તથા શિખરજીનો પટ આરસ પર ચિતરાવ્યો.

૨ રાજનગરમાં (પાડાપોળમાં) મહાવીર સ્વા-

પુત્રીનું નામ બ્હેન કાન્તાબેન નામ હતાં. પાંત્રીસ વર્ષની ઉંમર સુધી સંસારી સુખો ભોગવીને આ ફાની દુનિયાના અસાર સુખોનો ત્યાગ કરી પૂજ્યપાદ આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી **સિદ્ધિવિજયજી મહારાજ** પાસે ચોથું વ્રત ગ્રહણ કર્યું. જૈનધર્મ પળાતા કુળમાં અવતરીને શ્વસુર પક્ષમાં યોગ્ય ધાર્મીક સંસ્કાર મેળવી સદુપયોગ કરી વ્રત, જપ, તપ, નિયમ, દેવગુરૂના દર્શન ભક્તિ તિર્થાધીરાજની સેવાભક્તિ વિગેરે સારી રીતે કરી, તથા કુટુંબ તરફની તથા શ્વસુરપક્ષની સારી સેવા હજુ બજાવ્યા કરે છે પોતે સ્વભાવે શાંત અને સર્વ સાથે મીલનસાર છે, તથા ધાર્મીક કાર્યો સઘળે ઠેકાણે એવાં કરેલ છે કે તેની સુવાસ સઘળે પ્રસરેલ છે અને તીર્થ પ્રત્યેની લાગણી તેમના રોમે રોમમાં પ્રસરેલ

છે અને તેને લીધે પોતાના દ્રવ્યનો યથાર્થ રીતીએ સદ્‌વ્યય કરેલ છે અને હજુ કર્યા કરે છે તે તેમના ટુંક વિવરણ પરથી જણાશે. (તેમની પહેલાં તેમનાં શોક કે જેમનું નામ મોઘીબ્હેન હતું. તેમણે તપ તથા ઉજમણું કર્યું હતું) તેમના પરિવારમાં આવી રીતે અવાર નવાર ધર્મ ક્રિયા ચાલ્યા કરે છે તે ધર્મ પ્રત્યેની તેમની કેવી લાગણી છે તે બતાવે છે.

---

## "માણેકબેનના હસ્તક થયેલ ધાર્મીક કૃત્યોની ટુંક નોંધ."

૧ રાજનગરમાં ( પાડાપોળમાં ) અષ્ટાપદજીનો તથા શિખરજીનો પટ આરસ પર ચિતરાવ્યો.

૨ રાજનગરમાં (પાડાપોળમાં) મહાવીર સ્વા-

મિજીની પ્રતિમાજી પધરાવ્યાં અને સ્વામિ વાત્સલ્ય કર્યું.

૩ રાજનગરમાં પાડાપોળમાં રૂા. ૨૦૦૦) અંકે બે હજાર આપી અખંડ દીવો રખાવ્યો.

૪ પાડાપોળમાં આંબેલની ઓળી કરાવી ને પારણાં કરાવ્યાં અને તે નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ કર્યો હતો.

૫ પાનસરમાં પુંખરાજજીનો હાર ચડાવ્યો (જે દરેક આંગી વખતે ચડાવવામાં આવે છે તેમાં સૌથી મોટો છે તે).

૬ અયોધ્યામાં મેરૂ પર્વતનો પટ ચિતરાવ્યો.

૭ કાશીમાં ચંદ્રપુરીની દેરી કરાવી તેમાં સોળમા **શ્રીશાન્તિનાથ** પ્રભુ પધરાવવાના છે.

૮ રાજગૃહીમાં રત્નગીરી પહાડ બીજામાં દેરી કરાવી તેમાં **ચૌમુખજી** પધરાવવાના છે

૯ ગીલડી પાસે સ્ટેશન ઇશરીમાં એકાવન રૂપીયા દેરાસરમાં આપ્યા.

૧૦ કાવી ગણધારમાં દેરી લઈ દશમા શ્રી શિતળનાથજીની પ્રતિમા પધરાવ્યાં. શંખેશ્વરજી ધજાગરો ચઢાવ્યો.

૧૧ ગુણયાજીમાં ઓરડો લઇ સંઘને ઉતરવા ધર્મશાળા તરીકે અર્પણ કર્યો.

## યાત્રા તથા તપશ્ચર્યાની યાદી.

પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ ૧૦૦૮ **વિજયસિદ્ધિસૂરિશ્વરજી** હસ્તક નરોડાનો સંઘ કાઢયો. સહરી પાલંતા સિદ્ધગિરિ એકાસણાના તપ સાથે યાત્રા કરી. શિખરજીની બે વખત યાત્રા કરી અને એકજ દિવસે જુદા જુદા ગામના ચાર સંઘ આવેલ તેમને ભેગા જમાડ્યા. કેશરીયાજી, તારંગાજી તથા નાની મારવાડ (પંચતીર્થ)ની યાત્રા ત્રણ

વખત કરી, જેસલમેર, આબુ, રતલામ, મોટી મારવાડ, શંખેશ્વરજી, તથા કારણ વગર દર વખત સિદ્ધગિરિ યાત્રા દર વર્ષે કરે છે.

અઠ્ઠાઇ, ૪૫ આગમ, ચૌદ પૂર્વ કર્યા અને પૂજ્યપાદ આચાર્ય શ્રી૧૦૦૮ **શ્રીસિદ્ધિવિજયજી** હસ્તક ચૌદ છોડનું ઉજમણું કર્યું તેમાં શાન્તિ સ્નાત્ર ભણાવી વરઘોડો કઢાવ્યો હતો. આયંબિલની ઓળી ૧૧ કરી તેમાં ૧૦ અમદાવાદ અને એક તારંગાજી એમ કુલ અગિયાર કરી. ઉપધાન આચાર્ય શ્રી ૧૦૦૮ **શ્રીસિદ્ધિસૂરિશ્વર**જીના હસ્તક બહારની વાડીમાં અને તેમના હસ્તક માળા રોહણ કરી અને પાંત્રીસુ આચાર્ય શ્રી૧૦૦૮ **શ્રીવિજયનિતિ સૂરિશ્વરજી** પાસે કર્યું.

અમદાવાદમાં ૧૯૮૮-૮૯ ની સાલ પરબ માસ ત્રણ ત્રણ સુધી બેસાડી.

# ચઉસરણ પયન્ના.

## ( અર્થ સહિત )

—:o:—

( ત્રણ આયંબીલ કર્યા પછી આ સૂત્ર વાંચવું.)

---

॥ सावज्जजोगविरई, उक्कित्तण गुणवओ अ पडिवत्ती । खलियस्स निंदणा वण तिगिच्छ गुणधारणा चेव ॥ १ ॥

પાપ વ્યાપારથી નિવર્તવારૂપ સામાયિક નામે પહેલું આવશ્યક, ચોવીશ તીર્થંકરના ગુણોનું ઉત્કીર્તન કરવા રૂપ ચઉવિસત્થો નામનું

બીજું આવશ્યક, ગુણવંત ગુરૂની વંદના રૂપ વંદનક નામનું ત્રીજું આવશ્યક, લાગેલા અતિચાર રૂપ દોષની નિંદા રૂપ પ્રતિક્રમણ નામનું ચોથું આવશ્યક, વ્રણચિકિત્સા—ભાવઘા એટલે આત્માને ભારે દુષણ લાગેલું, તેને મટાડવા રૂપ કાઉસગ્ગ નામનું પાંચમું આવશ્યક, અને ગુણને ધારણ કરવા રૂપ પચ્ચક્ખાણ નામનું છઠું આવશ્યક, એ છ આવશ્યક નિશ્ચે કરી કહેવાય છે. ૧

**चारित्तस्स विसोही, कीरइ सामाइएण किल इहयं। सावज्जेयरजोगाण, वज्जणासेवणत्तणओ ॥ २ ॥**

આ જૈનશાસનમાં સામાયિક વડે નિશ્ચે ચારિત્રની વિશુદ્ધિ કરાય છે, તે સાવદ્ય યોગનો ત્યાગ કરવાથી અને નિર્વદ્ય યોગને સેવવાથી થાય છે. ૨

दंसणयारविसोही, चउवीसाय-
त्थएण किज्जइ य । अच्चब्भुअगुण-
कित्तण-रूवेणं जिणवरिंदाणं ॥ ३ ॥

દર્શનાચારની વિશુદ્ધિ ચઉવિસત્થો ( લોગસ્સ ) વડે કરાય છે. તે જિનેશ્વર ભગવાનોના અતિ અદ્‌ભુત ગુણુના કીર્ત્તનરૂપ ચોવિશે જિનની સ્તુતિ વડે થાય છે. ૩

नाणाइआ उ गुणा, तस्संपन्न-
पडिवत्तिकरणाओ । वंदणएणं वि-
हिणा, कीरइ सोही उ तेसिं तु ॥४॥

જ્ઞાનાદિક ગુણો તો જ્ઞાનાદિગુણસંપન્ન ગુરૂમહારાજની ભક્તિથી થાય છે, અને ગુરૂ મહારાજની વિધિપૂર્વક વંદના કરવારૂપ ત્રીજા વંદન નામના આવશ્યકે જ્ઞાનાદિક ગુણોની શુદ્ધિ કરાય છે. ૪

खलिअस्स य तेसि पुणो
विहिणा जं निंदणाइ पडिकमणं ।
तेण पडिक्कमणेणं, तेसिंपि य
कीरए सोही ॥ ५ ॥

વળી તે જ્ઞાનાદિક ગુણોની આશાતનાની નિંદાદિક, વિધિ વડે કરવી તે પ્રતિક્રમણ કહેવાય; તે પ્રતિક્રમણ વડે તે જ્ઞાનાદિક ગુણોની શુદ્ધિ કરાય છે. ૫

चरणाइयाइयाणं, जहक्कमं वण-
तिगिच्छरूवेणं । पडिक्कमणासुद्धाणं,
सोही तह काउस्सग्गेणं ॥ ६ ॥

ચારિત્રાદિકના અતિચારોની પ્રતિક્રમણ વડે શુદ્ધિ ન થઈ હોય તેમની ગુમડાના ઔષધ

સરખા અનુક્રમે આવેલા પાંચમા કાઉસગ્ગ નામના આવશ્યક વડે શુદ્ધિ થાય છે. ૬

गुणधारणरूवेणं पच्चरकाणेण तवइआरस्स । विरिआयारस्स पुणो, सव्वेहिवि कीरए सोही ॥७॥

ગુણના ધારણા કરવારૂપ પચ્ચખાણે કરી તપના અતિચારની અને વળી વીર્યાચારની સર્વ આવશ્યકે કરી શુદ્ધિ કરાય છે. ૭

गयवसहसीहअभिसेअ-दामस-सिदिणयरं झयं कुंभं । पउमसर-सागरविमाण--भवणरयणुच्चयसिहिं च ॥ ८ ॥

હાથી, વૃષભ, સિંહ, લક્ષ્મીઅભિષેક, માળા, ચંદ્રમા, સૂર્ય, ધ્વજા, કળશ, પદ્મસરો-

વર, ક્ષીરસમુદ્ર, દેવગતિમાંથી આવેલા તીર્થંકરની માતા વિમાન, અને નરકમાંથી આવેલા તીર્થંકરની માતા ભવન દેખે, રત્નનો ઢગલો અને અગ્નિ, એ ચૌદ સ્વપ્ન સર્વ તીર્થંકરોની માતા તેમને ગર્ભમાં આવતાં દેખે. ૮

अमरिंदनरिंदमुणिंद-वंदियं वंदिउं महावीरं । कुसलाणुबंधिबंधुर-मज्झयणं कित्तइस्सामि ॥ ९ ॥

દેવતાના ઈન્દ્ર, ચક્રવર્તિરાજા, અને મુનીશ્વરોથી વંદન કરાએલા એવા મહાવીર સ્વામિને વંદન કરીને મોક્ષને પમાડનાર સુંદર ચઉસરણ નામનું અધ્યયન કહીશ. ૯

चउसरणगमण दुक्कड-गरिहा सुकडाणुमोयणा चेव । एस गणो अणवरयं, कायव्वो कुसलहेउत्ति॥१०॥

ચાર શરણુ કરવાં, પાપકાર્યોની નિંદા કરવી, અને નિશ્ચે સુકૃતની અનુમોદના કરવી. આ ત્રણ વસ્તુઓ ખાસ મોક્ષના કારણભૂત છે; માટે તેની નિરંતર ઉપાસના કરવી. ૧૦

**अरिहंतसिद्धसाहू, केवलिकहिओ सुहावहो धम्मो। एए चउरो चउगइ-हरणा सरणं लहइ धन्नो ॥ ११ ॥**

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળીએ કહેલો સુખ આપનાર ધર્મ, આ ચાર શરણ છે, તે ચાર ગતિનો નાશ કરનાર છે અને તે ભાગ્યશાળી પુરૂષનેજ પ્રાપ્ત થાય છે. ૧૧

**अह सो जिण भत्ति भरु-च्छरंतरोमंच कंचुअकरालो। पहरिसपणउम्मीसं, सीसंमि कयंजली भणइ ॥१२॥**

હવે તીર્થંકરની ભક્તિના સમૂહે કરી ઉછળતાં રૂવાટાં રૂપ અક્ષરે કરી ભયંકર એવો તે પુરૂષ ઘણા હર્ષ અને સ્નેહ સહિત મસ્તકને વિષે બે હાથ જોડી આ પ્રમાણે કહે. ૧૨

**रागद्दोसारीणं, हंता कम्मट्ठगाइअरिहंता । विसयकसायारीणं, अरिहंता हुंतु मे सरणं ॥ १३ ॥**

રાગ અને દ્વેષરૂપ વૈરિઓના હણનાર, અને આઠ કર્માદિક શત્રુને સંહારનાર, વિષયકષાયાદિ રિપુઓનો નાશ કરનાર એવા અરિહંત ભગવાનનું મ્હને શરણ હો. ૧૩

**रायसिरिमवकसित्ता, तवचरणं दुच्चरं अणुचरित्ता । केवलसिरिमरहंता, । अरिहंता हुंतु मे सरणं ॥ १४ ॥**

રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને, દુષ્કરતપ અને ચારિત્રને સેવીને કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીને યોગ્ય એવા અરિહંતોનું મ્હને શરણ હો. ૧૪

**थुइवंदणमरहंता, अमरिंदनरिंदपूअमरहंता । सासयसुहमरहंता, अरिहंता हुंतु मे सरणं ॥ १५ ॥**

સ્તુતિ અને વંદન કરવા યોગ્ય, ઇંદ્ર અને ચક્રવર્તિની પૂજાને લાયક અને શાશ્વત સુખ પામવાને યોગ્ય એવા અરિહંતોનું મ્હને શરણ હો. ૧૫

**परमणगयं मुणंता, जोइंदमहिंदझाणमरहंता । धम्मकहं अरहंता, अरिहंता हुंतु मे सरणं ॥१६॥**

બીજાના મનમાં રહેલી વાતને જાણનારા અને યોગીશ્વર તથા મહેન્દ્રને ધ્યાન કરવા યોગ્ય એવા અરિહંતોનું મ્હને શરણ હો. ૧૬

सव्वजिआणमहिंसं, अरहंता सच्चवयणमरहंता । बंभव्वयमरहंता, अरिहंता हुंतु मे सरणं ॥ १७ ॥

સર્વ જીવોની દયા પાળવી તેને યોગ્ય, સત્ય વચનને યોગ્ય, વળી બ્રહ્મચર્ય પાળવાને યોગ્ય એવા અરિહંતોનું મ્હને શરણુ હો. ૧૭

ओसरणमवसरित्ता, चउतीसं अइसए निसेवित्ता । धम्मकहं च [1]कहंता, अरिहंता हुंतु मे सरणं ॥१८॥

સમવસરણમાં બેસીને ચોત્રીશ અતિશયે કરીને સહિત ધર્મકથાને કહેતા એવા અરિહંતોનું મ્હને શરણુ હો. ૧૮

---

१ कहित्ता.

एगाइ गिराणेगे, संदेहे देहिणं समं छित्ता । तिहुअणमणुसासंता अरिहंता हुंतु मे सरणं ॥ १९ ॥

એક વચને કરીને પ્રાણીઓના અનેક સંદેહોને એક કાળે છેદી નાખતા અને ત્રણ જગતને શિક્ષા ( ઉપદેશ ) આપતા એવા અરિહંત ભગવાનનું મ્હને શરણ હો. ૧૯

वयणामएण भुवणं, निव्वावंता गुणेसु ठावंता । जिअलोअमुद्धरंता, अरिहंता हुंतु मे सरणं २०

પોતાના વચનામૃતવડે જગતને શાંતિ પમાડતા, અને ગુણોમાં સ્થાપતા, વળી જીવલોકને ઉદ્ધાર કરતા એવા અરિહંતોનું મ્હને શરણ હો. ૨૦

अच्चब्भुअगुणवंते, नियजसस-

सहरपहासिअदिअंते । निययमणा-
इअणंते, पडिवन्नो सरणमरिहंते २१

અતિ અદ્ભુત ગુણવાળા, અને પોતાના યશ રૂપ ચંદ્ર વડે સર્વ દિશાઓના અંતને શોભાવ્યા છે એવા શાશ્વત અનાદિ અનંત એવા અરિહંતોનું શરણ મ્હેં અંગીકાર કર્યું છે. ૨૧

उज्झियजरमरणाणं, समत्तदु-
रकत्तसत्तसरणाणं । तिहुअणजण-
सुहयाणं, अरिहंताणं नमो ताणं २२

જેમણે જરા અને મરણ તજ્યાં છે, અને બધા દુઃખથી પીડાએલા પ્રાણીઓને જે શરણભૂત છે, અને ત્રણ જગતના લોકને જે સુખ આપનારા છે એવા તે અરિહંતોને મ્હારો નમસ્કાર હો. ૨૨

अरिहंतसरणमलसुद्धि–लद्धसु-
विसुद्धसिद्धबहुमाणो । पणयसिर-
रइयकरकमल–सेहरो सहरिसं भ-
णइ ॥ २३ ॥

અરિહંતના શરણુથી કર્મ રૂપ મેલની શુદ્ધિએ પામ્યું છે અતિ શુદ્ધ સિદ્ધમાં બહુ માન જેણે એવો, અને તેથી નમેલા મસ્તક ઉપર કર્યો છે હસ્તરૂપ કમળનો ડોડો જેણે અર્થાત્ મસ્તકે અંજલી કરી છે જેણે એવો હળુઆકર્મિ જીવ, હર્ષ સહિત સિદ્ધનું શરણ કહે. ૨૩

कम्मट्ठक्खय सिद्धा, साहाविअ-
नाणदंसणसमिद्धा । सव्वट्ठलद्धि-
सिद्धा, ते सिद्धा हुंतु मे सरणं ॥२४॥

આઠ કર્મનો ક્ષય કરીને સિદ્ધ થએલા,

અને સ્વભાવિક જ્ઞાનદર્શનની સમૃદ્ધિવાળા, વળી સર્વ અર્થની લબ્ધિઓ જેમને સિદ્ધ થઈ છે એવા તે સિદ્ધોનું મ્હને શરણ હો. ૨૪

**तिअलोअमत्थयत्था, परमपयत्था अचिंतसामत्था । मंगलसिद्धपयत्था, सिद्धा सरणं सुहपसत्था ॥२५॥**

ત્રણ ભુવનના મથાળે રહેલા, અને પરમપદ એટલે મોક્ષમાં રહેલા, વળી અચિંત્ય સામર્થ્યવાળા, અને મંગળભૂત સિદ્ધપદમાં રહેનાર, અને અનંત સુખે કરી પ્રશસ્ત એવા સિદ્ધોનું મ્હને શરણ હો. ૨૫

**मूलरकयपडिवरका[1], अमूढलरका सजोगिपच्चरका । साहाविअत्तसुरका, सिद्धा सरणं परममुरका ॥ २६ ॥**

---

१ मूलुक्खय.

મૂળથી ઉખાડી નાખ્યા છે રાગદ્વેષરૂપ શત્રુઓ જેમણે અને અમૂઢ લક્ષ્યવાળા, વળી કેવળીઓ જેમને દેખી શકે છે એવા, સ્વભાવિક સુખ જેમણે ગ્રહણ કર્યું છે એવા ઉત્કૃષ્ટ મોક્ષ વાળા સિદ્ધોનું મ્હને શરણ હો. ૨૬

**पडिपिल्लिअपडिणीआ, समग्गझाणग्गिदड्ढभवबीआ । जोईसरसरणीआ, सिद्धा सरणं समरणीया ॥ २७ ॥**

જેમણે રાગાદિ શત્રુઓનો તિરસ્કાર કર્યો છે- વળી જેમણે ભવરૂપ બીજ સમગ્રધ્યાનરૂપ અગ્નિએ બાળ્યું છે એવા, અને યોગીશ્વરોએ આશ્રય કરવા યોગ્ય તથા ભવ્ય પ્રાણીઓએ સ્મરણ કરવા લાયક એવા સિદ્ધોનું મ્હને શરણ હો. ૨૭

पाविअपरमाणंदा, गुणनीसंदा
वि दिन्नभवकंदा । लहुईकयरविचंदा
सिद्धा सरणं खविअदंदा ॥ २८ ॥

આનંદ પમાડનાર અને ગુણના સાર રૂપ, વળી જેમણે ભવરૂપ કંદનો નાશ કર્યો છે, અને કેવળજ્ઞાનના પ્રકાશ વડે ચંદ્ર અને સૂર્યને થોડા પ્રભાવવાળા કરી દીધા છે, અને વળી જેમણે યુદ્ધ આદિ કલેશનો નાશ કર્યો છે એવા સિદ્ધોનું મ્હને શરણ હો. ૨૮

उवलद्धपरमबंभा, दुल्लहलंभा
विमुक्कसंरंभा । भुवणघरधरणखंभा,
सिद्धा सरणं निरारंभा ॥ २९ ॥

પામ્યું છે ઉત્કૃષ્ટ જ્ઞાન જેમને એવા, વળી મોક્ષરૂપ દુર્લભ લાભ મેળવ્યો છે જેમણે એવા,

---

विभिन्न.

મૂક્યા છે અનેક પ્રકારના સમારંભ જેમણે એવા, ત્રણભુવનરૂપ ઘરને ધારણ કરવામાં સ્તંભ સમાન અને વળી આરંભ રહિત એવા સિદ્ધોનું મ્હને શરણ હો. ૨૯

सिद्धसरणेण नयबं-भहेउसाहु-गुणजणिअअणुराओ । मेइणिमि-लंतसुपसत्थमत्थओ तत्थिमं भणइ ॥ ३० ॥

સિદ્ધના શરણવડે નય અને બાર અંગરૂપ બ્રહ્મના કારણ ભૂત સાધુના ગુણોનો ઉપજ્યો છે અનુરાગ જેને, એવો ભવ્ય પ્રાણી પૃથ્વીને અડક્યું છે અતિ પ્રશસ્ય મસ્તક જેનું એવો થઈ ત્ય આ રીતે કહે ૩૦

जिअलोअबंधुणो, कुगइसिंधुणो पारगा महाभागा । नाणाइएहिं सि-वसुख–साहगा साहुणो सरणं ॥३१॥

જીવલોકના બંધુ અને કુગતિ સમુદ્રના પાર પામનાર, મહાભાગ્યવાળા એવા, અને જ્ઞાનાદિકે કરી મોક્ષ સુખના સાધનાર સાધુઓનું મ્હને શરણ હો. ૩૧

केवलिणो परमोही, विउलमई सुअहरा जिणमयंमि । आयरिय-उवज्झाया, ते सव्वे साहुणो सरणं ॥ ३२ ॥

કેવળીઓ, પરમાવધિજ્ઞાનવાળા, વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાની શ્રુતધર તેમજ જિનમતને વિષે રહેલા આચાર્યો અને ઉપાધ્યાયો તે સર્વે સાધુઓનું મ્હને શરણ હો. ૩૨

चउदसदसनवपुव्वी, दुवालसिक्कारसंगिणो जे अ । जिणकप्पा-

हालंदिअ, परिहारविसुद्धिसाहू अ ॥ ३३ ॥

ચૌદપૂર્વિ, દશપૂર્વિ, અને નવપૂર્વિ, અને વળી બાર અંગ ધરનાર, અગિયાર અંગ ધરનાર, જિનકલ્પિ, યથાલંદિ, પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા એવા સાધુઓનું મ્હને શરણ હો. ૩૩

खीरासवमहुआसव, संभिन्नसोअकुट्ठबुद्धी अ । चारणवेउव्विपयाणुसारिणो साहुणो सरणं ॥ ३४ ॥

ક્ષીરાશ્રવ અને મધ્વાશ્રવ લબ્ધિવાળા સંભિન્ન શ્રોતલબ્ધિવાળા અને કોષ્ટબુદ્ધિવાળા, ચારણ મુનિયો, વૈક્રિય લબ્ધિવાળા અને પદાનુસારિ લબ્ધિવાળા સાધુઓનું મ્હને શરણ હો. ૩૪

उज्झियवइरविरोहा, निच्चमदो-

ह्रा पसंतमुहसोहा । अभिमयगुण-संदोहा, हयमोहा साहुणो सरणं ॥ ३५ ॥

તજ્યાં છે વૈર વિરોધ જેમણે, હંમેશાં અદ્રોહિ, અતિશય શાંત મુખની શોભાવાળા, બહુમાન કર્યું છે ગુણના સમૂહનું જેમણે એવા અને હણ્યો છે મોહ જેમણે એવા સાધુ-ઓનું મ્હને શરણ હો. ૩૫

खंडिअसिणेहदामा, अकाम-धामा निकामसुहकामा । सुपुरिस-मणाभिरामा, आयारामा मुणी सरणं ॥ ३६ ॥

તોડયું છે સ્નેહરૂપ બંધન જેમણે, નિર્વિ-

કારી સ્થાનમાં રહેનાર, નિર્વિકાર સુખના કામી, સત્પુરૂષોના મનને આનંદ કરનાર અને આત્મામાં રમનાર મુનિઓનું મ્હને શરણ હો. ૩૬

मिल्हिअविसयकसाया, उज्झिअघरघरणिसंगसुहसाया । अकलिअहरिसविसाया, साहू सरणं गयपमाया ॥ ३७ ॥

દૂર કર્યો છે વિષય અને કષાય તે જેમણે, ત્યાગ કર્યો છે ઘર અને સ્ત્રીના સંગના સુખનો સ્વાદ તે જેમણે, વળી નથી હર્ષ અને નથી શોક તે જેમને એવા, અને ગયો છે પ્રમાદ જેમનો એવા સાધુઓનું મ્હને શરણ હો. ૩૭

हिंसाइदोससुन्ना, कयकारुन्ना सयंभुरुप्पन्ना । अजरामरपहखुन्ना, साहू सरणं सुकयपुन्ना ॥ ३८ ॥

હિંસાદિક દોષે કરીને રહિત, કર્યો છે કરૂ-ણાભાવ તે જેમણે એવા, સ્વયંભૂરમણસમુદ્ર જેવી વિસ્તીર્ણ બુદ્ધિવાળા, જરા અને મરણ રાહત મોક્ષમાર્ગમાં જનારા, અને અતિશય પુન્ય કર્યું છે જેમણે એવા સાધુનું મ્હને શરણ હો. ૩૮

**कामविडंबणचुक्का, कलिमल-मुक्का विमुक्कचोरिक्का । पावरयसुर-यरिक्का, साहुगुणरयणच्चिच्चिक्का ॥३९॥**

કામની વિટંબનાએ કરીને રહિત, પાપે કરીને રહિત, વળી જેમણે ચોરીનો ત્યાગ કર્યો છે એવા, પાપરૂપ રજના કારણ એવા મૈથુનથી રહિત, અને સાધુના ગુણરૂપ રત્નની કાંતિવાળા એવા મુનિઓનું મ્હને શરણ હો. ૩૯

**साहुत्तसुट्ठिआ जं, आयरियाई तओ अ ते साहू । साहुभणिएण गहिआ, तम्हा ते साहुणो सरणं ४०**

જે માટે સાધુપણામાં વિશેષ કરીને રહેલા એવા આચાર્યાદિક છે, તે માટે તેઓ પણ સાધુ કહેવાય. સાધુ કહેવાવડે તેમને ગ્રહણ કર્યા તે માટે તે સાધુનું મ્હને શરણ હો. ૪૦

पडिवन्नसाहूसरणो, सरणं काउं पुणोवि जिणधम्मं । पहरिसरोमंचपवं—चकंचुअंचिअतणू भणइ ॥ ४१ ॥

સ્વીકાર્યું છે સાધુનું શરણ જેણે એવો તે જીવ, વળી પણ જૈનધર્મને શરણ કરવાને અતિહર્ષથી થએલા રોમાંચના વિસ્તારરૂપ બખ્તરે કરી શોભાયમાન શરીરવાળો આ રીતે કહે છે. ૪૧

पवरसुकएहि पत्तं, पत्तेहिवि नवरि केहिवि न पत्तं । तं केवलिपन्नत्तं, धम्मं सरणं पवन्नोहं ॥ ४२ ॥

અતિ ઉત્કૃષ્ટ પુન્યોવડે પામેલો, વળી કેટલાક ભાગ્યવાળા પુરૂષોએ પણ નહિ પામેલો એવો કેવળી ભગવાને પ્રરૂપેલો ધર્મ તેને હું શરણરૂપે અંગીકાર કરૂં છું. ૪૨

**पत्तेण अपत्तेण य, पत्ताणि य जेण नरसुरसुहाइं । मुक्खसुहं पुण पत्तेण, नवरि धम्मो स मे सरणं ४३**

જે ધર્મ પામે છતે વા અણપામે છતે પણ જેણે માણસ અને દેવતાનાં સુખોને મેળવ્યાં, તેમ છતાં પણ મોક્ષ સુખ જે ધર્મવડે મેળવ્યું તે ધર્મનું મ્હારે શરણ હો. ૪૩

**निद्दलिअकलुसकम्मो, कयसुहजम्मो खलीकयअहम्मो । पमुहपरिणामरम्मो, सरणं मे होउ जिणधम्मो ॥ ४४ ॥**

અતિશય દળ્યાં છે મલીન કર્મ જેણે, કર્યો છે શુભ જન્મ જેણે, દૂર કર્યો છે અધર્મ જેણે, આદિમાં અને પરિણામમાં સુંદર એવો જે જૈનધર્મ, ત્હેનું મ્હને શરણ હો. ૪૪

**कालत्तएवि न मयं, जम्मण-जरमरणवाहिसयसमयं । अमयंव बहुमयं जिण—मयं च सरणं पवन्नोहं ॥ ४५ ॥**

ત્રણ કાળમાં પણ નહિ નાશ પામેલો, અને જન્મ, જરા, મરણ અને સેંકડો ગમે તે વ્યાધિને શમાવનાર, અમૃતની પેઠે ઘણાને ઇષ્ટ એવા જિનમતને હું શરણરૂપે અંગીકાર કરૂં છું. ૪૫

**पसमिअकामपमोहं, दिट्ठादिट्ठेसु न कलियविरोहं । सिवसुहफलयममोहं, धम्मं सरणं पवन्नोहं ॥ ४६ ॥**

વિશેષે શમાવ્યો છે કામનો ઉન્માદ જેણે, દેખેલા અને નહિ દેખેલા પદાર્થોમાં નથી કર્યો વિરોધ જેણે, અને મોક્ષના સુખરૂપ ફળને આપનાર એવા અમોઘ એટલે સફળ ધર્મને હું શરણરૂપે અંગીકાર કરૂં છું. ૪૬

**नरयगइगमणरोहं, गुणसंदोहं पवाइनिखोहं । निहणियवम्महजोहं, धम्मं सरणं पवन्नोहं ॥ ४७ ॥**

નરકગતિના ગમનને રોકનાર, ગુણનો સમુહ છે જેમાં એવો, અન્ય વાદિવડે ક્ષોભ કરવા યોગ્ય નહિ એવો, અને હણ્યો છે કામરૂપ સુભટ જેણે એવો જે ધર્મ તે હું શરણરૂપે અંગીકાર કરૂં છું. ૪૭

**भासुरसुवन्नसुंदर—रयणालंकारगार वमहग्घं । निहिमिव दोगच्चहरं, धम्मं जिणदेसिअं वंदे ॥ ४८ ॥**

દેદિપ્યમાન, ઉત્તમ શબ્દેથી સ્તવાયેલો, સુંદર રચનાએ શોભાવાળો, મોટાઈના કારણ-ભુત મહા મૂલ્યવાળો, નિધાનની પેઠે અજ્ઞાન-રૂપ દારિદ્રને હણનાર એવા જિનેશ્વરોએ ઉપદે-શેલા ધર્મને હું વંદન કરૂં છું ૪૮

चउसरणगमणसंचिअ—सुचरि-
अरोमंचअंचिअसरीरो । कयदुक्कड-
गारिहाअसुह—कम्मखयकंखिरो भणइ
॥ ४९ ॥

આ ચાર શરણ અંગીકાર કરવાવડે એકઠું કરેલું જે સુકૃત તેણે કરી થએલી વિક-સ્વર રોમરાજી સુકત છે શરીર જેનું એવો, અને કરેલા પાપની નિંદાએ કરીને અશુભ કર્મના ક્ષયને ઇચ્છતો એવો જીવ આ પ્રમાણે કહે છે. ૪૯

---

१ हकम्मखय.

इहभविअमन्नभविअं, मिच्छत्तपवत्तणं जमहिगरणं । जिणपवयणपडिकुट्ठं, दुट्ठं गरिहामि तं पावं ॥ ५० ॥

આ ભવમાં કરેલું અને પરભવમાં કરેલું મિથ્યાત્વના પ્રવર્ત્તનરૂપ જે અધિકરણ, જૈનશાસનમાં નિષેધેલું એવું તે દુષ્ટ પાપ તેને હું ગર્હું છું, એટલે ગુરૂની સાક્ષીએ નિંદુ છું.

मिच्छत्ततमंधेणं, अरिहंताइसु अवन्नवयणं जं । अन्नाणेण विरइअं, इन्हि गरिहामि तं पावं ॥५१॥

મિથ્યાત્વરૂપ અંધારાએ-અંધ થએલાએ અરિહંતાદિકમાં જે અવર્ણવાદ અજ્ઞાને કરીને વિશેષ કર્યો હોય તે પાપને હમણાં હું નિંદુ છું. ૫૧

सुअधम्मसंघसाहुसु, पावं पडि-
णीअयाइ जं रइअं । अन्नेसु अ
पावेसुं, इन्हिं गरिहामि तं पावं ॥५२॥

શુદ્ધધર્મ, સંઘ અને સાધુઓમાં શત્રુ પણાએ જે પાપ કર્યું હોય તે, અને અન્ય પાપસ્થાનકોમાં જે પાપ લાગ્યું હોય તેને હમણાં હું ગહુઁ છું ૫૨

अन्नेसु अ जीवेसुं, मित्तीकरु-
णाइगोअरेसु कयं । परिआवणाइ
दुखं, इन्हिं गरिहामि तं पावं ॥५३॥

બીજા પણ મૈત્રી–કરૂણાદિકના વિષય, એવા જીવોમાં પરિતાપનાદિક દુઃખ ઉપજાવ્યું હોય તે પાપને હું હમણાં નિંદું છું. ૫૩

जं मणवयकाएहिं, कयकारिअ-

अणुमईहिं आयरिअं । धम्मविरुद्धमसुद्धं, सव्वं गरिहामि तं पावं ॥ ५४ ॥

જે મન, વચન, અને કાયાએ કરી કરવા, કરાવવા અને અનુમોદવા વડે આચરેલા એવા ધર્મથી વિરૂદ્ધ અને અશુદ્ધ એવું સર્વ પાપ તેને હું નિંદું છું ૫૪

अह सो दुक्कडगरिहा–दलिउक्कडदुक्कडो फुडं भणइ । सुकडाणुरायसमुइन्न––––पुन्नपुलयंकुरकरालो ॥ ५५ ॥

હવે દુષ્કૃતની નિંદાથી દળ્યું છે ઉત્કૃષ્ટ પાપકર્મ તે જેણે એવો અને સુકૃતનો જે રાગ તેથી થયેલી પવિત્ર વિકસ્વર રોમરાજીએ સહિત એવો તે જીવ પ્રગટ નીચે પ્રમાણે કહે છે. ૫૫

अरिहंतं अरिहंतेसु, जं च सिद्ध-
त्तणं च सिद्धेसु। आयारं आयरिए,
उवज्झायत्तं उवज्झाए ॥ ५६ ॥

અરિહંતોને વિષે અરિહંતપણું અને સિદ્ધોને વિષે વળી જે સિદ્ધપણું, આચાર્યમાં જે આચાર અને ઉપાધ્યાયમાં ઉપાધ્યાયપણું ૫૬

साहूण साहुचरिअं, देसविरइं च
सावयजणाणं । अणुमन्ने सव्वेसिं,
सम्मत्तं सम्मदिट्ठीणं ॥ ५७ ॥

સાધુઓનું જે ઉત્તમ ચારિત્ર, અને શ્રાવક લોકોનું દેશવિરતિપણું, અને સમક્તિદૃષ્ટિનું સમકિત એ સર્વને હું અનુમોદું છું. ૫૭

---

१ अरिहतं ? २ एसु उज्जायत्तं, सुज्झायत्तं

अहवा सव्वं चिय वीअ-राय-
वयणाणुसारि जं सुकडं । कालत्त-
एवि तिविहं, अणुमोएमो तयं
सव्वं ॥ ५८ ॥

અથવા વીતરાગ વચનને અનુસારે જે સર્વ સુકૃત ત્રણે કાળમાં કર્યું હોય તે ત્રણે પ્રકારે (મન, વચન, અને કાયાએ કરી) અનુમોદીએ છીએ. ૫૮

सुहपरिणामो निच्चं, चउसरण-
गमाइ आयरं जीवो । कुसलपयडीउ
बंधइ, बद्धाउ सुहाणुबंधाउ ॥ ५९ ॥

નિરંતર શુભ પરિણામવાળો જીવ ચાર શરણની પ્રાપ્તિ આદિને આચરતો પુન્ય પ્રકૃતિઓને બાંધે છે, અને (અશુભ) બાંધેલીને શુભ અનુબંધવાળી કરે છે. ૫૯

मंदणुभावा बद्धा, तिव्वणुभा-
वाउ कुणइ ता चेव । असुहाउ निर-
णुबंधाउ, कुणइ तिव्वाउ मंदाओ
॥ ६० ॥

જે (શુભ) મંદ રસવાળી બાંધી હોય તેને તીવ્ર રસવાળી કરે છે, અને અશુભ (મંદ રસવાળી) ને અનુબંધ રહિત કરે છે, અને તીવ્ર રસવાળી (જે અશુભ) તેને મંદ રસ-વાળી કરે છે. ૬૦

ता एयं कायव्वं, बुहेहि निच्चंपि
संकिलेसंमि । होइ तिकालं सम्मं,
असंकिलेसंमि सुकयफलं ॥ ६१ ॥

તે માટે પંડિતોએ હંમેશાં સંક્લેશમાં (રોગાદિ કારણમાં) એ કરવું, અસંક્લેશપણામાં

ત્રણ કાળ રૂડી પેરે કર્યું છતુ સુકૃત ફળ (પુન્યાનુબંધિ પુન્ય) વાળું થાય છે,

**चउरंगो जिणधम्मो, न कओ चउरंगसरणमवि न कयं । चउरंगभवच्छेओ,[1] न कओ हा हारिओ जम्मो ॥ ६२ ॥**

જેણે (દાન શિયળ, તપ, અને ભાવરૂપ) ચાર અંગવાળો શ્રીજૈનધર્મ ન કર્યો, જેણે (અરિહંતાદિ) ચાર પ્રકારનું શરણુ ન કર્યું, તેમજ જેણે ચાર ગતિરૂપ સંસારનો છેદ ન કર્યો, તે ખરે! મનુષ્યજન્મ હારીગયો. ૬૨

**इय जीवपमायमहारि, वीरभदंतमेयमज्झयणं । झाएसु तिसंझ-**

---

१ भवुच्छेओ.

मवंझकारणं निव्वुइसुहाणं ॥ ६३ ॥

આ રીતે હે જીવ ! પ્રમાદરૂપ મ્હોટા શત્રુને જિતનાર, મોક્ષ પમાડનાર, અને મોક્ષના સુખોનું અવંધ્ય કારણભૂત એવા આ અધ્યયનનું ત્રણ સંધ્યાએ ધ્યાન કર.

## શ્રી ચઉસરણ પયન્ના સમાપ્ત.

# આઉરપચ્ચખ્ખાણ પયન્ના
## ( અર્થ સાથે )

---

(ત્રણ આયંબીલ કર્યા પછી આ સૂત્ર વાંચવું)

**देसिक्कदेसविरओ, सम्मद्दिट्ठी मरिज्ज जो जीवो। तं होइ बालपंडिय —मरणं जिणसासणे भणियं ॥ १ ॥**

છ કાયાની હિંસામાંથી દેશ જે ત્રસહિંસા તેનો એક દેશ જે મારવાની બુદ્ધિએ નિરપરાધી જીવની નિરપેક્ષપણે હિંસા, તેથી તથા જૂઠું બોલવાદિકથી નિવૃતિ પામ્યો છતો, જે સમકિતદ્રષ્ટિ જીવ મરે તે મરણને જૈનશાસનને વિષે પાંચ મરણમાંનું બાળપંડિત મરણ કહેલું છે. ૧

पंच य अणुव्वयाइं, सत्त उ सिखाउ देसजइधम्मो। सव्वेण व देसेण व, तेण जुओ होइ देसजई।२।

જૈનશાસનમાં સર્વવિરતિ અને દેશવિરતિ એ બે પ્રકારનો ધર્મ કહ્યો છે, તેમાં સર્વવિરતિને પાંચ મહાવ્રત કહ્યાં છે, અને દેશવિરતિને પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતો, મળી શ્રાવકનાં બાર વ્રત કહ્યાં છે. તે (શ્રાવકના) સર્વ વ્રતોએ અથવા એક બે આદિ વ્રતરૂપ તેના દેશે કરીને જીવ દેશવિરતિ હોય. ૨

पाणवहमुसावाए, अदत्तपरदारानियमणेहिं च। अपरिमिइच्छाओवि य, अणुव्वयाइं विरमणाइं।३।

પ્રાણીનો વધ, જૂઠું બોલવું, અદત્તાદાન (ચોરી) અને પરસ્ત્રીનો નિયમ કરવાવડે કરીને

તેમજ વળી પરિમાણરહિત ઇચ્છા થકી નિયમ કરવાવડે પાંચ અણુવ્રતો (નિયમો થાય છે. ૩

जं च दिसावेरमणं, अणत्थदं-
डाओ जं च वेरमणं । देसावगासियं-
पि य, गुणव्वयाइं भवे ताइं ॥ ४ ॥

દિગ્‌વિરમણવ્રત, અનર્થદંડ થકી જે નિવર્તવું તે અનર્થદંડ વિરમણ, અને દેશાવગાસિક તે ત્રણ ગુણવ્રતો કહેવાય છે. ૪

भोगाणं परिसंखा, सामाइय
अतिहिसंविभागो य । पोसहविही उ
सव्वो, चउरो सिखाउ वुत्ताओ ॥५॥

ભોગોપભોગનું પરિમાણ, સામાયિક, અતિથિસંવિભાગ અને પૌષધવિધિ એ ચાર શિક્ષાવ્રત કહેલાં છે. ૫

आसुक्कारे मरणे, अच्छिन्नाए य जीवियासाए। नाएहि वा अमुक्को, पच्छिमसंलेहणमकिच्चा ॥ ६ ॥

आलोइय निस्सल्लो, सघरे चेवा-रुहित्तु संथारं । जइ मरइ देसविरओ, तं वुत्तं बालपंडिअयं ॥ ७ ॥

ઉતાવળું મરણ થયે છતે, અને જીવિતવ્યની આશા નહિ તુટે છતે, અથવા સ્વજનોએ સંલેખના કરવાની રજા નહિ આપે છતે છેવટની સંલેખના કર્યા વિના, શલ્ય રહિત છતો પાપ આલોવીને અને પોતાના ઘરને વિષે નિશ્ચે સંથારા ઉપર ચઢીને જો દેશવિરતિ છતો મરણ પામે તો તે બાળપંડિત મરણ કહેવાય. ૬–૭

जो भत्तपरिन्नाए, उवक्कमो वि-

त्थरेण निद्दिट्ठो । सो चेव बालपं-
डिय–मरणे नेओ जहाजुग्गं ॥ ८ ॥

જે વિધિ ભક્તિપરિજ્ઞા નામના પયન્નામાં વિસ્તારથી બતાવેલો છે, તે નક્કી બાળપંડિત મરણને વિષે યથાયોગ્ય જાણવો. ૮

वेमाणिएसु कप्पो–वगेसु नियमेण तस्स उववाओ । नियमा सिज्झइ उक्को–सएण सो सत्तमंमि भवे ९

વૈમાનિક દેવલોકના બાર દેવલોકને વિષે નિશ્ચય કરીને તેની ઉત્પત્તિ થાય છે, અને તે ઉત્કૃષ્ટથી નિશ્ચે કરી સાતમા ભવને વિષે સિદ્ધ થાય છે. ૯

इय बालपंडियं होइ, मरणमरिहंतसासणे दिट्ठं । इत्तो पंडियपंडिय-

मरणं वुच्छं समासेणं ॥ १० ॥

જૈનશાસનને વિષે આ પ્રમાણે બાળપંડિત મરણ કહેલું છે, હવે હે પંડિત! પંડિતમરણ કોને કહેવું તે સંક્ષેપે કરીને કહું છું. ૧૦

इच्छामि भंते उत्तमट्ठं पडिक्कमामि । अइयं पडिक्कमामि । अणागयं पडिक्कमामि । पच्चुप्पन्नं पडिक्कमामि । कयं पडिक्कमामि । कारियं पडिक्कमामि । अणुमोइयं पडिक्कमामि। मिच्छत्तं पडिक्कमामि। असंजमं पडिक्कमामि । कसायं पडिक्कमामि। पावपओगं पडिक्कमामि। मिच्छादंसणपरिणामेसु वा । इह

लोगेसु वा । परलोगेसु वा । सच्चित्तेसु वा । अच्चित्तेसु वा । पंचसु इंदियत्थेसु वा । अन्नाणंझाणे ॥१॥ अणायारंझाणे ॥ २ ॥ कुदंसणंझाणे ॥ ३ ॥ कोहंझाणे ॥ ४ ॥ माणंझाणे ॥ ५ ॥ मायंझाणे ॥ ६ ॥ लोहंझाणे ॥ ७ ॥ रागंझाणे ॥ ८ ॥ दोसंझाणे ॥ ९ ॥ मोहंझाणे ॥ १० ॥ इच्छंझाणे ॥ ११ ॥ मिच्छंझाणे ॥ १२ ॥ मुच्छंझाणे ॥१३॥ संकंझाणे॥ १४ ॥ कंखं झाणे ॥ १५ ॥ गेहिंझाणे ॥१६॥ आसंझाणे ॥ १७ ॥ तन्हंझाणे॥१८॥ छुहंझाणे ॥ १९ ॥ पंथंझाणे ॥ २० ॥

पंथाणंझाणे ॥ २१ ॥ निद्दंझाणे ॥
२२ ॥ नियाणंझाणे ॥ २३ ॥ नेहं-
झाणे ॥ २४ ॥ कामंझाणे ॥ २५ ॥
कलुसंझाणे ॥ २६ ॥ कलहंझाणे
॥ २७ ॥ जुज्झंझाणे ॥ २८ ॥ नि-
जुज्झंझाणे ॥ २९ ॥ संगंझाणे ॥
३० ॥ संगहंझाणे ॥ ३१ ॥ ववहा-
रंझाणे ॥ ३२ ॥ कयविक्कयंझाणे ॥
३३ ॥ अणत्थदंडंझाणे ॥ ३४ ॥
आभोगंझाणे ॥ ३५ ॥ आणाभो-
गंझाणे ॥ ३६ ॥ आणाइल्लंझाणे
॥ ३७ ॥ वेरंझाणे ॥ ३८ ॥ विय-
क्कंझाणे ॥ ३९ ॥ हिंसंझाणे ॥

४० ॥ हासंझाणे ॥ ४१ ॥ पहासं-
झाणे ॥ ४२ ॥ पओसंझाणे ॥ ४३
॥ फरुसंझाणे ॥ ४४ ॥ भयंझाणे
॥ ४५ ॥ रूवंझाणे ॥ ४६ ॥ अ-
प्पपसंसंझाणे ॥ ४७ ॥ परनिंदं-
झाणे ॥ ४८ ॥ परगरिहंझाणे ॥
४९ ॥ परिग्गहंझाणे ॥ ५० ॥ पर-
परिवायंझाणे ॥ ५१ ॥ परदूसणं
झाणे ॥ ५२ ॥ आरंभंझाणे ॥ ५३ ॥
संरंभंझाणे ॥ ५४ ॥ पावाणुमोय-
णंझाणे ॥ ५५ ॥ अहिगरणंझाणे
॥ ५६ ॥ असमाहिमरणंझाणे ॥
५७ ॥ कम्मोदयपच्चयंझाणे ॥ ५८ ॥

इड्ढिगारवंझाणे ॥ ५९ ॥ रसगारवं-झाणे ॥ ६० ॥ सायागारवंझाणे ॥ ६१ ॥ अवेरमणंझाणे ॥ ६२ ॥ अमुत्तिमरणंझाणे ॥ ६३ ॥

હે ભગવંત ! અનશન માટે સામાન્યપણે પાપવ્યાપાર પડિક્કમું છું, ગઈ વખતનાને પડિક્કમું છું, ભવિષ્યમાં થવાનાને પડિક્કમું છું-વર્તમાનકાળના પાપને હું પડિક્કમું છું, કરેલા પાપને પડિક્કમું છું, કરાવેલા પાપને પડિક્કમું છું, અનુમોદેલા પાપને પડિક્કમું છું, મિથ્યાત્વને પડિક્કમું છું, અવિરતિને પડિક્કમું છું, કષાયને પડિક્કમું છું, પાપવ્યાપારને પડિક્કમુંછું, મિથ્યાદર્શન પરિણામને વિષે, આ લોકને વિષે, પરલોકને વિષે, સચિત્તને વિષે; અચિત્તને વિષે, પાંચ ઈંદ્રિયોના વિષયને વિષે, અજ્ઞાન સારૂં એમ ચિંતવે છતે, ખોટો આચાર ચિંતવે છતે,

ઔદ્ધાદિક દર્શન સારૂં એમ ચિંતવે છતે, ક્રોધ
વશ થઈ ચિંતવે છતે, માનવશ થઇ ચિંતવે
છતે, માયાવશ થઈ ચિંતવે છતે, લોભવશ થઈ
ચિંતવે છતે, રાગને વશ થઈ ચિંતવે છતે,
દ્વેષને વશ થઈ ચિંતવે છતે, અજ્ઞાનને વશ
થઈ ચિંતવે છતે. પુદ્ગલ પદાર્થ અને યશ
આદિકની ઇચ્છાને વશ થઇ ચિંતવે છતે,
મિથ્યાદૃષ્ટિપણે ચિંતવે છતે, મુર્ચ્છાવશ થઇ
ચિંતવે છતે, સંશયથકી ચિંતવે છતે, અન્ય
મતની વાંચ્છાએ કરી ચિંતવે છતે, ઘર વિષે
ચિંતવે છતે, બીજાની વસ્તુ પામવાની વાંછા
થકી ચિંતવે છતે, તરસ લાગવાથી ચિંતવે છતે
ભુખ લાગવાથી ચિંતવે છતે, સામાન્ય માર્ગમાં
ચાલવા છતાં ચિંતવે છતે, વિષમ માર્ગમાં
ચાલવા છતાં ચિંતવે છતે, નિદ્રામાં ચિંતવે
છતે, નિયાણું ચિંતવે છતે, સ્નેહવશે ચિંતવે
છતે, વિકારના વશે ચિંતવે છતે, ચિત્તના
ડોહોલાણથકી ચિંતવે છતે, કલેશ કરાવવા

ચિંતવે છતે, સામાન્ય યુદ્ધને વિષે ચિંતવે છતે, મહાયુદ્ધને વિષે ચિંતવે છતે, સંગ ચિંતવે છતે, સંગ્રહ ચિંતવે છતે, રાજસભામાં ન્યાય કરાવવા ચિંતવે છતે, ખરીદ કરવા વેચવા માટે ચિંતવે છતે, અનર્થદંડ ચિંતવે છતે, ઉપયોગ સહિત ચિંતવે છતે, અનુપયોગે ચિંતવે છતે, માથે દેવું હોય તેના વશ ચિંતવે છતે, વૈર ચિંતવે છતે, તર્કવિતર્ક ચિંતવે છતે, હિંસા ચિંતવે છતે, હાસ્યના વશ થઇ ચિંતવે છતે, અતિહાસ્યના વશ થઇ ચિંતવે છતે, અતિ રોષે કરી ચિંતવે છતે, કઠોર પાપકર્મ ચિંતવે છતે, ભય ચિંતવે છતે, રૂપ ચિંતવે છતે, પોતાની પ્રશંસા ચિંતવે છતે, બીજાની નિંદા કરતાં ચિંતવે છતે, બીજાની ગર્હા કરતાં ચિંતવે છતે, ધનાદિક પરિગ્રહ મેળવવાને ચિંતવે છતે, બીજાને કલેશ આપવાનું ચિંતવે છતે, બીજાને માથે પોતાનું દૂષણ ચઢાવવા ચિંતવે છતે આરંભ ચિંતવે છતે, વિષયના તીવ્ર અભિલાષથી

ચિંતવે છતે, પાપકાર્યના અનુમોદવા રૂપ ચિંતવે છતે, જીવહિંસાના સાધનોને મેળવવાનું ચિંતવે છતે, અસમાધિએ મરવું એમ ચિંતવે છતે, ગાઢકર્મના ઉદય થકી ચિંતવે છતે, ઋદ્ધિના અભિમાને કરી ચિંતવે છતે, સારા ભોજનના અભિમાને કરી ચિંતવે છતે, સુખના અભિમાને કરી ચિંતવે છતે, અવિરતિ સારી એમ ચિંતવે છતે, સંસારસુખના અભિલાષ સહિત મરણ કરતાં ચિંતવે છતે–

**पसुत्तस्स वा। पडिबुद्धस्स वा। जो मे कोइ देवसिओ राइओ उत्तमट्ठे अइक्कमो वइक्कमो अइयारो अणायारो तस्स मिच्छामि दुक्कडं**

દિવસ સંબંધી અથવા રાત્રિ સંબંધી સુતાં છતાં અથવા જાગતાં છતાં કોઇપણ અતિક્રમ વ્યતિક્રમ, અતિચાર, અનાચાર લાગ્યો હોય તેનો મ્હને મિચ્છામિ દુક્કડં હો.

॥ एस करेमि पणामं, जिणवर-
वसहस्स वद्धमाणस्स । सेसाणं च
जिणाणं, सगणहराणं च सव्वेसिं ११

જિનેશ્વરોને વિષે વૃષભ સમાન એવા વર્દ્ધ-
માન સ્વામીને, વળી ગણધરો સહિત બાકીના
સર્વે તીર્થંકરોને હું નમસ્કાર કરૂં છું. ૧૧

सव्वं पाणारंभं, पच्चखामित्ति
अलियवयणं च । सव्वमदिन्नादा-
णं, मेहुन्न परिग्गहं चेव ॥ १२ ॥

આ પ્રકારે સર્વ પ્રાણીઓના આરંભને,
અલીક (અસત્ય) વચનને, સર્વ અદત્તાદાન
( ચોરીને), મૈથુન અને પરિગ્રહને હું પચ્ચખ્ખું
છું. ૧૨

सम्मं मे सव्वभूएसु, वेरं मज्झ

न केणइ । आसाओ वोसिरित्ताणं, समाहिमणुपालए ॥ १३ ॥

મ્હારે સર્વે પ્રાણીઓ વિષે મિત્રપણું છે. કોઈની સાથે મ્હારે વૈર નથી, સર્વે વાંછાઓને ત્યાગી દઈને હું હવે સમાધિ રાખું છું. ૧૩

सव्वं चाहारविहिं, सन्नाओ गारवे कसाए य । सव्वं चेव ममत्तं, चएमि सव्वं खमावेमि ॥ १४ ॥

સર્વ પ્રકારના આહારનો, સંજ્ઞાઓનો, ગારવોનો, અને સર્વ કષાયનો તેમજ સર્વ મમતાનો હું ત્યાગ કરૂં છું; સર્વને હું ખમાવું છું. ૧૪

हुज्जा इमंमि समए, उवक्कमो जीविअस्स जइ मज्झं । एयं पच्चक्खाणं, विउला आराहणा होउ ॥ १५ ॥

જો મ્હારા જીવિતવ્યનો ઉપક્રમ (આયુષ્યનો નાશ) આ અવસરમાં હોય તો આ પચ્ચખ્ખાણ અને વિસ્તારવાળી આરાધના થાઓ. ૧૫

**सव्वदुक्खपहीणाणं, सिद्धाणं अरहओ नमो। सद्दहे जिणपन्नत्तं, पच्चखामि य पावगं ॥ १६ ॥**

સર્વ દુઃખ ક્ષય થયાં છે જેમનાં એવા સિદ્ધોને, અરિહંતને નમસ્કાર હો, જિનેશ્વરોએ કહેલું તત્ત્વ હું સદ્દહું છું અને પાપકર્મને પચ્ચખ્ખું છું, ૧૬

**नमुत्थु धुअपावाणं, सिद्धाणं च महेसिणं। संथारं पडिवज्जामि, जहा केवलिदेसियं ॥ १७ ॥**

જેમનાં પાપ ક્ષય થયાં છે એવા સિદ્ધોને તથા મહાઋષીઓને નમસ્કાર હો. જેવો કેવ-

બીએ બતાવ્યો છે તેવો સંથારો હું અંગીકાર કરૂં છું. ૧૭

**जं किंचिवि दुच्चरियं, तं सव्वं वोसिरामि तिविहेणं। सामाइयं च तिविहं, करेमि सव्वं निरागारं ॥१८॥**

જે કંઈપણ ખોટું આચર્યું હોય તે સર્વને મન, વચન, કાયાએ કરીને હું વોસિરાવું છું. વળી સર્વ આગારરહિત (જ્ઞાન, શ્રદ્ધા અને ક્રિયારૂપ) ત્રણ પ્રકારનું સામાયિક કરૂં છું. ૧૮

**वज्झं अब्भितरं उवहिं, सरीराइ सभोयणं। मणसा वयकाएहिं, सव्वं भावेण वोसिरे ॥ १९ ॥**

બાહ્ય-અભ્યંતર, ઉપાધિ, શરીરાદિ ભોજન સહિતને, મન, વચન, કાયાએ કરીને ભાવ થકી વોસિરાવું છું. ૧૯

सव्वं पाणारंभं, पचखामित्ति
अलियवयणं च । सव्वमदिन्नादाणं,
मेहुन्न परिग्गहं चेव ॥ २० ॥

આ પ્રમાણે સર્વે પ્રાણીઓના આરંભને, અલિક, (અસત્ય) વચનને, સર્વ અદત્તાદાન (ચોરી) ને, મૈથુન અને પરિગ્રહને પચ્ચખ્ખું છું. ૨૦

सम्मं मे सव्वभूएसु, वेरं मज्झ
न केणइ । आसाओ वोसिरित्ताणं,
समाहिमणुपालए ॥ २१ ॥

મ્હારે સર્વે પ્રાણીઓ વિષે મિત્રપણું છે, કોઈની સાથે મ્હારે વૈર નથી, સર્વે વાંચ્છાઓને ત્યાગી દઈને હું સમાધિ રાખું છું. ૨૧

रागं बंधं पओसं च, हरिसं

दीणभावयं । उस्सुगत्तं भयं सोगं,
रइं अरइं च वोसिरे ॥ २२ ॥

(આત્માને) બંધનના કારણભૂત એવા રાગ તથા દ્વેષને, હર્ષને, રાંકપણાને, ચપળપણાને, ભયને, શોકને, રતિને તથા અરતિને, વોસિરાવું છું. ૨૨

ममत्तं परिवज्जामि, निम्ममत्तं
उवट्ठिओ । आलंवणं च मे आया,
अवसेसं च वोसिरे ॥ २३ ॥

મમતારહિતપણામાં તત્પર થયો છતો મમતાનો ત્યાગ કરૂં છું; વળી મ્હને આત્મા અવલંબનભૂત છે; બીજા સર્વે પદાર્થોને વોસિરાવું છું. ૨૩

आया हु महं नाणे, आया मे
दंसणे चरित्ते य । आया पच्चखाणे,

आया मे संजमे जोगे ॥ २४ ॥

નિશ્ચે મ્હને જ્ઞાનમાં આત્મા, દર્શનમાં આત્મા, ચારિત્રમાં આત્મા, પચ્ચખ્ખાણમાં આત્મા, અને સંજમજોગમાં મ્હને આત્મા અવલંબનરૂપ થાઓ. ૨૪

एगो वच्चइ जीवो, एगो चेवुववज्जए। एगस्स चेव मरणं, एगो सिज्झइ नीरओ ॥ २५ ॥

જીવ એકલો જાય છે, નક્કી એકલોજ ઉપજે છે, મરણ પણ એકલોજ પામે છે, અને સકળ કર્મમળ દૂર કરીને સિદ્ધ પણ એકલોજ થાય છે. ૨૫

एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ । सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥ २६ ॥

જ્ઞાન, દર્શન સહિત મ્હારો આત્મા એક શાશ્વતો છે, બાકીના મ્હારે સર્વે બાહ્ય પદાર્થો સંબંધ માત્ર સ્વરૂપવાળા છે, ૨૬

**संजोगमूला जीवेण, पत्तादुख-परंपरा । तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरे ॥ २७ ॥**

સંબંધ છે મૂળ તે જેનું એવી દુઃખની પરંપરા આ જીવે મેળવી, તે માટે સર્વે સંજોગ સંબંધને મન, વચન ને કાયાએ કરીને વોસિરાવું છું. ૨૭

**मूलगुणे उत्तरगुणे, जे मे नारा-हिया पयतेणं[2] । तमहं सव्वं निंदे, पडिक्कमे आगमिस्साणं ॥ २८ ॥**

---

१ भावेण. २ पमाएणं.

પ્રયત્નવડે જે મૂળગુણો અને ઉત્તરગુણો મ્હેં ન આરાધ્યા, તે સર્વેને હું નિંદું છું, અને આવતા કાળની વિરાધનાને પડિક્કમું છું. ૨૮

**सत्त भए अट्ठ मए, सन्ना चत्तारि गारवे तिन्नि । आसायण तित्तीसं, रागं दोसं च गरिहामि ॥ ३९ ॥**

સાત ભય, આઠ મદ, ચાર સંજ્ઞા, ત્રણ ગારવ, તેત્રીશ ગુરૂ આશાતના, રાગ અને દ્વેષ ને હું ગર્હું છું. ૨૯

**असंजममन्नाणं, मिच्छत्तं सव्व-मेव य ममत्तं । जीवेसु अजीवेसु अ, तं निंदे तं च गरिहामि ॥ ३० ॥**

જીવ અને અજીવમાં અવિરતિને, અજ્ઞાનને, મિથ્યાત્વને અને વળી સર્વ મમતાને નિંદું છું. અને ગર્હુ છું. ૩૦

निंदामि निंदणिज्जं, गरिहामि
अ जं च मे गरहणिज्जं । आलोएमि
अ सव्वं, अब्भिंतरबाहिरं उवहिं ३१

નિંદવા યોગ્ય કાર્યને હું નિંદું છું, અને જે મ્હને ગર્હવા યોગ્ય કાર્ય છે તે ગર્હું છું. સર્વે અભ્યંતર અને બાહ્ય ઉપધિ (માયા) ને હું આલોવું છું. ૩૧

जह बालो जंपंतो, कज्जमकज्जं
च उज्जुअं भणइ । तं तह आलो-
इज्जा, मायामय[1]विप्पमुक्को य ॥३२॥

જેમ બાળક બોલતો છતો કાર્ય અને અકાર્યને સરળપણે કહે છે, તેમ તે પાપને માયા મૃષાવાદ મૂકીને તેવી રીતે સરળભાવથી આલોવે. ૩૨

---

१ मायामोसं पमुत्तूणं.

नाणंमि दंसणंमि य, तवे चरित्ते य चउसुवि अकंपो। धीरो आगम-कुसलो, अपरिस्सावी रहस्साणं ३३

જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્ર એ ચારેમાં અચલાયમાન, ધીર, આગમમાં કુશળ, આપણે કહેલા ગુપ્ત પાપો બીજાને નહિ કહેનાર એવા ગુરૂ પાસે આલોયણ લેવી જોઇએ. ૩૩

रागेण व दोसेण व, जं मे अकयन्नुआ पमाएणं। जो मे किंचिवि भणिओ, तमहं तिवि-हेण खामेमि ॥ ३४ ॥

રાગ અને દ્વેષે કરી, અથવા અકૃતજ્ઞપણાએ અને પ્રમોદે કરી તમારૂં જે અહિત બીજાને મ્હેં કંઈક કહ્યું હોય તે હું મન, વચન, કાયાએ કરી ખમાવું છું. ૩૪

तिविहं भणंति मरणं, बालाणं बालपंडियाणं च । तइयं पंडियमरणं, जं केवलिणो अणुमरंति[1] ॥ ३५॥

મરણ ત્રણ પ્રકારનાં હોય છે. બાળમરણ, બાળપંડિત મરણ અને ત્રીજું પંડિત મરણ કે જે કેવળી ભગવાનોજ પામે છે. ૩૫

जे पुण अट्ठमईया, पयलियसन्ना य वक्कभावा य । असमाहिणा मरंति, न हु ते आराहगा भणिया ॥ ३६ ॥

વળી જે આઠ મદવાળા છે તે, તથા નાશ પામી છે બુદ્ધિ જેમની એવા અને વક્રપણાને ધારણ કરનારા છે તે, તથા અસમાધિથી મરે છે, તેમને નિશ્ચે આરાધક કહ્યા નથી. ૩૬

---

१ अणुसरन्ति.

मरणे विराहिए देव–दुग्गई दुल्लहा य किर बोही । संसारो य अणंतो, हवइ पुणो आगमिस्साणं ॥ ३७ ॥

મરણ વિરાધે છતે દેવતામાં દુર્ગતિ થાય, તેમજ સમ્યકત્વ પામવું દુર્લભ થઇ પડે, અને વળી આવતા કાળમાં તેનો અનંત સંસાર થાય. ૩૭

का देवदुग्गई? का अबोहि ? केणेव वुज्झइ मरणं ?। केण अणंतं पारं, संसारं हिंडई ? जीवो ॥ ३८ ॥

દેવની દુર્ગતિ કઈ? અબોધિ શું ? શા હેતુએ વારંવાર મરણ થાય ? કયા કારણથી સંસારમાં જીવ અનંતકાળ પર્યન્ત ભમે ? ૩૮

कंदप्पदेवकिव्विस—अभिओगा
आसुरी य संमोहा। ता देवदुग्ग-
ईओ, मरणंमि विराहिए हुंति ॥३९॥

મરણ વિરાધે છતે કંદર્પદેવ, કિલવિષ્યાદેવ (ઢેઢ દેવ) ચાકરદેવ, દાસદેવ અને સંમોહદેવ એ પાંચ દુર્ગતિઓ થાય છે. ૩૯

मिच्छादंसणरत्ता, सनियाणा
किन्हलेसमोगाढा। इह जे मरंति
जीवा, तेसिं दुलहा भवे बोही॥४०॥

આ સંસારમાં મિથ્યાદર્શનમાં રક્ત, નિયાણા સહિત, કૃષ્ણલેશ્યાવાળા જે જીવો મરણ પામે, તેઓને બોધિબીજ (સમકિત) દુર્લભ થાય છે. ૪૦

सम्मद्दंसणरत्ता, अनियाणा सु-

कलसमोगाढा । इह जे मरंति जीवा, तेसिं सुलहा भवे बोही ॥४१॥

આ સંસારમાં સમ્યક્ દર્શનમાં રક્ત, નિયાણા રહિત, શુક્લ લેશ્યાવાળા જે જીવ મરણ પામે છે તે જીવોને બોધિબીજ (સમકિત) સુલભ થાય છે. ૪૧

जे पुण गुरुपडिणीया, बहुमोहा ससबला कुसीला य। असमाहिणा मरंति, ते हुंति अणंतसंसारी ॥४२॥

જેઓ વળી ગુરૂના શત્રુભૂત, ઘણા મોહવાળા, દૂષણ સહિત, કુશીલ અને અસમાધિથી મરણ પામે છે, તેઓ અનંત સંસારી થાય છે.૪૨

जिणवयणे अणुरत्ता, गुरुवयणं जे करंति भावेणं। असबलअसं-

किलिट्ठा, ते हुंति परित्तसंसारी ॥४३॥

જૈનવચનમાં રાગવાળા, ગુરૂનું વચન ભાવે કરીને જેઓ કરે છે, દૂષણ રહિત, અને સંકલેશ રહિત હોય છે, તેઓ થોડા સંસારવાળા થાય છે. ૪૩

बालमरणाणि बहुसो, बहुआणि अकामगाणि मरणाणि । मरिहंति ते वराया, जे जिणवयणं न याणंति ॥ ४४ ॥

જે જૈનવચનને નથી જાણતા તે બિચારા વારંવાર બાળમરણો અને ઘણીવાર ઇચ્છા રહિતપણે (અકામ) મરણો પામશે. ૪૪

सत्थग्गहणं विसभखणं च, जलणं च जलपवेसो अ। अणयारभंड

सेवी, जम्मणमरणाणुबंधीणि ॥४५॥

શસ્ત્રગ્રહણ, વિષભક્ષણ, બળી મરવું, પાણીમાં બુડી મરવું, અનાચાર તથા અધિક ઉપગરણ સેવનાર, એ સર્વે જન્મ-મરણની, પરંપરા વધારનાર છે. ૪૫

उड्ढमहे तिरियंमिवि, मयाणि जीवेण बालमरणाणि । दंसण-नाणसहगओ, पंडियमरणं अणुम-रिस्सं ॥ ४६ ॥

ઉંચા, નીચા અને તિરછી લોકમાં જીવે બાળમરણો કર્યા. હું દર્શનજ્ઞાને સહિત થકો પંડિતમરણે મરીશ. ૪૬

उव्वेयणयं जाईमरणं नरएसु वेअणाओ य । एआणि संभरंतो, पंडियमरणं मरसुइन्हि ॥ ४७ ॥

ઉદ્વેગ કરનાર જન્મ અને મરણ તથા નરકને વિષે જે થયેલી વેદનાઓને સંભારતો છતો હમણાં પંડિત મરણે મર. ૪૭

जइ उप्पज्जइ दुखं, तो दट्ठव्वो सहावओ नवरं । किं किं मए न पत्तं, संसारं[1] संसरंतेणं ॥ ४८ ॥

જો દુઃખ ઉત્પન્ન થાય તો સ્વભાવથકી તેની વિશેષ ઉત્પતિ જોવી; સંસારમાં ભમતાં છતાં હું શા શા દુઃખ નથી પામ્યો ? ૪૮

संसारचक्कवाले, सव्वेवि य पुग्गला मए बहुसो । आहारिया य परिणामिआ य, न यहं गओ तत्तिं ४९

વળી મ્હેં ઘણી વખત સંસારચક્રમાં

---

१ संसारे.

સર્વે પુદ્ગલો ભોગવ્યા, તેમજ પરિણમાવ્યા, તો પણ હું તૃપ્તિ પામ્યો નહિ. ૪૯

तणकट्ठेहि व अग्गी, लवणजलो वा नईसहस्सेहिं । न इमो जीवो सक्को, तिप्पेउं[1] कामभोगेहिं ॥ ५० ॥

તરણાં તથા લાકડાએ કરીને જેમ અગ્નિ, હજારો નદીઓએ કરીને જેમ લવણસમુદ્ર તૃપ્તિ પામતો નથી, તેમ કામભોગોએ કરીને આ જીવ તૃપ્તિ પામતો નથી. ૫૦

आहारनिमित्तेणं, मच्छा गच्छंति सत्तमि पुढविं । सच्चि तो आहारो, न खमो[2] मणसावि पत्थेउं ॥५१

આહારના કારણે કરી તંદુલીઆ મચ્છો

---

१ तप्पेउं. २ खमइ.

સાતમી નરકભૂમિએ જાય છે. માટે સચિત્ત આહાર મને કરીને પણ પ્રાર્થના કરવા યોગ્ય નથી. ૫૧

पुव्विं कयपरिकम्मो, अनियाणो ऊहिऊण मइबुद्धिं। पच्छा मलिअकसाओ, सज्जो मरणं पडिच्छामि ५२

પ્રથમ અભ્યાસ કર્યો છે જેણે, અને નિયાણા રહિત થયો છતો, મતિ અને બુદ્ધિથીજ વિચારીને પછી નાશ કર્યો છે કષાય જેણે, એવો છતો જલદી મરણ અંગીકાર કરૂં છું. ૫૨

अकंडेचिरभाविय, ते पुरिसा मरणदेसकालंमि । पुव्वकयकम्मपरिभावणाइ पच्छा परिवडंति ५३

લાંબા વખતના અભ્યાસ વિના અકાળે અણુસણુ કરનારા તે પુરૂષો પૂર્વે કરેલા

કર્મોના પ્રભાવે કરીને પાછા પડે છે દુર્ગતિએ જાય છે. ૫૩

तम्हा चंदगाविज्झं, सकारणं उज्जुएण पुरिसेण । जीवो अविराहियगुणो, कायव्वो मुक्खमग्गंमि ॥ ५४

તે માટે રાધાવેધની પેઠે હેતુ ઉદ્યમવાળા પુરૂષોએ મોક્ષ માર્ગ સાધવા માટે પોતાનો આત્મા, જ્ઞાનાદિ ગુણ સહિત કરવો. ૫૪

बाहिरजोगविरहिओ, अब्भिंतर झाणजोगमल्लीणो । जह तंमि देसकाले, अमूढसन्नो चयइ देहं ५५

તે અવસરને વિષે સાવધાનવાળો, પૌદ્ગલિક વ્યાપારે કરી રહિત અને આત્માના સ્વરૂપના ચિંતવનના વ્યાપારને કરનારની પેઠે શરીરને છોડી દે. ૫૫

हंतूण राणदोसं, छित्तूण[1] य
अट्ठकम्मसंधायं । जम्मर मरणरहट्टं,
छिंत्तूण[2] भवा विमुच्चिहिसि ॥ ५६ ॥

રાગદ્વેષને હણીને, આઠ કર્મોના સમૂહનો નાશ કરીને, જન્મ અને મરણરૂપ રેંટમાળને ભેદીને સંસાર સાગરથી મુક્ત થવાશે ! ૫૬

एवं सव्वुवएसं, जिणादिट्ठं सद्द-
हामि तिविहेणं । तसथावरखेमकरं,
पारं निव्वाणमग्गस्स ॥ ५७ ॥

આ પ્રકારે ત્રસ અને સ્થાવરનું કલ્યાણ કરનાર, મોક્ષમાર્ગનો પાર પમાડનાર, જિનેશ્વરે બતાવેલો સર્વ ઉપદેશ મન, વચન, કાયાએ કરી સદ્દહું છું. ૫૭

---

१ भित्तूण. २ भित्तूण.

न हि तंमि देसकाले, सक्को
बारसविहो सुअकंधो । सव्वो अ-
णुचिंतेउं, धणियंपि समत्थचित्तेणं
॥ ५८ ॥

તે અવસરને વિષે અતિશય સમર્થ ચિત્તવાળાએ પણ બાર અંગરૂપ સર્વ શ્રુતસ્કંધ ચિંતવવા શક્ય નથી. ૫૮

एगंमिवि जंमि पए, संवेगं वी-
अरायमग्गंमि । गच्छइ नरो अ-
भिक्खं, तं मरणं तेण मरियव्वं
॥ ५९ ॥

વીતરાગના માર્ગમાં જે એક પણ પદને વિષે મનુષ્ય વારંવાર વૈરાગ્ય પામે તેણે કરી સહિત જે મરવું તે મરણે મરવા યોગ્ય છે. ૫૯

ता एगंपि सिलोगं, जो पुरिसो मरणदेसकालंमि । आराहणोवउत्तो, चिंततो राहगो होइ ॥ ६० ॥

તે માટે જે પુરૂષ મરણના અવસરમાં આરાધનાના ઉપયોગવાળો એક પણ શ્લોક ચિંતવતો રહે તો તે આરાધક થાય છે. ૬૦

आराहणोवउत्तो, कालं काऊण सुविहिओ सम्मं । उक्कोसं तिन्नि भवे, गंतूणं लहइ निव्वाणं ॥ ६१ ॥

આરાધના કરવાના ઉપયોગવાળો, રૂડા આચારવાળો, રૂડી રીતે કાળ કરીને ઉત્કૃષ્ટથી ત્રણ ભવ કરીને મોક્ષ પામે છે. ૬૧

समणुत्ति अहं पढमं, बीयं सव्वत्थ संजओमित्ति । सव्वं च वोसि-

गामि, एयं भणियं समासेणं ॥ ६२

પ્રથમ તો હું સાધુ છું, બીજું સર્વ પદાર્થોમાં સંયમવાળો છું, તેથી હું સર્વને વોસિરાવું છું; આ સંક્ષેપે કરી કહેવામાં આવ્યું. ૬૨

लद्धं अलद्धपुव्वं, जिणवयणसुभासियं अमयभूअं । गहिओ सुग्गइमग्गो, नाहं मरणस्स बीहेमि ॥ ६३ ॥

જિનેશ્વર ભગવાનના આગમમાં કહેલું અમૃત સરખું અને પૂર્વે નહિ પામેલું એવું આત્મતત્ત્વ હું પામ્યો અને સિદ્ધ ગતિનો માર્ગ ગ્રહણ કર્યો, તેથી હું હવે મરણથી બીતો નથી. ૬૩

धीरेणवि मरियव्वं, काउरिसेणावि अवस्स मरियव्वं । दुन्हंपि हु

मरिअव्वे[1], वरं खु धीरत्तणे मरिउं ॥ ६४ ॥

ધીર પુરૂષે પણ મરવું પડે છે, અને કાયર પુરૂષે પણ અવશ્ય મરવું પડે છે, બન્નેને પણ નિશ્ચયે કરી મરવાનું છે; તો ધીરપણે મરવું એ નિશ્ચે સુંદર છે. ૬૪

सीलेणवि मरियव्वं, निस्सीलेणवि अवस्स मरियव्वं । दुन्हंपि हु मरिअव्वे[2], वरं खु सीलत्तणे मरिउं ॥ ६५ ॥

શીળવાળાએ પણ મરવું પડે છે, અને શીયળરહિત માણસે પણ અવશ્ય મરવું પડે છે, બન્નેને પણ નિશ્ચયે કરીને મરવાનું છે; તો શીળસહિત મરવું એ નિશ્ચે સારૂં છે. ૬૫

---

१ मरिअव्वं. २ मरिअव्वं.

नाणस्स दंसणस्स य, सम्मत्तस्स य चरित्तजुत्तस्स । जो काही उवओगं, संसारा सो विमुच्चिहिसि ॥ ६६ ॥

જે કોઈ ચારિત્ર સહિત જ્ઞાનમાં, દર્શનમાં અને સમ્યકત્વમાં સાવધાનપણું કરશે, તે વિશેષે કરી સંસાર થકી મૂકાશે. ૬૬

चिरउसिय बंभयारी, पप्फोडेऊण सेसयं कम्मं । अणुपुव्वीइ विसुद्धो, गच्छइ सिद्धिं धुयकिलेसो ॥ ६७ ॥

ઘણા કાળ સેવ્યું છે બ્રહ્મચર્ય જેણે અને બાકીના કર્મનો નાશ કરીને તથા સર્વ

કલેશનો નાશ કરીને અનુક્રમે પ્રાણી શુદ્ધ થઇને સિદ્ધિમાં જાય છે. ૬૭

निक्कसायस्स दंतस्स, सूरस्स ववसाइणो । संसारपरिभीअस्स, पच्चक्खाणं सुहं भवे ॥ ६८ ॥

કષાય રહિત દાન્ત, (પાંચ ઈંદ્રિયો અને છઠ્ઠા મનને દમન કરનાર) શૂરવીર અને ઉદ્યમવંત તથા સંસારથી ભવભ્રાંત થએલા એવાનું પચ્ચખ્ખાણ રૂડું હોય. ૬૮

एयं पच्चक्खाणं, जो काही मरणदेसकालंमि । धीरो अमूढसन्नो, सो गच्छइ उत्तमं ठाणं ॥ ६९ ॥

ધીર અને મુંઝવણરહિત જ્ઞાનવાળો મરણના અવસરે જે આ પચ્ચખ્ખાણ કરશે તે ઉત્તમ સ્થાનકને પામશે. ૬૯

धीरो जरमरणविऊ, धीरो वि-
न्नाण नाणसंपन्नो । लोगस्सुज्जोअ-
गरो, दिसउ खयं सव्वदुखाणं ७०

ધીર, જરા અને મરણને જાણનાર જ્ઞાન, દર્શને કરીને સહિત, લોકમાં ઉદ્યોતના કર-નાર એવા વીર જીનેશ્વર સર્વ દુઃખોનો ક્ષય કરો ! ૭૦

ઇતિ શ્રી આઉર પચ્ચખ્ખાણ પયન્ના
સમાપ્ત.

---

१ वीरो.

# પુણ્યપ્રકાશનું સ્તવન.

( દુહા )

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીસે જીનરાય;
સદ્ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧
ત્રિભુવનપતિ ત્રિસલા તણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨
એક દિન વીર જીણંદને, ચરણે કરી પ્રણામ;
ભાવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ.૩
મુક્તિ મારગ આરાધીએ,કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રીભગવંત. ૪
[1]અતિચાર આલોઇએ, [2]વ્રત ધારીએ ગુરૂ શાખ;
[3]જીવ ખમાવો સયલ જે,યોનિ ચોરાશી લાખ.૫
[4]વિધિશું વળી વોસરાવિએ, પાપસ્થાનક અઢાર;
ચાર[5]શરણનિત્યઅનુસરો, [6]નિંદો દુરિત આચાર;
[7]શુભકરણી અનુમોદીએ, [8]ભાવ ભલો મન આણ;
[9]અણસણ અવસરઆદરી,[10]નવપદ જપો સુજાણ;
શુભ ગતિ આરાધન તણા, એ છે દસ અધિકાર;
ચિત્ત આણિને આદરો, જેમ પામો ભવ પાર. ૮

# ઢાળ ૧ લી.

( કુમતીએ છેડી કીહાં રાખી. એ દેશી, )

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિરજ, એ પાંચે આચાર; એહ તણા એહ ભવ પરભવના, આલો-ઇએ અતિચારરે પ્રાણી. જ્ઞાન ભણો ગુણખાણી; વીર વદે એમ વાણીરે પ્રા૦ ૧ એ આંકણી. ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનય, કાળે ધરી બહુ માન; સુત્ર અરથ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાનરે. પ્રા૦ જ્ઞા૦ ૨. જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી, તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભકિત ન સંભાલીરે. પ્રા૦ જ્ઞા૦ ૩ ઈત્યાદિકવિપરીત પણાથી જ્ઞાન વિરાધ્યું જેહ, આ ભવ પરભવ વળીરે ભવોભવે, મિછામિદુ-ક્કડં તેહરે, પ્રા૦ જ્ઞા૦ ૪ પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી વીર વદે એમ વાણીરે, પ્રા૦ સ૦ જીનવચને શંકા નવિ કીજે,નવિ પરમત અભિ-લાખ; સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખરે. પ્રા૦ સ૦ ૫ મૂઢપણું છંડો પરશંસા,

ગુણવંતને આદરીએ;સામીને ધરમે કરી થીરતા, ભક્તિ પરભાવના કરીએરે, પ્રા૦ સ૦ ૬ સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે; અવર્ણવાદ મન લેખો; દ્રવ્ય દેવકો જે વિણસાડયો, વિણસંતો ઉવેખ્યો રે. પ્રા૦ સ૦ ૭ ઈત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડયું જેહ; આ ભવ પરભવ વળી રે ભવોભવ; મિચ્છામિ દુક્કડં તેહરે પ્રા૦સ૦ ૮ પ્રાણી ચારિત્ર લ્યો ચિત આણી ॥ પંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય; સાધુ તણે ધરમે પરમાદે, અશુદ્ધ વચન મન કાયરે પ્રા૦ ચા૦ ૯ શ્રાવકને ધર્મે સામાચક, પોસહમાં મન વાળી, જે જયણા પૂર્વક જે આઠે, પ્રવચન માય ન પાળીરે પ્રા૦ સ૦ ૧૦ ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહોળ્યું જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે પ્રા૦ ચા૦ ૧૧ બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે શક્તિ શકતે; ધર્મે મન વચ કાયા વિરજ, નવિ ફોરવીઉ

ભગતેરે પ્રા૦ ચા૦ ૧૨ તપ વિરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્ય. જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે પ્રા૦ ચા૦ ૧૩ વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇએ, **વીર જીણેસર** વયણ સુણીને, પાપ મેલા સવિ ધોઇએરે પ્રા૦ ચા૦ ૧૪

## ઢાળ ૨ જી.

( પામી સુગુરૂ પસાય, એ દેશી. )

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતિ; એ પાંચે થાવર કહ્યાએ. ૧ કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં; કુવા તળાવ ખણાવીયાએ. ૨ ઘર આરંભ અનેક, ટાંકાં ભુંઇરાં; મેડી માળ ચણાવીયાએ. ૩ લીંપણ ગુંપણ કાજ, એણી પરે પરપરે; પૃથ્વીકાય વિરાધીયારે. ૪ ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાય, છોતિ ધોતિ કરી દુહવ્યાએ. ૫ ભાઠીગર કુંભાર, લોહ સુવનગરા; ભાડભુંજા લીહાલા લાગરાએ. ૬

તાપણ શેકણ કાજ; વસ્ત્ર નિખારણ; રંગણ, રાંધન રસવાતિએ. ૭ એણી પરે કર્માદાન, પરે પરે કેલવી; તેઉ વાયુ વિરાધીયાએ. ૮ વાડી વન આરામ, વાવી વનસ્પતી; પાનફુલ ફળ ચુંટીયાંએ. ૯ પુંહક પાપડી શાક, સેકયાં સુકવ્યાં; છેદ્યાં છુંદ્યાં આથીયાંએ. ૧૦ અળશીને એરંડા, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ. ૧૧ ઘાલી કોલુ માંહે, પીલી સેલડી; કંદમુળ ફળ વેચીયાંએ. ૧૨ એમ એકેંદ્રિ જીવ હણ્યા હણાવીયા, હણતાં જે અનુમોદિયાંએ. ૧૩ આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે; તે મુજ મિચ્છામિદુક્કડંએ. ૧૪ ક્રમી સરમાયા કીડા, ગાડર ગંડોલા; ઇયળ પુરા ને અલશીયાંએ. ૧૫ વાળા જળો ચુડેલ, વિચળીત રસ તણા; વળી અથાણા પ્રમુખનાંએ. ૧૬ એમ બેઇંદ્રિ જીવ, જેહ મેં દુહવ્યા; તે મૂજ મિચ્છામિદુક્કડંએ. ૧૭ ઉધેહી, જું, લીખ, માંકડ મંકોડા; ચાંચડ

ક્રીડી કંથુઆએ. ૧૮ ગધીઆં ધીમેલ, કાન-
ખજુરીઆ, ગીંગોડા ધનેરીયાંએ. ૧૯ એમ
તેઇંદ્રિ જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ
મિચ્છામિદુક્કડંએ, ૨૦ માંખી મચ્છર ડાંસ,
મસા પતંગીયા; કંસારી કોલિયાવડાએ. ૨૧
ઢીંકણ વિછુ તીડ, ભમરા ભમરીયો, કોતાં-
બગ ખડમાંકડીએ, એમ ચૌરંદ્રિ જીવ જેહ
મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિદુક્કડંએ. ૨૩
જળમાં નાંખી જાળરે, જળચળ દુહવ્યા;
વનમાં મૃગ સંતાપીયાએ. ૨૪ પીડ્યા પંખી
જીવ; પાડી પાસમાં પોપટ ઘાલ્યા પાંજરેએ.
૨૫ એમ પંચેંદ્રિ જીવ જે મેં દુહવ્યા, તે
મુજ મિચ્છામિદુક્કડંએ. ૨૬

---

## ઢાળ ૩ જી.

[ વાણી વાણી હિતકારીજી. એ દેશી. ]

ક્રોધ લોભ ભય હાંસથીજી, બોલ્યા વચન
અસત્ય; કુડ કરી ધન પારકાંજી, લીધાં જેહ
અદત્તરે; જીનજી મિચ્છામિદુક્કડં આજ.

તુમ સાખે માહારાજરે, જીનજી દોઇ સારૂ કાજરે; જીનજી; મિચ્છામિદુક્કડં આજ. એ આંકણી. દેવ મનુષ્ય તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં જેહ; વિષયારસ લંપટપણેજી, ઘણું વિટંબ્યો દેહરે, જીનજી. ૨ પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ; જે જિહાં તે તિહાં રહ્યુંજી, કોઇ ન આવે સાથરે, જીનજી. ૩ રયણી ભોજન જે કર્યાંજી, કીધા ભક્ષ અભક્ષ; રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષરે, જીનજી. ૪ વ્રત લેઈ વિસારીયાંજી, વળી ભાંગ્યા પચ્ચ-ખાણ; કપટ હેતુ કીરીયા કરીજી, કીધાં આપ વખાણરે, જીનજી. ૫ ત્રણે ઢાળે આઠે દુહેજી, આલોયા અતિચાર; શિવ ગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકારરે, જીનજી; મિછામિદુક્કડં આજ. ૬

## ઢાળ ૪ થી.

[ સાહેલડીજી. એ દેશી. ]

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે, અથવા

હયો વ્રત બાર તો; યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે, પાળો નિરતિચાર તો, ૧ વ્રત લીધાં સંભારીએ સા૦ હૈડે ધરીએ વિચાર તો શિવગતિ આરાધન તણો સા૦ એ બીજો અધિકાર તો. ૨ જીવ સર્વે ખમાવીએ સા૦ યોનિ ચોરાશી લાખ તો, મન શુદ્ધે કરી ખામણાં સા૦ કોઇશું રોષ ન રાખ તો. ૩ સર્વ મિત્ર કરી ચિંતવો સા૦ કોઈ ન જાણો શત્રુ તો રાગ દ્વેષ એમ પરિહરો સા૦ કીજે જન્મ પવિત્ર તો. ૪ સ્વામિ સંઘ ખમાવીએ સા૦ જે ઊપની અપ્રીત તો, સજ્જન કુટુંબ કરી ખામણાં સા૦ એ જીનશાસન રીતી તો. ૫ ખમીએ ને ખમાવીએ સા૦ એહજ ધર્મનું સાર તો: શિવગતિ આરાધન તણો સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬ મૃષાવાદ હિંસા ચોરી સા૦ ધનમુરછા મૈથુન તો; ક્રોધ માન માયા તૃષ્ણા સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો, ૭ નિંદા કલહ ન કીજીએ સા૦ કુડો ન દીજે આળતો,

રતિ અરતિ મિથ્યા તજો સા૦ માયા મોહ જંજાળ તો. ૮ ત્રિવિધ ત્રિવિધ વોસરાવીએ સા૦ પાપસ્થાન અઢાર તો; શિવગતિ આરાધન તણો સા૦ એ ચોથો અધિકાર તો. ૯

## ઢાળ ૫ મી.

[ હવે નિસુણો ઇહાં આવીયા. એ દેશી. ]

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો; કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. ૧ શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો; શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨ અવર મોહ સવિ પરિહરી એ, ચાર શરણ ચિત્ત ધાર તો; શિવગતિ આરાધન તણોએ, એ પાંચમો અધિકાર તો. ૩ આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કંઇ લાખ તો; આત્મા સાખે તે નિંદીએ એ, પડિક્કમિએ ગુરૂ સાખ તો. ૪ મિથ્યા મતિ વર્તાવિયાએ, જે ભાખ્યાં ઊત્સૂત્ર તો;

કુમતિ કદાગ્રહને વશે એ, જે ઊથાપ્યાં સૂત્ર તો. ૫ ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરટી હળ હથિઆર તો, ભવ ભવ મેલી મુકીયાંએ, કરતાં જીવ સંહાર તો. ૬ પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો; જનમાંતર પોહોત્યા પછી એ, કોણે ન કીધી સાર તો.

આ ભવ પરભવ જે કર્યા એ, એમ અધિકરણ અનેક તો; ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ, આણિ રૂદય વિવેક તો. ૮ દુષ્કૃત નિંદા એમ કરાએ, પાપ કરો પરિહારતો; શિવગતિ આરાધન તણો એ, એ છઠ્ઠો અધીકાર તો. ૯

---

## ઢાળ ૬ ઠી.

[ આધે તું જોયને જીવડા. એ દેશી. ]

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ;
દાન શીયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધ૦ ૧
શત્રુંજાદિક તિર્થની, જે કીધી જાત્ર.
જુગતે જિનવર પૂજીયા; વળી પોખ્યાં પાત્ર.

ધન૦ ૨ પુસ્તક જ્ઞાન લખાવીયાં, જીર્ણોદ્ધાર જિન ચૈત્ય; સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ખેત્ર ધન૦ ૩ પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુ માન. ધન૦ ૪ ધર્મ કાજ અનુમોદિએ, એમ વારોવાર; શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫ ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ; સમતા ભાવે ભાવિએ, એ આતમારામ. ધન૦ ૬ સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય; કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦ ૭ સમતા વિણ જે અનુસરે પ્રાણી પુન્ય કામ; છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮ ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર; શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન૦ ૯

## ઢાળ ૭ મા.

(રૈવતગીરી હુઆ, પ્રભુના ત્રણ કલ્યાણ એ દેશી)

હવે અવસર જાણી, કરી સંલેખણ સાર; અણુસણ આદરીયે, પચ્ચખી ચારે આહાર, લલુતા સવિ મુકી છાંડી મમતા અંગ; એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧ ગતિ ચારે કીધાં, આહાર અનંત નિશંકપણુ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક; દુલહો એ વળી વળી અણુસણનો પરિણામ: એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨ ધન ધના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર; અણુસણ આરાધી, પામ્યા ભવનો પાર; શિવ મંદિર જાશે, કરી એક અવતાર આરાધન કરો, એ નવમો અધિકાર. ૩ દશમે અધિકારે મહામંત્ર નવકાર; મનથી નવિ મુકો, શિવસુખ ફલ સહુકાર: એહ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર; સુપરે એ સમરો, ચૌદ પરવનું સાર. ૪ જનમાંતર જાતાં, જો પામે નવકાર; તો પાતીક

ગાળી, પામે સુર અવતાર; એ નવપદ સરિખો, મંત્ર ન કોઇ સાર; એહ ભવને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫ જયું ભીલ ભીલડી, રાજા રાણી થાય; નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય; રાણી રતનવતી બેહુ પામ્યા છે સુરભોગ; એક ભવ પછી લેશે, શિવવધુ સંજોગ. ૬ શ્રીમતીને એ વલી; મંત્ર ફળ્યો તત્કાલ; ફણીધર ફીટીને, પ્રગટ થઇ પુલમાળ; શિવકુમારે જોગી, સોવન પુરીશો કીધ, એમ એણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ. ૭ એ દશ અધિકારે, વીર જીણેસર ભાખ્યો, આરાધન કેરો વિધિ, જેણે ચિત્ત માંહી રાખ્યો; તેણે પાપ પખાળી, ભવભય દુરે નાખ્યો, જીન વિનય કરંતાં, સુમતી અમૃતરસ ચાખ્યો. ૮

---

## ઢાળ ૮ મી.

( નમો ભવિ ભાવશું. એ દેશી. )

સિધારથ રાજા કુળ તિલોએ, ત્રિસલા

માત મલ્લારતો; અવનિતલ તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર તો, જયો જીનવીરજીએ. ૧ મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતા ન લહુ પાર તો; તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તારતો. જયો૦ ૨ આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો; આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ તો. જયો૦ ૩ કરમ અલુજણ આકરાં એ, જન્મ મરણ જંજાલ તો; હું છું એહથી ઉભગો એ. છોડવ દેવ દયાળ તો. જયો૦ ૪ આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલતો; તુઠો જીન ચોવીશમો એ, પ્રગટયાં પુન્ય કલ્લોલ તો. જયો૦ ૫ ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો; દેવ દયા કરી દીજીએ એ, બોધ બીજ સુપસાય તો. જયો૦ ૬

કળસ.

ઈહ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ

નિવારણ જગ જયો; શ્રી વીર જીનવર ચરણ શુણતાં, અધિક મન ઉલ્લટ થયો. ૧ શ્રી વિજય દેવ સુરિંદ પટધર, તિરથ જંગમ એણી જગે; તપગચ્છપતિ શ્રી વિજય પ્રભુ-સૂરિ, સૂરિ તેજે ઝગમગે. ૨ શ્રી હિરવિજય સૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરૂ સમો, તસ શિષ્ય વાચક વિનયવિજયે, શુણ્યો જીન ચોવીસમો ૩ સઈસતર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસએ, વિજય દશમી વિજય કારણ. કીયો ગુણ અભ્યાસ એ. ૪ નરભવ આરાધન સિદ્ધ સાધન, સુકૃત લીલ વિલાસ એ; નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુન્ય પ્રકાશ એ. ૫

પુન્ય પ્રકાશનું સ્તવન સંપૂર્ણ.

# ચાર શરણા.

મુજને ચાર શરણા હોજો, અરિહંત સિદ્ધ સાધુજી,
કેવલીધર્મ પ્રકાશીયો, રત્ન ત્રણ અમુલખ
લાધોજી. મુ૦ ૧
ચઉગતિતણાં દુઃખ છેદવા, સમર્થ શરણાં એ હો જી
પૂર્વે મુનિવર જે હુઆ, તેણે કીધાં શરણાં
તે હોજી. મુ૦ ૨
સંસારમાંહી જીવને, સમરથ શરણાં ચારોજી;
ગણી સમયસુંદર એમ કહે, કલ્યાણ મંગળ-
કારોજી. મુ૦ ૩

૨

લાખ ચોરાસી જીવ ખમાવીએ,
મન ધરી પરમ વિવેકજી;
મિચ્છામિ દુક્કડં દીજીએ,
જીનવચને લહિએ ટેકજી. લા૦ ૧
સાત લાખ ક્ષુદ્ર ગતિ તેઉ વાઉના,
દશ ચૌદે વનના ભેદોજી;

ખટ વિગલ સુર તીરી નારકી,
ચઉ ચઉ ચઉદે ભેદો નરનાજી. લા૦ ૨
જીવા જોનીએ જાણીને,
સઊ સઊ મિત્ર સંભાવોજી. લા૦ ૩
ગણી સમયસુંદર એમ કહે,
પામીયે પુન્ય પ્રભાવોજી. લા૦ ૩

૩

પાપ અઢારે જીવ પરીહરો,
અરિહંત-સિદ્ધની સાખેજી;
આલોવ્યાં પાપ છૂટીએ,
ભગવંત એણી પેરે ભાખેજી. પા૦ ૧
આશ્રવ કષાય દોય બંધના,
વળી કલહ અભ્યાખ્યાનજી,
રતિ અરતિ પૈશુન નિંદના,
માયા મોહ મિથ્યાતજી. પા૦ ૨
મન વચન કાયાએ જે કર્યાં,
મિચ્છામિ દુક્કડં તે હોજી;

ગણી સમયસુંદર એમ કહે,
જૈન ધર્મનો મર્મ એ હોજી. પા૦ ૩

૪

ધન ધન તે દીન મુજ કદી હોસ્યે,
હું પામીશ સંજમ સુધોજી;
પૂર્વે ૠષિપંથે ચાલશું,
ગુરૂ વચને પ્રતિબુધોજી. ધન૦ ૧

અંત પંત ભીક્ષા ગોચરી,
રણવન્ને કાઉસ્સગ્ગ કરશુંજી,
સમતા શત્રુ મિત્ર ભાવશું,
સંવેગ સુધો ધરશુંજી. ધન૦ ૨

સંસારના સંકટ થકી,
હું છુટીશ અવતારોજી;
ધન ધન સમયસુંદર તે ઘડી,
તો હું પામીશ ભવનો પારોજી. ધન૦ ૩

# પદ્માવતી આરાધના.

હવે રાણી પદ્માવતી ।। જીવરાશી ખમાવે ।। જાણપણું જગતે ભલું ।। ઈણ વેળા આવે ।। ૧ ।। તે મુજ મિચ્છામી દુક્કડં ।। અરિહંતની શાખ, જે મેં જીવ વિરાધીયા ।। ચઉરાશી લાખ ।। તે મુજ; ।। ૨ ।। સાત લાખ પૃથ્વીતણા ।। સાતે અપકાય ।। સાત લાખ તેઉ કાયના ।। સાતે વળી વાય ।। તે. ।। ૩ ।। દેશ પ્રત્યેક વનસ્પતિ ।। ચઉદહ સાધારણ ।। બી ત્રિ ચઉરિંદ્રિ જીવના ।। બે બે લાખ વિચાર ।। તે. ।। ૪ ।। દેવતા તિર્યંચ નારકી ।। ચાર ચાર પ્રકાશી ।। ચહુદહ લાખ મનુષ્યના ।। એ લાખ ચોરાશી ।। તે. ।। ૫ ।। ઈણ ભવ પરભવે સેવીયા ।। જે પાપ અઢાર ।। ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં ।। દુર્ગતિના દાતાર ।। તે. ।। ૬ ।। હિંસા કીધી જીવની ।। બોલ્યા મૃષાવાદ ।। દોષ અદત્તાદાનના ।। મૈથુન ઉન્માદ ।। તે. ।। ૭ ।। પરિગ્રહ મેલ્યો કારમો ।। કીધો ક્રોધ વિશેષ ।। માન માયા લોભ મેં કીયાં ।। વળી

રાગને દ્વેષ ॥ તે ॥ ૮ ॥ કલહ કરી જીવ
દુહવ્યા ॥ કીધાં કુડાં કલંક ॥ નિંદા કીધી
પારકી ॥ રતિ અરતિ નિઃશંક ॥ તે ॥૯॥ચાડી
કીધી ચોતરે ॥ કીધો થાપણ મોસો ॥ કુગુરૂ
કુદેવ કુધર્મનો ॥ ભલો આણ્યો ભરોસો ॥ તે.
॥ ૧૦ ॥ ખાટકીને ભવે મેં કીયા ॥ જીવ નાના
વિધ ઘાત ॥ ચીડીમાર ભવે ચરકલાં ॥ માર્યાં
દિન રાત ॥ તે ॥ ૧૧ ॥ કાજી મુલ્લાંને
ભવે ॥ પઢી મંત્ર કઠોર ॥ જીવ અનેક
જભ્ભે કીયા ॥ કીધાં પાપ અઘોર ॥ તે ॥
॥ ૧૨ ॥ માછીને ભવે માછલાં ॥ ઝાલ્યાં જળ
વાસ ॥ ધીવર ભીલ કોળા ભવે ॥ મૃગ પાડ્યા
પાસ ॥ તે ॥ ૧૩ ॥ કોટવાળને ભવ મેં કીયા
॥ આકરા કર દંડ ॥ બંદીવાન મરાવીયા ॥
કોરડા છડી દંડ ॥ તે ॥ ૧૪ ॥ પરમાધામીને
ભવે ॥ કીધાં નારકી દુઃખ ॥ છેદન ભેદન વેદના
॥ તાડન અતિ તિખ્ખ ॥ તે ॥ ૧૫ ॥ કુંભા-
રને ભવે મેં કીયા ॥ નીમાહ પચાવ્યા ॥ તેલી

ભવે તીલ પીલીયા ॥ પાપે પીંડ ભરાવ્યાં ॥ તે.
॥ ૧૬ ॥ હાલી ભવે હળ ખેડીયાં ॥ ફાડયાં
પૃથ્વીનાં પેટ ॥ સુડ નિદાન ઘણા કીધા ॥
દીધા બળદ ચપેટ ॥ તે ॥ ૧૭ ॥ માળીને ભવે
રોપીયાં ॥ નાના-વિધ વૃક્ષ ॥ મુળ પત્ર ફલ
ફુલનાં ॥ લાગ્યાં પાપ તે લક્ષ ॥ તે ॥ ૧૮ ॥
અઘોવાઇઆને ભવે ॥ ભર્યા અધિક ભાર ॥
પોઠી પુંઠે કીડા પડયા ॥ દયા નાણી લગાર ॥
તે. ॥૧૯॥ છીપાને ભવે છેતર્યા ॥ કીધા રંગણ
પાસ ॥ અગ્નિ આરંભ કીધા ઘણા ॥ ધાતુ
વાંદ અભ્યાસ ॥ તે ॥ ૨૦ ॥ શુરપણે રણ
ઝુંઝતાં ॥ માર્યા માણસ વૃંદ ॥ મદિરા માંસ
માખણ ભક્ષ્યાં ॥ ખાધાં મુળ ને કંદ ॥તે॥
॥ ૨૧ ॥ ખાણ ખણાવી ધાતુની ॥ પાણી ઉલે-
ચ્યાં ॥ આરંભ કીધા અતિ ઘણા ॥ પોતે પાપજ
સંચ્યા ॥ તે. ॥ ૨૨ ॥ કર્મ અંગાર કીયા વળી
॥ ઘરમેં દવ દીધા ॥ સમ ખાધા વીતરાગના ॥

કુડા કોસજ કીધા ॥ તે ॥ ૨૩ ॥ બીજી ભવે ઉંદર લીયા ॥ ગીરોલી હત્યારી ॥ મુઢ ગમાર તણે ભવે ॥ મેં જુ લીખ મારી ॥ તે ॥૨૪॥ ભાડભુંજાતણે ભવે ॥ એકેંદ્રિય જીવ ॥ જવારી ચણા ગહું શેકીયા ॥ પાડંતારીવ ॥ તે ॥૨૫॥ ખાંડણ પીસણ ગારના ॥ આરંભ અનેક ॥ રાંધણ ઈંધણ અગ્નિનાં ॥ કીધાં પાપ ઉદ્દેક ॥ તે ॥૨૬॥ વિકથા ચાર કીધી વળી ॥ સેવ્યા પાંચ પ્રમાદ ॥ ઇષ્ટ વિયોગ પાડ્યા કીયા ॥ રૂદન વિષવાદ ॥ તે. ॥ ૨૭ ॥ સાધુ અને શ્રાવકતણાં ॥ વૃત લહીને ભાગ્યાં ॥ મુળ અને ઉત્તર તણાં ॥ મુજ દુષણ લાગ્યાં ॥ તે. ॥ ૨૮ ॥ સાપ વીંછી સિંહ ચીવરા ॥ શકરા ને સમળી ॥ હિંસક જીવ તણે ભવે ॥ હિંસા કીધી સબળી ॥ તે. ॥ ૨૯ ॥ સુવાવડી દુષણ ઘણાં ॥ વળી ગર્ભ ગળાવ્યા ॥ જીવાણી ઘોળ્યાં ઘણાં ॥શીળ વ્રત ભંજાવ્યાં ॥ તે. ॥ ૩૦ ॥ ભવ અનંત

ભમતાં થકાં કીધા દેહ સંબંધ ।। ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂં ।। તીણશું પ્રતિબંધ ।। તે. ।। ૩૧ ।। ભવ અનંત ભમતાં થકાં ।। કીધા પરિગ્રહ સંબંધ ।। ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂ ।। તીણશું પ્રતિબંધ ।। તે. ।। ૩૨ ।। ભવ અનંત ભમતાં થકાં ।। કીધાં કુટુંબ સંબંધ ।। ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂં ।। તીણશું પ્રતિબંધ ।। તે. ।। ૩૩ ।। ઇણી પરે ઈહ ભવ પરભવે ।। કીધાં પાપ અખત્ર ।। ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂં ।। કરૂં જન્મ પવિત્ર ।। તે ।।૩૪।। એણી વિધે એ આરાધના ।। ભવિ કરશે જેહ ।। સમય સુંદર કહે પાપથી ।। વળી છુટશે તેહ ।।તે. ।। ૩૫ ।। રાગ વેરાડી જે સુણે ।। એહ ત્રીજી ઢાલ ।। સમયસુંદર કહે પાપથી ।। છુટે તત્કાળ ।। તે. ।। ૩૬ ।।

# શ્રી આનંદઘનજી કૃત.

# સ્તવન ચોવિશિ

## ૧ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન.

રાગ મારૂં.

કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યો રે—એ દેશી.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહું રે કંત; રીઝયો સાહેબ સંગ ન પરિહરેરે, ભાગે સાદિ અનંત ॥ ઋષભ૦ ॥૧॥ પ્રીત સગાઈ રે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઈ ન કોય; પ્રીત સગાઈરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય ॥ ઋષભ૦ ॥૨॥ કોઈ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરેરે, મિલશું કંતને ધાય; એ મેળો નવિ કહીયે સંભવેરે, મેળો ઠામ ન ઠાય ॥ ઋષભ૦॥૩॥ કોઇ પતિરંજન અતિ ઘણું તપ કરેરે પતિરંજન તન તાપ, એ પતિરંજન મેં નવી ચિત્ત ધર્યુંરે, રંજન ધાતુ મિલાપ ॥ ઋષભ૦ ॥૪॥ કોઇ કહે લીલારે અલખ અલખ તણીરે, લખ પુરે મન આશ; દોષ રહીતને લીલા નવી

ઘરેરે, લીલા દોષ વિલાસ ॥ ઋષભ૦ ॥ ૫ ॥ ચિત્ત પ્રસન્નેરેપૂજન ફલ કહ્યુંરે, પુજા અખંડિત એહ; કપટ રહિત થઇ આતમ અરપણારે, આનંદઘન પદ રેહ ॥ ઋષભ૦ ॥ ૬ ॥

## ૨ શ્રી અજિતનાથ સ્વામીનું સ્તવન.

રાગ આશાવરી.

મારૂં મન મોહ્યુંરે શ્રી વીમલાચલેરે—એ દેશી.

પંથડો નિહાળુંરે બીજા જિનતણોરે, અજિત અજિત ગુણ ધામ; જે તેં જીત્યારે તેણે હું જીતીયો રે. પુરૂષ કીશ્યું મુજ નામ ॥ પંથડો ॥ ૧॥ ચરમ નયણે કરી મારગ જોવતોરે, ભુલ્યો સયલ સંસાર; જેણે નયણે કરી મારગ જોઇએરે; નયણ તે દિવ્ય વિચાર ॥ પંથડો૦॥ ॥ ૨ ॥ પુરૂષ પરંપર અનુભવ જોવતાંરે, અંધો-અંધ પલાય; વસ્તુ વિચારેરે જો આગમે કરીરે, ચરણ ધરણ નહીં ઠાય ॥ પંથડો૦॥ ૩ ॥ તર્ક વિચારેરે વાદ પરંપરાયે, પાર ન પહોંચે કોય,

અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વીરલા જગ જોય ॥ પંથડો૦ ॥૪॥ વસ્તુ વિચારે રે, દિવ્ય નયણતણો રે, વિરહ પડયો નીરધાર; તર તમ જોગેરે તરતમ વાસનારે, વાસિત બોધ આધાર ॥ પંથડો૦ ॥ ૫॥ કાળ લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ; એ જન જીવેરે જીનજી જાણજો રે, આનંદઘન મત અંબ ॥ પંથડો૦ ॥ ૬ ॥

## ૩ શ્રી સંભવનાથ સ્વામીનું સ્તવન.

રાગ સામગ્રી.

રાતડી રમીને કીહાંથી આવીયારે—એ દેશી.

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ; સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ ॥ સંભવ ॥ ૧ ॥ ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ, ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીયેરે, દોષ અબોધ લખાવ ॥ સંભવ૦ ॥૨॥ ચરમાવર્ત્ત

હો ચરમ કરણ તથારે, ભવ પરિણતિ પરિપાક; દોષ ટળે વળી દૃષ્ટિ ખુલે ભલીરે, પ્રાપ્તિ પ્રવચન વાક ॥ સંભવ૦ ॥ ૩ ॥ પરિચય પાતિકઘાતિક સાધુ શુંરે, અકુશલ અપચય ચેત; ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરીરે, પરિશીલન નયહેત॥સંભવ૦ ॥૪॥ કારણ જોગે હો કારજ નીપજેરે, એમાં કોઈ ન વાદ; પણ કારણ વિણ કારજ સાધીયેરે, એ નિજ મત ઉનમાદ ॥ સંભવ૦ ॥ ૫ ॥ મુગ્ધ સુગમ કરી સેવન આદરેરે, સેવન અગમ અનૂપ, દેજો કદાચિત સેવક યાચનારે, આનંદઘન રસ રૂપ ॥ સંભવ૦ ॥ ૬ ॥

## ૪ શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન.

રાગ ધનાશ્રી—સિંધુઓ.

આજ નિહેજોરે દીસે નાહલો—એ દેશી.

અભિનંદન જિન દરિસણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ; મત મત ભેદેરે જો જઇ પૂછીએ, સહુ થાપે અહમેવ ॥ અભિનંદન

॥૧॥ સામાન્યે કરી દરિસણ દોહલું, નિર્ણય સકલ વિશેષ; મદમેં ઘેર્યોરે અંધો કેમ કરે, રવિ શશિ રૂપ વિલેખ ॥ અભિ૦ ॥ ૨ ॥ હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇએ, અતિ દુર્ગમ નવવાદ; આગમવાદે હો ગુરૂ ગમ કો નહીં, એ સબલો વિષવાદ ॥ અભિ૦ ॥ ૩ ॥ ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ; ધીઠાઇ કરી મારગ સંચરૂ, સેગુ કોઈ ન સાથ ॥ અભિ૦ ॥૪॥ દરિસણ દરિસણ રટતો જો ફરૂં, તોરણ રોઝ સમાન; જેહને પીપાસા હો અમૃતપાનની, કેમ ભાજે વિષપાન ॥ અભિ૦ ॥૫॥ તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દરિસણ કાજ; દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ ॥ અભિ૦ ॥ ૬ ॥

## ૫ શ્રી સુમતિનાથનું સ્તવન.

રાગ વસંત તથા કેદારો.

સુમતિ ચરણ કજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની; મતિ તરપણ બહુ

સમ્મત જાણીયે, પરિસરપણ સુવિચાર, સુજ્ઞાની; સુમતિ.॥૧॥ત્રિવિધ સકલ તનુ ધરગત આતમા બહિરાતમ ધુરી ભેદ ॥સુ૦॥ બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ ॥સુ૦॥ સુમતિ૦ ॥૨॥ આતમ બુધ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ ॥ સુ૦ ॥ કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમ રૂપ ॥ સુ૦॥સુમતિ૦ ॥૩॥ જ્ઞાનાનંદે હો પુરણ પાવનો, વર્જિત સકળ ઉપાધિ ॥સુ૦॥અતીંદ્રિય ગુણ ગણ મણિ આગરૂ એમ પરમાતમ સાધ ॥સુ૦॥ સુમતિ૦ ॥ ૪ ॥ બહિરાતમ તજી અંતર આતમ, રૂપ થઇ થિર ભાવ ॥સુ૦॥ પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણદાવ ॥સુ૦॥ સુમતિ ॥ ૫ ॥ આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ ॥ સુ૦ ॥ પરમપદાર્થ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ ॥ સુ૦ ॥ સુમતિ૦ ॥ ૬ ॥

## ૬ શ્રી પદ્મપ્રભ સ્વામીનું સ્તવન.

રાગ મારૂ તથા સિંધુઓ.

ચાંદલીયા સંદેશો કહેજે માહરા કંતનેરે — દેશી

પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરૂરે, કિમ ભાંજે ભગવંત; કર્મ વિપાકે કારણ જોઇનેરે, કોઈ કહે મતિમંત ॥ પદ્મપ્રભ૦ ॥ ૧ ॥ પયઇ ઠિઇ અણુભાગ પ્રદેશથીરે, મૂલ ઉત્તર બહુ ભેદ; ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણારે, સત્તા કર્મ વિચ્છેદ ॥ પદ્મપ્રભ૦ ॥ ૨ ॥ કનકોપલવત્ પયડિ પુરૂષ તણીરે, જોડી અનાદિ સ્વભાવ, અન્ય સંજોગી જિહાં લગે આતમારે; સંસારી કહેવાય ॥ પદ્મપ્રભ૦ ॥ ૩ ॥ કારણ જોગે હો બંધે બંધનેરે, કારણ મુગતિ મુકાય, આશ્રવ સંવર નામ અનુક્રમેરે, હેય ઉપાદેય સુણાય ॥ પદ્મપ્રભ૦ ॥ ૪ ॥ યુંજન કરણે હો અંતર તુઝ પડયોરે, ગુણ કરણે કરી ભંગ; ગ્રંથ ઉકતે કરી પંડિત જન કહ્યોરે,

અંતર ભંગ સુઅંગ ॥ પદ્મપ્રભ૦ ॥ ૫ ॥ તુજ મુઝ અંતર અંતર ભાગશેરે, વાગશે મંગલ તૂર; જીવ સરોવર અતિશય વાધશેરે, આનંદ-ઘન રસપૂર ॥ પદ્મપ્રભ૦ ॥ ૬ ॥

## ૭ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન.

રાગ સારંગ તથા મલ્હાર, લલનાની દેશી.

શ્રી સુપાસ જિન વંદિયે, સુખ સંપત્તિનો હેતુ લલના ॥ શાંત સુધારસ જલનિધિ, ભવસાગર માંહે સેતુ ॥ લલના ॥ શ્રીસુપાસ૦ ॥ ॥ ૧ ॥ સાત મહા ભય ટાલતો, સપ્તમ જિનવર દેવ, ॥ લ૦ ॥ સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ ॥ લ૦ ॥ શ્રીસુ૦ ॥ ૨ ॥ શિવશંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન ॥ લ૦ ॥ જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ સરૂપ અસમાન ॥ લ૦ શ્રીસુ૦ ॥ ૩ ॥ અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરામ ॥ લ૦ ॥ અભય દાન દાતા સદા, પૂરણ આતમરામ ॥ લ૦ ॥

॥શ્રીસુ૦॥૪॥ વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોક ॥ લ૦ ॥ નિદ્રા તદ્રા દુર-દશા, રહિત અબાધિત યોગ ॥ લ૦ ॥શ્રીસુ૦॥૫॥ પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; ॥લ૦॥ પરમ પદારથ પરમેષ્ટી, પરમદેવ પર-માણ ॥લ૦॥ શ્રીસુ॥૬॥ વિધિ વિરંચિ વિશ્વં-ભરૂ, હૃષીકેશ જગનાથ ॥ લ૦ ॥ અઘહર અઘમોચન ધણી, મુકિત પરમપદ સાથ ॥લ૦ શ્રીસુ૦॥૭॥ એમ અનેક અભિધા ધરે અનુ-ભવ ગમ્ય વિચાર, ॥લ૦॥ જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર, ॥ લ૦ શ્રીસુ૦॥૮॥

## ૮ શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું સ્તવન.

રાગ કેદારો તથા ગોડી.

કુમરી રોવે આક્રંદ કરે, મુને કોઇ મૂકાવે—દેશી.

દેખણને દેરે સખિ, મુને દેખણ દે, ચંદ્ર-પ્રભ મુખ ચંદ, સખિ૦ ॥ ઉપશમ રસનો કંદ સ૦ સેવે સુરનર ઇંદ, સખિ૦ ॥ ગત કલિમલ

દુઃખ દ્વંદ ॥ સખિ૦ ॥ મુને૦॥ ૧ ॥ સુહમ નિગોદે ન દેખીયો, સખિ૦ ॥ બાદર અતિહી વિશેષ ॥ સ૦ ॥ પુઢવી આઉ ન લેખીયો, સ૦॥ તેઉ વાઉ ન લેશ ॥ સ૦ ॥ ૨ ॥ વનસ્પતિ અતિ ઘણુ દિહા, સ૦ ॥ દીઠો નહીંય દીદાર, સ૦ ॥ બિ તિ ચઉરિંદી જલલિહા, સ૦ ॥ ગતિ સન્નિ પણ ધાર ॥ સ૦ ॥ ૩ ॥ સુર તિરિ નિરય નિવાસમાં, સ૦ ॥ મનુજ અનારજ સાથ, સ૦॥ અપજ્જતા પ્રતિભાસમાં, સ૦ ॥ ચતુર ન ચઢીયો હાથ ॥ સ૦ ॥ ૪ ॥ એમ અનેક થલ જાણીયે, સ૦॥ દરિસણ વિણું જિન દેવ ॥ સ૦ ॥ આગમથી મતિ આણીયે સ૦ ॥ કીજે નિર્મલ સેવ ॥ સ૦ ॥ ૫ ॥ નિર્મલ સાધુ ભગતિ લહી ॥ સ૦॥ યોગ અવંચક હોય, સ૦ ॥ કિરિયા અવંચક તીમ સહી; સ૦ ॥ ફલ અવંચક જોય ॥ સ૦ ॥ ૬ ॥ પ્રેરક અવસર જિનવરૂ, સ૦ ॥ મોહનીય ક્ષય જાય; સ૦ ॥

કામિત પૂરણ સુરતરૂ ।। સ૦ ।। આનંદઘન પ્રભુ પાય ।। સ૦ ।। ૭ ।।

## ૯ શ્રી સુવિધિનાથ સ્વામીનું સ્તવન.

રાગ કેદારો.

એમ ધન્નો, ધણને પરચાવે—એ દેશી.

સુવિધિ જિનેશ્વર પાય નમીને, શુભ કરણી એમ કીજેરે; અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠીને પૂજીજેરે ।। સુવિધિ૦ ।। ।। ૧ ।। દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઈએરે; દહ તિગ પણ અહિગમ સાચવતાં, એક મના ધુરિ થઈએરે ।।સુ૦।। ।। ૨ ।। કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધુપ દીપ મન સાખીરે; અંગ પુજા પણ ભેદ સુણી એમ, ગુરૂ મુખ આગમ ભાખીરે ।।સુ૦।। ।। ૩ ।। એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપરરે; આણા પાલણ ચિત્ત પ્રસન્ની,

મુગતિ સુગતિ સુર મંદિરરે ॥ સુ૦ ॥ ॥ ૪ ॥ પુલ્ અક્ષત વર ધુપ પઈવો, ગંધ નૈવેદ્ય ફલ જલ ભરીરે; અંગ અગ્ર પુજા મળી અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરીરે ॥ સુ૦ ॥ ॥ ૫ ॥ સત્તર ભેદ એકવીશ પ્રકારે, અઠોત્તર શત ભેદેરે; ભાવ પૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદેરે ॥સુ૦ ॥ ૬ ॥ તુરીય ભેદ પડિવત્તિ પુજા, ઉપશમ ખીણ સયોગીરે; ચઉહા પુજા ઈમ ઉત્તરજ્ઝયણે ભાષી કેવલ્ ભોગીરે સુ૦ ॥ ૭ ॥ એમ પુજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણીરે; ભવિક જીવ કરશે તે લહેશે, આનંદઘન પદ ધરણીરે ॥ સુવિધિ ॥ ૮ ॥

## ૧૦ શ્રી શીતલનાથ પ્રભુનું સ્તવન.

**મંગલિક માલા ગુણહ વિશાલા—એ દેશી.**

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ

ભંગી મન મોહેરે; કરૂણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહેરે ॥ શીતલ૦ ॥ સર્વ જંતુ હિત કરણી કરૂણા, કર્મ વિદારણ તીક્ષણરે; હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષ-ણરે ॥ શી૦ ॥ ૨ ॥ પરદુઃખ છેદન ઈચ્છા કરૂણા, તીક્ષણ પર દુઃખ રીઝેરે; ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝેરે ॥ શીતલ૦ ॥ ॥ ૩ ॥ અભયદાન તે મલક્ષય કરૂણા, તીક્ષ-ણતા ગુણ ભાવેરે; પ્રેરણ વિણ કૃત ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવેરે ॥ શી૦ ॥ ૪ ॥ શકિત વ્યકિત ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગેરે; યોગી ભોગી વકતા મૌની, અનુ-પયોગી ઉપયોગેરે ॥ શી૦ ॥ ૫ ॥ ઈત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતીરે; અચરિજકારી ચિત્ર વિચિત્રા, આનંદઘન પદ લેતીરે ॥ શીતલ ॥ ૬ ॥

## ૧૧ શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન.

રાગ ગોડી.

અહો મતવાલે સાજના—એ દેશી.

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામીરે; અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામીરે ॥ શ્રીશ્રેયાંસ૦ ॥ ૧ ॥ સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિ ગુણ આતમરામીરે; મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિઃકામીરે ॥ શ્રી શ્રેયાંસ૦ ॥ ૨ ॥ નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએરે. જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએરે ॥ શ્રી શ્રેયાંસ૦ ॥ ૩ ॥ નામ અધ્યાતમ ઠવણ અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાતમ છંડોરે; ભાવ અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહશું રઢ મંડોરે ॥ શ્રી શ્રેયાંસ૦ ॥ ૪ ॥ શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજોરે; શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ

મતિ ધરજોરે ॥ શ્રી શ્રેયાંસ૦ ॥ ૫ ॥ અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસીરે; વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસીરે ॥ શ્રી શ્રેયાંસ૦ ॥ ૬ ॥

## ૧૨ શ્રી વાસુપુજ્ય સ્વામીનું સ્તવન.

રાગ ગોડી તથા પરજીયો.

તુંગિયાગિરિ શિખરે સોહે–એ દેશી.

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામીરે; નિરાકાર સાકર સચેતન, કરમ કરમફલ કામીરે ॥ વાસુ૦ ॥ ૧ ॥ નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે; દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારોરે ॥વાસુ૦॥૨॥ કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીયેરે; એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસરીયેરે ॥ વાસુ૦ ॥ ૩ ॥ દુઃખ સુખ રૂપ કરમફલ જાણો, નિશ્ચય એક આનં-

દોરે; ચેતનતા પરિણામ ન ચુકે, ચેતન કહે જિન ચંદોરે॥ વાસુ૦॥ ૪ ॥ પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમફલ ભાવીરે; જ્ઞાન કરમ ફલ ચેતન કહીએ, લેજો તેહ મનાવીરે ॥વાસુ૦ ॥ ૫ ॥ આતમ જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગીરે; વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગીરે ॥ વાસુ૦ ॥ ૬ ॥

## ૧૩ શ્રી વિમલનાથ પ્રભુનું સ્તવન.

રાગ મલ્હાર. ઇડર આંબા આંબલીરે--એ દેશી.

દુઃખ દોહગ દૂરે ટળ્યાંરે, સુખ સંપદ શું ભેટ; ધીંગ ધણી માથે કીયારે, કુણ ગંજે નર ખેટ; વિમલ જિન, દીઠાં લોયણ આજ ॥ મ્હારાં સીધ્યાં વંછિત કાજ॥ વિમલ જિન ॥ દીઠાં૦ ॥૧॥ ચરણ કમળ કમલા વસે રે, નિર્મલ થિર પદ દેખ ॥ સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ ॥ વિ૦ ॥

દીઠાં૦ ॥ ૨ ॥ મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ ॥ રંક ગણે મંદરધરારે, ઇંદ ચંદ નાગેંદ ॥ વિ૦ ॥ દી૦ ॥૩॥ સાહેબ સમરથ તું ધણીરે, પામ્યો પરમ ઉદાર ॥ મન વિશરામી વાલહોરે, આતમચો આધાર ॥વિ૦ ॥ દી૦ ॥ ૪ ॥ દરિસણ દીઠે જિનતણું રે; સંશય ન રહે વેધ ॥ દિનકર કરભર પરસતાંરે, અંધકાર પ્રતિષેધ ॥ વિ૦ ॥ દી૦ ॥ ૫ ॥ અમીય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય ॥ શાંત સુધારસ ઝીલતીરે, નીરખત તૃપ્તિ ન હોય ॥ વિ૦ ॥ દી૦ ॥ ૬ ॥ એક અરજ સેવક તણીરે, અવધારો જિનદેવ ॥ કૃપા કરી મુજ દીજીયેરે, આનંદઘન પદ સેવ. ॥ વિ૦॥દી૦॥૭

## ૧૪ શ્રી અનંતનાથ પ્રભુનું સ્તવન.

ધાર તરવારની સોહલી દોહલી, ચૌદમા જિનતણી ચરણ સેવા; ધાર પર નાચતા દેખ

આજીગરા, સેવના ધાર પર રહે ન દેવા ॥ ધાર૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે; ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે ॥ ધાર૦ ॥ ૨ ॥ ગચ્છના ભેદ બહુ નયણુ નીહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે; ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકાં, મોહ નડીયા કલિકાલ રાજે ॥ ધાર૦ ॥ ૩ ॥ વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો: વચન નિરપેક્ષ વ્યહવાર સંસાર ફલ, સાંભળી આદરી કાંઇ રાચો ॥ ધાર૦ ॥ ૪ ॥ દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કીમ રહે, કીમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો, શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી, છાર પર લીપણું તેહ જાણો ॥ ધા૦ ॥ ૫ ॥ પાપ નહીં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહીં કોઇ જગ સૂત્ર સરિખો; સૂત્ર અનુસાર

જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો ॥ ધાર૦ ॥ ૬ ॥ એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે; તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે ॥ ધાર૦ ॥ ૭ ॥

## ૧૫ શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન.

રાગ ગોડી સારંગ, દેશી રસીયાની.

ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત ॥ જિનેશ્વર ॥ બીજો મન મંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત ॥ જિનેશ્વર ॥ ધર્મ૦ ॥ ૧ ॥ ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે હો મર્મ ॥ જિ૦ ॥ ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥ ૨ ॥ પ્રવચન અંજન જો સદ્‌ગુરૂ કરે, દેખે પરમ નિધાન ॥ જિ૦ ॥ હૃદય નયણ નીહાલે જગ ધણી, મહિમા મેરૂ સમાન ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥ ૩ ॥

દોડત દોડત દોડત દોડીયો, જેતી મનની રે દોડ ॥ જિ૦ ॥ પ્રેમ પ્રતીત વિચારો ઢુકડી, ગુરૂગમ લેજોરે જોડ ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥ ૪ ॥ એક પંખી કેમ પ્રીતિ પરવડે, ઉભય મીલ્યા હુએ સંધિ ॥ જિ૦ ॥ હું રાગી હું મોહે ફંદીયો, તું નિરાગી નિરબંધ ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥ ૫ ॥ પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય ॥ જિ૦ ॥ જયોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥ ૬ ॥ નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિ જન માનસ હંસ ॥ જિ૦ ॥ ધન તે નગરી ધન વેલા ઘડી, માત પિતા કુળ વંશ ॥ જિ૦ ॥ ધર્મ૦ ॥ ૭ ॥ મન મધુકર વર કર જોડી કહે, પદકજ નિકટ નિવાસ ॥જિ૦॥ ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ ॥ જિ૦ ॥ ધર્મ જિનેશ્વર૦ ॥ ૮ ॥

## ૧૬ શ્રી શાંતિનાથ પ્રભુનું સ્તવન.

રાગ મલ્હાર, ચતુર ચોમાસું પડિક્કમી—દેશી.

શાંતિ જિન એક મુજ વીનતિ, સુણો ત્રિભુવન રાયરે ॥ શાંતિ સરૂપ કીમ જાણીએ, કહો મન કીમ પરખાય રે ॥ શાંતિ ॥ ૧ ॥ એ આંકણી ॥ ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન આવકાશરે ॥ ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસરે ॥ શાંતિ૰ ॥ ૨ ॥ ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જો, કહ્યા જિનવર દેવરે ॥ તે તેમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિ-પદ સેવરે ॥ શાંતિ૦ ॥ ૩ ॥ આગમધર ગુરૂ સમકીતી, ક્રિયા સંવર સારરે ॥ સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવાધારરે ॥ શાંતિ૰ ॥ ૪ ॥ શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલરે ॥ તામસી વૃત્તિ સવી પરિહરી, ભજે સાત્ત્વિકી શાલરે ॥ શાંતિ૰ ॥૫॥ ફલ વિસંવાદ

જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધીરે ।। સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધિરે ।। શાંતિ૦ ।। ૬ ।। વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધરે ।। ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે ।। શાંતિ૦ ।। ૭ ।। દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુ-ગુરૂ સંતાનરે ।। જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુગતિ નિદાન રે ।। શાંતિ૦ ।। ૮ ।। માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે ।। વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણ રે ।। શાંતિ૦ ।। ૯ ।। સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણી ભાવ રે ।। મુકિત સંસાર બેહુ સમ ગણે, મુણે ભવ જલનિધિ નાવ રે ।। શાંતિ૦ ।। ૧૦ ।। આપણો આતમભાવ જે, એક ચેતનાધાર રે ।। અવર સવી સાથ સંયોગથી, એહ નીજ પરિકર સાર રે ।। શાંતિ૦ ।।૧૧।। પ્રભુ મુખથી એમ સાંભળી,

કહે આતમરામરે ॥ તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સીધ્યાં સવી કામ રે ॥ શાંતિ૰ ॥ ૧૨ ॥ અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજરે ॥ અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજરે ॥ શાંતિ૰ ॥ ૧૩ ॥ શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપરે ॥ આગમમાંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપરે ॥ શાંતિ૰ ॥ ૧૪ ॥ શાંતિ સરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે ॥ આનંદઘન પદ પામશે, તે લહેશે બહુ માનરે ॥ શાંતિ૰ ॥ ૧૫ ॥

## ૧૭ શ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન.

રાગ—ગુર્જરી.

અંબર દેહો મોરારી, હમારો—એ દેશી

કુંથુજિન મનડું કિમહી ન બાજે, હો કુંથુ૰ જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અ-

લગું ભાજે હો ॥ કું૦ ॥ ૧ ॥ રજની વાસર વસ્તી ઉજડ, ગયણ પાયાલે જાય; સાપે ખાય ને મુખડું થોથું એહ ઉખાણો ન્યાય હો ॥ કું॥ ॥૨॥ મુગતી તણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે; વયરીડું કાંઈ એહવું ચીંતે, નાખે અવળે પાસે હો ॥ કું૦ ॥ ૩ ॥ આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આંકું; કીહાં કણે જો હઠ કરી હટકું તે, વ્યાલ-તણી પરે વાંકું હો ॥ કું૦ ॥ ૪ ॥ જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાંહી; સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરીજ મન માંહી હો ॥ કું૦ ॥ ૫ ॥ જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો; સુર નર પંડીત જન સમજાવે, સમજે ન માહરો સાલો હો ॥ કું૦ ॥ ૬ ॥ મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે; બીજી વાતે સમરથ છે

નર, એહને કોઇ ન જાણે હો ॥ કું૦ ॥ ૭ ॥ મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહી ખોટી; એમ કહે સાધ્યું તે નવી માનું, એ કહી વાત છે મહોટી હો ॥ કું૦ ॥ ૮ ॥ મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતી આણું, આનંદઘન પ્રભુ માહરૂં આણો, છો સાચું કરી જાણું હો ॥ કું૦ ॥ ૯ ॥

## ૧૮ શ્રી અરનાથ પ્રભુનું સ્તવન.

રાગ પરજ--રૂષભનો વંશ રયણાયરૂ--એ દેશી.

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે; સ્વપર સમય સમજાવીએ; મહિમાવંત મહંતરે ॥ ધરમ૦ ॥૧॥ એ આંકણી ॥ શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વીલાસ રે; પરબડી છાંહડી જેહ પડે, તે પર સમય નીવાસરે ॥ ધ૦ ॥૨॥ તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મઝાર રે; દર્શન જ્ઞાન ચરણથકી, શકિત

નીજાતમ ધારરે ॥ ધ૦ ॥ ૩ ॥ ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગરે; પર્યાય દૃષ્ટિ ન દીજીએ, એકજ કનક અભંગરે ॥ ધ૦ ॥૪॥ દરશન જ્ઞાન ચરણથકી, અલખ સરૂપ અનેક રે; નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે ॥ ધ૦ ॥ ૫ ॥ પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંતરે; વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે ॥ ધ૦ ॥૬॥ વ્યવહારે લખે દોહીલો, કાંઈ ન આવે હાથરે; શુદ્ધ નય થાપના સેવતાં, નવી રહે દુવિધા સાથરે ॥ ધ૦ ॥ ૭ ॥ એક પખી લખ પ્રીતીની, તુમ સાથે જગનાથરે; કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે ॥ ધ૦ ॥ ૮ ॥ ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફલ તતસારરે; તીરથ સેવે તે લહે, આનંદઘન નીરધારરે ॥ ધ૦ ॥ ૯ ॥

## ૧૯ શ્રી મલ્લિનાથ સ્વામીનું સ્તવન.

રાગ કાફી,

સેવક કીમ અવગણીયે હો મલ્લિજિન, એહ અબ શોભા સારી; અવર જેહને આદર અતિ હોયે, તેહને મૂલ નિવારી હો ા મલ્લિ૦ ાા ાા ૧ ાા જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારૂં, તેહ લીધું તમે તાણી; જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણ ન આણી હો ાા મ૦ ાા ૨ ાા નીદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી: નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ મનાવી હો ાા મ૦ ાા ૩ ાા સમકીત સાથે સગાઈ કીધી, સ્વપરીવારશું ગાઢી; મીથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહીર કાઢી હો ાા મ૦ ાા ૪ ાા હાસ્ય અરતિ રતિ શોક દુર્ગંછા, ભય પામર કરસાલી; નોકષાય શ્રેણી ગજ ચડતાં, શ્વાન તણી ગતિ ઝાલી હો ાા મ૦ ાા ૫ ાા રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ

ચરણ મોહના યોદ્ધા; વીતરાગ પરિણુતિ, પરિણમતાં, ઉઠી નાઠા બોદ્ધા હો ॥ મ૦ ॥ ૬ ॥ વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી. નિષ્કામી કરૂણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી હો ॥ મ૦ ॥ ૭ ॥ દાન વિઘન વારી સહુ જનને, અભય દાન પદ દાતાઃ લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા હો ॥ મ૦ ॥ ૮ ॥ વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પુરવ પદવી યોગી; ભોગોપભોગ દોય વિઘન નીવારી, પુરણ ભોગ સુભોગી હો ॥ મ૦ ॥ ૯ ॥ એ અઢાર દુષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા; અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દુષણ મન ભાયા હો ॥ મ૦ ॥ ૧૦ ॥ ઈણ વિધ પરખી મન વીશરામી, જીનવર ગુણ જે ગાવે; દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પાવે હો ॥ મ૦ ॥ ૧૧ ॥

## ૨૦ શ્રી મુનિસુવ્રત પ્રભુનું સ્તવન.

રાગ કાફી--આઘા આમ પધારો પુજ્ય–એ દેશી.

મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતી નિસુણો ॥ આતમ તત્ત્વ કયું જાણ્યું જગતગુરૂ, એહ વિચાર મુજ કહીયો; આતમ તત્ત્વ જાણ્યા વીણ નિર્મલ ચિત્ત સમાધિ નવી લહીયો ॥ મુનિ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કોઈ અબંધ આતમ તત્ત માને, કીરિયા કરતો દીસે, ક્રિયા-તણું ફળ કહો કુણ ભોગવે, ઈમ પુછયું ચિત્ત રીસે ॥ મુનિ૦ ॥ ૨ ॥ જડ ચેતન એ આતમ એકજ, સ્થાવર જંગમ સરીખો, દુઃખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો ॥મુનિ૦॥ ॥ ૩ ॥ એક કહે નિત્યજ આતમ તત્ત, આતમ દરીસણ લીનો; કૃત વિનાશ અકૃતાગમ દૂષણ નવી દેખે મતિહીણો ॥ મુનિ૦ ॥ ૪ ॥ સૌગત-મત રાગી કહે વાદી; ક્ષણિક એ આતમ જાણો;

બંધ મોક્ષ સુખ દુઃખ નવી ઘટે, એહ વિચાર મન આણો ॥ મુનિ૦ ॥૫॥ ભૂત્ત ચતુષ્ક વર્જિત આતમ તત, સત્તા અળગી ન ઘટે, અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે ॥ મુનિ૦ ॥ ૬ ॥ એમ અનેક વાદીમત વિભ્રમ, સંકટ પડીયો ન લહે; ચિત્ત સમાધ તે માટે પુછું, તુમ વિણુ તત કોઈ ન કહે ॥ મુનિ૦ ॥ ૭ ॥ વળતું જગગુરૂ ઇણીપરે ભાખે, પક્ષ-પાત સબ છંડી; રાગ દ્વેષ મોહ પખ વર્જિત આતમશું રઢ મંડી ॥ મુનિ૦ ॥ આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફીર ઇણમે નાવે; વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્વ ચિત્ત ચાવે ॥ મુનિ૦ ॥ ૯ ॥ જેણે વિવેક ધરીએ પખ ગ્રહીયે, તે તત્વ જ્ઞાની કહીયે, શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહીયે ॥મુનિ૦॥ ॥ ૧૦ ॥

## ૨૧ શ્રી નમિનાથ પ્રભુનું સ્તવન.

રાગ આશાવરી,

ધન ધન સંપ્રતિ, સાચો રાજા—એ દેશી.

ષટ્ દર્શન જિનઅંગ ભણીજે, ન્યારા ષડંગ જો સાધે રે; નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ દરિસણ આરાધે રે ॥ ષટ્૦ ॥૧॥ ॥ એ આંકણી ॥ જિન સુરપાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે, આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદેરે ॥ ષટ્૦ ॥ ॥ ૨ ॥ ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે; લોકાલોક અવલંબન ભજીયે, ગુરૂગમથી અવધારી રે ॥ ષટ૦ ॥૩॥ લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચાર જો કીજેરે; તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરૂગમ વીણ કેમ પીજે રે ॥ ષટ૦ ॥ ૪ ॥ જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિ-

રંગરે; અક્ષર ન્યાસ ધરા આંરાધક, આરાધે ધરી સંગેરે ॥ ષટ૦ ॥ ૫ ॥ જિનવરમાં સઘળાં દરિસણ છે, દર્શને જિનવર ભજનારે, સાગરમાં સઘળી તટિની, સહી તટિનીમાં સાગર ભજનારે ॥ ષટ૦ ॥ ૬ ॥ જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે; ભૃંગી ઈલીકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે ॥ષટ૦॥૭॥ ચુર્ણી ભાષ્યસૂત્ર નિર્યુકત, વૃત્તિ, પર પર અનુભવે રે; સમય પુરૂષના અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્લભવરે ॥ષટ૦॥ ॥ ૮ ॥ મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગેરે; જે ધ્યાવે તે નવી વંચીજે, ક્રિયા અવંચક ભોગેરે ॥ ષટ૦ ॥ ૯ ॥ શ્રુત અનુસાર વિચારી બોલુ, સુગુરૂ તથાવિધ ન મીલેરે; કિરિયા કરી નવી સાધી શકીએ; એ વિખવાદ ચિત્ત સઘળેરે ॥ ષટ૦ ॥ ૧૦ ॥ તે માટે ઉભા કરજોડી, જિનવર આગળ કહીયેરે

સમય ચરણ, સેવા શુદ્ધ દેજો જેમ આનંદ-
ઘન લહીયેરે ॥૫૮૭ ॥ ૧૧ ॥

---

## ૨૨ શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન.

રાગ મારૂણી, ધણરા ઢોલા—એ દેશી.

અષ્ટ ભવાંતર વાલહીરે, તું મુજ આતમરામ
મનરા વાલા: મુગતી સ્ત્રી શું આપણેરે, સગપણ
કોઈ ન કામ ॥મ૦॥૧॥ ઘર આવો હો વાલમ
ઘર આવો, મારી આશાના વિશરામ ॥મ૦॥
રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મહારા
મનોરથ સાથ ॥ મ૦॥ ૨ ॥ નારી પખો શો
નેહલોરે, સાચ કહે જગનાથ ॥ મ૦ ॥ ઈશ્વર
અર્ધાંગે ધરીરે, તું મુજ ઝાલે ન હાથ ॥મ૦॥
॥ ૩ ॥ પશુજનની કરૂણા કરીરે, આણી હૃદય
વિચાર ॥ મ૦ ॥ માણસની કરૂણા નહિરે, એ
કુણ ઘર આચાર ॥ મ૦ ॥૪॥ પ્રેમ કલ્પતરૂ

છેદીયોરે, ધરીયો જોગ ધતુર ાામ૦ાા ચતુરાઇરો
કુણ કહોરે, ગુરૂ મિલીયો જગ સૂર ાામ૦ાાપાા
મારૂ તો એમાં કયું હી નહિરે, આપ વિચારો
રાજ ાા મ૦ ાા રાજસભામાં બેસતાંરે, કિસડી
બધસી લાજ ાા મ૦ાા ૬ પ્રેમ કરે જગ જન
સહુરે; નિર્વાહે તે ઓરે ાામ૦ાા પ્રીત કરીને
છોડી દે રે, તેહશું ચાલે ન જોર ાામ૦ાા૭ાા
જો મનમાં એહવું હતું રે, નિસપત કરત ન
જાણ ાામ૦ાા નિસપત કરીને છાંડતાં રે; મા-
ણુસ હુવે નુકસાન ાા મ૦ ાા ૮ ાા દેતાં દાન
સંવત્સરીરે, સહુ લહે વંછિત પોષ ાામ૦ાા સેવક
વંછિત નવિ લહેરે તે સેવકનો દોષ ાામ૦ાા૯ાા
સખી કહે એ શામલોરે, હું કહું લક્ષણ સેત
ાા મ૦ ાા ઈણ લક્ષણ સાચી સખાં રે, આપ
વિચારો હેત ાા મ૦ ાા ૧૦ ાા રાગી શું રાગી
સહુ રે, વૈરાગી શ્યો રાગ ! ાામ૦ાા રાગ વિના
કિમ દાખવો રે, મુગતિ સુંદરી માગ ાામ૦ાા

॥ ૧૧ ॥ એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળોઈ જાણે લોક ॥ મ૦ ॥ ૧૨ ॥ જિણ જોણી તુમને જોઉં રે, તિણ જોણી જુવો રાજ ॥મ૦॥ એક વાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ ॥મ૦ ॥ ૧૩ ॥ મોહ દશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વ વિચાર ॥મ૦॥ વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર ॥ મ૦ ॥૧૪॥ સેવક પણ તે આદરેરે, તો રહે સેવક મામ ॥ મ૦ ॥ આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ ॥ મ૦ ॥ ૧૫ ॥ ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર ॥મ૦॥ ધારણ પોષણ તારણો રે, નવરસ મુગતાહાર ॥મ૦॥ ॥ ૧૬ ॥ કારણરૂપી પ્રભુ ભજ્યો રે; ગણ્યું ન કાજ અકાજ ॥ મ૦ ॥ કૃપા કરી મુજ દીજીએરે; આનંદઘન પદ રાજ ॥મનરા વાલા૦॥૧૭॥

## ૨૩ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન.

રાગ સારંગ રસીઆની દેશી.

ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિઃકામા ગુણરાય ॥ સુજ્ઞાની ॥ નિજ ગુણ કામા હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય ॥ સુજ્ઞાની ॥ ધ્રુ૦ ॥ ૧ ॥ સર્વ વ્યાપી કહો સર્વ જાણગપણે, પર પરિણમન સ્વરૂપ ॥ સુ૦ ॥ પરરૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વસત્તા ચિદ્ રૂપ ॥ સુ૦ ॥ ધ્રુ ॥ ૨ ॥ જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ ॥સુ૦॥ દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજપદ રમતા હો ખેમ ॥ સુ૦ ॥ ધ્રુવ ॥ ૩ ॥ પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન ॥ સુ૦ ॥ અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણ માન ॥ સુ૦ ॥ ધ્રુ ॥ ૪ ॥ જ્ઞેય વિનાશે હો જ્ઞાન જિનેશ્વરૂ, કાળ પ્રમાણે રે થાય ॥ સુ૦ ॥ સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન

જાય ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥ ૫ ॥ પરભાવે કરી પરતા પામતાં, સ્વસત્તા થિર ઠાણુ ॥સુ૦॥ આત્મચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનોરે જાણુ ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥૬॥ અગુરૂલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત॥ સુ૦ ॥ સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલ દૃષ્ટાંત ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥ ૭ ॥ શ્રી પારસજિન પારસ રસ સમો, પણ ઈહાં પારસ નાંહિ ॥ સુ૦ ॥ પુરણ રસીઓ હો નિજ ગુણ પરસનો, આનંદઘન મુજ માંહી ॥ સુજ્ઞાની૦ ॥ ધ્રુ૦ ॥ ૮ ॥

---

## ૨૪ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

રાગ—ધનાશ્રી.

વીર જિનેશ્વરને ચરણે લાગું, વીરપણું તે માગું રે ॥ મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું, જિત નગારૂં વાગ્યું રે ॥ વી૦ ॥ ૧॥ છઉમથ્થ

વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે ।
સૂક્ષ્મ સ્થુલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે
રે ॥ વી૦ ॥ ૨ ॥ અસંખ્ય પ્રદેશે વીર્ય અ-
સંખે, યોગ અસંખિત કંખેરે ॥ પુદ્ગલ ગણ
તેણે લે સુવિશેષે, યથાશકિત મતિ લેખેરે ॥
વી૦ ॥ ૩ ॥ ઉત્કૃષ્ટ વીરયને વેશે યોગ ક્રિયા
નવી પેસે રે, ॥ યોગ તણી ધ્રુવતાને લેશે,

---

# શ્રી યશોવિજય કૃત સ્તવન ચોવિશિ.

## ૧ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

મહાવિદેહ ક્ષેત્ર સોહામણો—એ દેશી.

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ
લાલરે; મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહિ

આનંદ લાલરે ॥ જગ૦ ॥૧॥ આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલરે; વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલરે ॥ જગ૦॥ ૨ ॥ લક્ષણ અંગે વિરાજતાં અડહિય સહસ ઉદાર લાલરે; રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે ॥જગ૦॥ ॥૩॥ ઇંદ્ર ચંદ્ર રવિ ગીરીતણા, ગુણ લઇ ઘડીયું અંગ લાલરે; ભાગ્ય કિહાંથકી આવીયું, અચરીજ એહ ઉત્તંગ લાલરે ॥જગ૦॥૪॥ ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવી દોષ લાલરે; વાચક જશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલરે, ॥ જગ૦ ॥ ૫ ॥

---

## ૨ શ્રી અજિતનાથ સ્વામીનું સ્તવન.

નિંદ્રડી વેરણ હોઈ રહી—એ દેશી.

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે

હો બીજાનો સંગકે; માલતી પુલે મોહિયો
કિમ બેસે હો બાવલ તરૂ ભંગ કે ા અજિત૦ ા
ા ૧ ા ગંગા જલમાં જે રમ્યા, કીમ છિલ્લર
હો રતિ પામે મરાલ કે; સરોવર જલધર જળ
વિના, નવી ચાહે હો જગ ચાતક બાળ કે ાઅ-
જિત૦ ા ૨ા કોકિલ કલ કુજિત કરે, પામી
મંજરી હો પંજરી સહકાર કે; ઓછાં તરૂવર
નવિ ગમે, ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે
ા અજિત૦ ા ૩ ા કમલિની દિનકર કર ગ્રહે,
વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે; ગૌરી
ગીરીશ ગિરિધર વિના, નવી ચાહે હો કમલા
નિજ ચિત્ત કે ા અજિત૦ ા ૪ ા તીન પ્રભુશું
મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે;
શ્રીનયવિજય વિબુધતણો, વાચક જશ હો વિત
નિત ગુણ ગાય કે ા અજિત૦ ા ૫ ા

## ૩ શ્રી સંભવનાથ સ્વામીનું સ્તવન.

મન મધુકર મોહી રહ્યો—એ દેશી,

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણ જ્ઞાતારે; ખામી નહીં મુજ ખીજમતે, કદીય હોશો ફલદાતારે ॥ સંભવ ॥ ૧ ॥ કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનોરે; જો મનનાં આણોનહીં તો શું કહીએ છાનોરે ॥ સંભવ૦ ॥૨॥ ખોટ ખજાને કો નહીં, દીજીએ વંછિત દાનોરે ॥ કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે સંભવ૦ ॥ ૩ ॥ કાલ લબ્ધિ નહિ મતિ તણો; ભાવ લબ્ધિ તુમ હાથેરે, લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથેરે ॥ સંભવ૦ ॥૪॥ દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ જાચું રે; વાચક યશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચુંરે ॥ સંભવ૦ ॥ ૫ ॥

---

## ૪ શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન.

સુણજો હો પ્રભુ એ—દેશી

દીઠો હો પ્રભુ, દીઠો જગગુરૂ તુજ; મુરતિ હો પ્રભુ, મુરતિ મોહન વેલડીજી; મીઠી હો પ્રભુ, મીઠી તાહરી વાણી; લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી ॥ ૧ ॥ જાણું હો પ્રભુ; જાણું જન્મ કયથ્થ; જો હું હો પ્રભુ, જો હું તુમ સાથે મીલ્યોજી; સુરમણિ હો પ્રભુ, સુરમણિ પામ્યો હથ્થ; આંગણે હો પ્રભુ, આંગણે મુજ સુરતરૂ ફળ્યોજી. ॥૨॥ જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકુર; માગ્યા હો પ્રભુ, મુહ માગ્યા પાસા ઢળ્યાજી; વુઠયા હો પ્રભુ, વુઠયા અમીરસ મેહ; નાઠા હો પ્રભુ, નાઠા અશુભ શુભ દિન વળ્યાજી ॥ ૩ ॥ ભુખ્યા હો પ્રભુ ભુખ્યાં મલ્યા ઘૃતપુર, તરસ્યા હો પ્રભુ, તરસ્યા દીવ્ય ઉદક મીલ્યાજી, થાકયાં હો પ્રભુ, થાકયાં મીલ્યા

સુખપાલ; ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન
હેજે હળ્યાજી. ॥ ૪ ॥ દીવો હો પ્રભુ, દીવો
નિશા વન ગેહ, સાથી હો પ્રભુ સાથી થળે
જલ નૌ મળીજી; કલીજુગે હો પ્રભુ કલી-
જુગે દુલ્લહો મુજ; દરિસણ હો પ્રભુ, દરિ-
સણ લહ્યું આશા ફળીજી. ॥ ૫ ॥ વાચક હો
પ્રભુ વાચક યશ તુમ દાસ, વીનવે હો પ્રભુ,
વીનવે અભિનંદન સુણોજી; કહીએ હો પ્રભુ,
કહીએ મ દેશો છેહ, દેજો હો પ્રભુ, દેજો
સુખ દરિસણ તણોજી. ॥ ૬ ॥

---

## ૫ શ્રી સુમતિનાથ સ્વામીનું સ્તવન.

ઝાંઝરીયા મુનિવરની દેશી

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુઝ
મન પ્રીતિ; તેલ બિંદુ જેમ વિસ્તરેજી, જલ-
માંહે ભલી રીતિ, સોભાગી જિનશું લાગ્યો

અવિહડ રંગ ॥ ૧ ॥ સજ્જનશું જે પ્રીતડીજી; છાની તે ન રખાય; પરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહકાય ॥ સોભાગી૦ ॥ ૨ ॥ આંગળીએ નવી મેરૂ ઢંકાયે, છાબડીયે રવિ તેજ; અંજલીમાં જિમ ગંગ ન માયે, મુજ મન તીમ પ્રભુ હેજ ॥ સોભાગી૦ ॥ ૩ ॥ હુઓ છીપે નહિં અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ; પીબત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તીમ મુજ પ્રેમ અભંગ ॥ સોભાગી૦ ॥ ૪ ॥ ઢાંકી ઇક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર; વાચક યશ કહે પ્રભુ તણોજી, તીમ મુજ પ્રેમ પ્રકાર ॥ સોભાગી ॥ ૫ ॥

---

## ૬ શ્રી પદ્મ પ્રભુ સ્વામીનું સ્તવન.

સહજ સલુણા હો સાધુજી—એ દેશી.

પદ્મપ્રભ જિન જઇ અળગા રહ્યા, જીહાંથી

નાવે લેખોજી; કાગળ ને મશી તીહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી; સુગુણ સનેહારે કદિય ન વિસરે. ॥ એ આંકણી ॥૧॥ ઇહાંથી તીહાં જઈ કોઇ આવે નહીં, જેહ કહે સંદેશોજી; જેહનું મીલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી ॥ સુગુણ૦ ॥ ૨ ॥ વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી; ઘોડો દોડે રે સાહેબ વાજમાં મન નાણે અસવારોજી ॥ સુગુણ૦ ॥ ૩ ॥ સાચી ભકિત રે ભાવન રસ કહ્યો, રસ હોયેં તીહાં દોએ રીઝેજી; હોડાહોડેરે બિહુ રસરીઝથી, મનના મનોરથ સીઝેજી ॥ સુગુણ૦॥ ॥ ૪ ॥ પણ ગુણવંતારે ગોઠે ગાજીયે, મોહોટા તે વિશ્રામજી; વાચક યશ કહે એહજ આશરે, સુખ લહું ઠામોઠામજી ॥સુગુણ૦॥ ૫ ॥

## ૭ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન.

લાછલદે માત મલાર—એ દેશી.

શ્રીસુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ; આજ હો છાજેરે ઠકુરાઈ, પ્રભુ તુજપદ તણીજી ॥ ૧ ॥ દિવ્ય ધ્વનિ સુર પુલ, ચામર છત્ર અમૂલ; આજ હો રાજેરે ભામંડલ, ગાજે દુંદુંભિજી ॥૨॥ અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર; આજ હો કીધારે ઓગણીશે, સુર ગુણભાસુરિંજી ॥ ૩ ॥ વાણી ગુણ પાંત્રીસ, પ્રાતિહારજ જગદીશ; આજ હો રાજેરે દીવાજે, છાજે આઠશુંજી ॥ ૪ ॥ સિંહાસન અશોક, બેઠા મોહે લોક; આજ હો સ્વામીરે શિવગામી, વાચક યશ થુણ્યોજી ॥ ૫ ॥

---

## ૮ શ્રી ચંદ્ર પ્રભ સ્વામીનું સ્તવન.

ધણુરા ઢોલાની—એ દેશી.

ચંદ્રપ્રભ જિન સાહેબારે, તુમે છો ચતુર

સુજાણ, મનના માન્યા, સેવા જાણો દાસનીરે, દેશો પદ નિર્વાણ ।। મનના માન્યા ।। આવો આવોરે ચતુર સુખ ભોગી, કીજે વાત એકાંત અભોગી, ગુણ ગોઠે પ્રગટે પ્રેમ ।। મનના માન્યા ।। ૧ ।। આંકણી ।। ઓછું અધિકું પણ કહેરે, આ સંગાયત જેહ ।। મ૦ ।। આપે ફૂલ જે અણ કહ્યારે, ગિરૂઓ સાહેબ તેહ ।। મ૦ ।। ।। ૨ ।। દીન કહ્યા વિણ દાનથીરે, દાતાની વાધે મામ ।। મ૦ ।। જલ દીએ ચાતક ખીજવીરે, મેઘ હુઓ તીણે શ્યામ ।। મ૦ ।। ૩ ।। પીઉ પીઉ કરી તુમને જપુંરે, હું ચાતક તુમે મેહ ।। મ૦ ।। એક લહેરમાં દુઃખ હરોરે, વાધે બમણો નેહ ।। મ૦ ।। ૪ ।। મોડું વહેલું આપવુંરે, તો શી ઢીલ કરાય ? ।। મ૦ ।। વાચક યશ કહે જગધણીરે, તુમ તુઠે સુખ થાય ।। મનના માન્યા૦ ।। ૫ ।।

## ૯ શ્રી સુવિધિનાથ સ્વામીનું સ્તવન.

સુણ મેરી સજની રજની ન જાવેરે—એ દેશી.

લઘુ પણ હું તુમ મન નવી માવુંરે, જગગુરૂ તુમને દિલમાં લાવુંરે, કુણને એ દીજે સાબાશીરે; કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસીરે ॥ લઘુ૦ ॥૧॥ મુજ મન અણુંમાંહે ભક્તિ છે ઝાઝીરે, તેહ દરીનો તું છે, માજીરે; યોગી પણ જે વાત ન જાણેરે, તેહ અચરીજ કુણથી હુઓ ટાણેરે ॥ લઘુ૦ ॥૨॥ અથવા થિરથાંહી અથિર ન માવે રે, મહોટો ગજ દર્પણમાં આવેરે; જેહને તેજે બુદ્ધિ પ્રકાશીરે, તેહને દીજે એ સાબાશીરે ॥ લઘુ૦ ॥ ૩ ॥ ઉર્ધ્વ મુલ તરૂઅર અધ શાખારે; છંદ પુરાણે એહવી છે ભાષારે; અચરીજ વાળે અચરીજ કીધુંરે, ભકતે સેવક કારજ સીધુંરે ॥ લઘુ૦ ॥૪॥ લાડ કરી જે બાળક બોલેરે, માતાપિતા મન અમીયને તોલેરે,

શ્રી નય વિજય વિબુધનો શીષોરે, યશ કહે ઈમ જાણો જગદીશોરે ॥ લઘુ૦ ॥ ૫ ॥

## ૧૦ શ્રી શીતળનાથ સ્વામીનું સ્તવન.

શ્રી શીતલજીને ભેટીયે, કરી ચોખું ભકતે ચિત્ત હો; તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યાં તન મન વિત્ત હો ॥ શ્રી શીતલજિન૦ ॥ ૧ ॥ દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપહો; તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો ॥શ્રી૦॥૨॥ મહોટો જાણી આદર્યો, દારિદ્ર ભાજો જગતાત હો; તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો ॥ શ્રી૦ ॥ ૩ ॥ અંતરયામી સવી લહો, અમ મનની જે છે વાત હો; મા આગળ મોસાળના, શ્યા વરણવવા અવદાત હો ॥ શ્રી૦ ॥૪॥ જાણો તો તાણો કીશ્યું, સેવા ફલ

દીજે દેવ હો; વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો ॥ શ્રી શીતલ૦ ॥ ૫ ॥

---

## ૧૧ શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન.

કર્મ ન છુટેરે પ્રાણીયા—એ દેશી.

તુમે બહુમૈત્રીરે સાહિબા, મારે તો મન એક; તુમ વિણુ બીજો રે નવી ગમે. એ મુજ મ્હોટીરે ટેક ॥ શ્રી શ્રેયાંસ કૃપા કરો ॥૧॥ એ આંકણી ॥ મન રાખો તુમે સવી તણાં, પણ કીહાં એક મળી જાઓ; લલચાવો લખ લોકને, સાથી સહેજ ન થાઓ ॥ શ્રી૦ ॥ ૨ ॥ રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ, ચિત્ત તુમારોરે સમુદ્રનો, કોઈ ન પામેરે તાગ ॥ શ્રી૦ ॥ ૩ ॥ એવા શું ચિત્ત મેળ૦યું, કેળ૦યું પહેલાં ન કાંઇ; સેવક નિપટ અબુઝ છે નિર્વ-હેશો તુમે સાંઇ ॥ શ્રી૦ ॥ ૪ ॥ નિરાગી શું

રે કિમ મીલે, પણ મળવાનો એકાંત; વાચક યશ કહે મુજ મીલ્યો, ભકતે કામણ તંત ॥ શ્રી૦૫॥

## ૧૨ શ્રી વાસુપુજય સ્વામીનું સ્તવન.

સાહેબા મોતીડા હમારા—એ દેશી.

સ્વામી તુમે કાંઇ કામણ કીધું, ચિત્તડું હમારૂં ચોરી લીધું ॥ સાહેબા વાસુપુજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા૦ ॥ એ આંકણી ॥ અમે પણ તુમશું કામણ કરશું ભકતે ગ્રહી મન ઘરમાં ધરશું ॥સાહેબા૦॥૧॥ મન ઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા, મન વૈકુંઠ અકુંઠિત ભકતે, યોગી ભાખે અનુભવ યુકતે ॥ સા૦ ॥ ૨ ॥ કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તેભવપાર ॥ જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા તો અમે નવ નિધિ ઋદ્ધિ પાવ્યા ॥ સા૦ ॥

॥ ૩ ॥ સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાંહે પેઠા ॥ અલગાને વળગ્યા જે રેહવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું ॥ સા૦ ॥ ૪ ॥ ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે, ક્ષીર નીર પરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે હળશું ॥ સાહેબા૦ ॥ ૫ ॥

---

## ૧૩ શ્રી વિમલનાથ પ્રભુનું સ્તવન.

નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ દેશી.

સેવો ભવીયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી; એવા પ્રભુનું દરિશન લેવું, તે આલસમાંહે ગંગાજી ॥ સેવો૦ ॥ ૧ ॥ અવસર પામી આલસ કરશે, તે મૂરખમાં પહેલોજી; ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ માંડે ન ઘેલોજી ॥ સે૦ ॥ ૨ ॥ ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી; વિકટ

ગ્રંથ જે પોળ પોળીયો, કર્મ વિવર ઉઘા-
ડેજી ॥ સે૦ ॥ ૩ ॥ તત્ત્વ પ્રીતિકર પાણી
પાએ, વિમલાલોકે આંજીજી; લોચણ ગુરૂ
પરમાન્ન દીએ તવ, ભ્રમ નાખે સવી ભાંજીજી
॥ સે૦ ॥ ૪ ॥ ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે,
વાત કરૂં મન ખોલીજી; સરલ તણે જે
હઇડે આવે, તેહ જણાવે બોલીજી ॥ સે૦ ॥
॥ ૫ ॥ શ્રી નયવિજય વિબુધ પય સેવક,
વાચક યશ કહે સાચુંજી; કોડિ કપટ જો
કોઇ દીખાવે, તોહી પ્રભુ વીણ નવી રાચુંજી
॥ સેવો ભવીયાં૦ ॥ ૬ ॥

---

## ૧૪ શ્રી અનંતનાથ પ્રભુનું સ્તવન.

સાહેલડીયાં—એ દેશી.

શ્રી અનંત જિનશું કરો ॥ સાહેલડીયાં ॥
ચોળ મજીઠનો રંગરે ॥ ગુણ વેલડીયાં ॥

સાચો રંગ તે ધર્મનો ॥ સાહેલડીયાં ॥
બીજો રંગ પતંગરે ॥ ગુણ વેલડીયાં ॥ ૧ ॥
ધર્મ રંગ જીરણ નહીં ॥ સા૦ ॥ દેહ તે
જીરણ થાયરે ॥ ગુ૦ ॥ સોનું તે વિણસે નહીં
॥ સા૦ ॥ ઘાટ ઘડામણ જાયરે ॥ ગુ૦ ॥ ૨ ॥
ત્રાંબુ જે રસ વેધીયું ॥ સા૦ ॥ તે હોએ
જાચું હેમરે ॥ ગુ૦ ॥ ફરી ત્રાંબુ તે નવી
હુએ ॥સા૦॥ એહવો જગગુરૂ પ્રેમરે ॥ગુ૦॥૩॥
ઉત્તમ ગુણ અનુરાગથી ॥ સા૦॥ લહીએ ઉત્તમ
ઠામરે ॥ ગુ૦ ॥ ઉત્તમ નિજ મહિમા વધે
॥ સા૦ ॥ દીપે ઉત્તમ ધામરે ॥ ગુ૦ ॥ ૪ ॥
ઉદક બિંદુ સાયર ભળ્યો ॥ સા૦ ॥ જીમ
હોય અક્ષય અભંગરે ॥ ગુ૦ ॥ વાચક યશ
કહે પ્રભુ ગુણે ॥ સા૦ ॥ તીમ મુજ પ્રેમ
પ્રસંગરે ॥ ગુણ૦ ॥ ૫ ॥

## ૧૫ શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન.

એડલે ભાર ઘણો છે રાજ, વાતો કેમ કરો છો—એ દેશી.

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશો તો લેખે ॥ મેં રાગી થેં છો નીરાગી, અણુ જુગતે હોય હાંસી ॥ એક પખો જે નેહ નિરવહેવો, તેહમાં કી સાબાશી ॥ થાશું ॥ ॥ ૧ ॥ નીરાગી સેવે કાંઈ હોવે, ઈમ મનમાં નવી આણું ॥ ફળે અચેતન પણ જીમ સુર-મણિ, તીમ તુમ ભક્તિ પ્રમાણું ॥ થા० ॥ ॥ ૨ ॥ ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મીટાવે ॥ સેવકનાં તીમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે ॥ થા० ॥ ૩ ॥ વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીનો તેજ સંબંધે ॥ અણુસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે ॥ થા० ॥ ૪ ॥ દેવ અનેરા તુમથી છોટા, થેં જગમાં અધિકેરા ॥ યશ

કહે ધર્મ જિનેશ્વર થાશું, દિલ માન્યા હે મેરા ॥ થાશું૦ ॥ ૫ ॥

---

## ૧૬ શ્રી શાંતિનાથ પ્રભુનું સ્તવન.

રહ્યો આવાસ દુવાર—એ દેશી.

ધન્ય દિન વેળા, ધન્ય ઘડી તેહ, અચિરારો નંદન જિન જદિ ભેટશુંજી ॥ લહીશું રે સુખ દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં દુઃખ સવી મેટશુંજી ॥ ૧ ॥ જાણ્યોરે જેણે તુજ ગુણ લેશ, બીજારે રસ તેહને મન નવી ગમેજી; ચાખ્યો રે જેણે અમી લવલેશ, બાકસ બુકસ તસ ન રૂચે કીમેજી ॥ ૨ ॥ તુજ સમકીત રસ સ્વાદનો જાણ, પાપ કુભક્ત બહુ દિન સેવીયુંજી; સેવે જો કર્મને જોગે તોહી, વાંછે તે સમકીત અમૃત ધુરે લીખ્યુંજી ॥ ૩ ॥ તાહરૂં ધ્યાન તે સમકીત રૂપ તેહીજ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;

તેહથી જાયે સઘળાં હો પાપ, ધ્યાતા ધ્યેય-સ્વરૂપ હોયે પીછેજી ॥ ૪ ॥ દેખીરે અદ્ભુત તાહરૂં રૂપ, અચરીજ ભવીક અરૂપી પદ વરેજી; તાહરી ગત તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક યશ કરેજી ॥ ૫ ॥

---

## ૧૭ શ્રી કુંથુનાથ સ્વામીનુ સ્તવન.

સાહેલાં હે—એ દેશી.

સાહેલાં હે કુંથુ જીનેશ્વર દેવ રત્ન દીપક અતિ દીપતો હો લાલ ॥ સા૦ ॥ મુજ મન મંદીરમાંહો આવે જો અખિલ જીપતો હો લાલ ॥ ૧ ॥ સા૦ ॥ મીટેતો મોહ અંધાર, અનુભવ તેજે ઝળહળે હો લાલ ॥ સા૦ ॥ ધુમકષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવી ચલે હો લાલ ॥ ૨ ॥ સા૦ ॥ પાત્ર કરે નહીં હેઠ, સુરજ તેજે નવી છીપે હો લાલ ॥ સા૦ ॥ સર્વ તેજનું તેજ, પહેલ

પછે હો લાલ ॥ ૩ ॥ સા૦ ॥ જેહ ન મરૂતને ગમ્ય, ચંચલતા જે નવી લહે હો લાલ ॥ સા૦ ॥ જેહ સદા છે રમ્ય, પૃષ્ઠ ગણે નવી કૃશ રહે હો લાલ ॥ ૪ ॥ સા૦ ॥ પુદ્ગલ તેલ ન ખેપ, તેહ ન શુદ્ધ દશા દહે હો લાલ ॥ સા૦ ॥ શ્રી નયવિજય સુશિષ્ય, વાચક યશ ઇણીપરે કહે હો લાલ ॥ ૫ ॥

---

## ૧૮ શ્રી અરનાથ પ્રભુનું સ્તવન.

આસણરા જોગી–એ દેશી.

શ્રી અરજીન ભવજલનો તારૂ, મુજ મન લાગે વારૂરે, મન મોહન સ્વામી; બાહ્ય ગ્રહી એ ભવજલ તારે, આણે શીવપુર આરેરે ॥ મન૦ ॥ ૧ ॥ તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માનેરે ॥ મન૦ ॥ પણ નવી ભય મુજ હાથો હાથે, તારે તે છે સાથેરે ॥ મન૦ ॥ ૨ ॥ ભક્તને સ્વર્ગ સ્વર્ગથી

અધિકું, જ્ઞાનીને ફલ દેઈરે ॥ મન૦ ॥ કાયા કષ્ટ વિના ફલ લહીએ, મનમાં ધ્યાન ધરેઈ રે ॥ મન૦ ॥ ૩ ॥ જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે ॥ મન૦ ॥ શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને; શિવ દીયે પ્રભુ સપરાણો રે ॥ મન૦ ॥ ૪ ॥ પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજારે ॥ મન૦ ॥ વાચક યશ કહે અવર ન ધ્યાઉં એ પ્રભુના ગુણ ગાઉરે ॥ મન૦ ॥ ૫ ॥

## ૧૯ શ્રી મલ્લીનાથ સ્વામીનું સ્તવન.

નાભિરાયા કે બાગ—એ દેશી.

તુજ મુજ રીઝની રીઝ, અટપટ એહ ખરીરી; લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી ॥ ૧ ॥ મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી, દોય રીઝણનો ઉપાય, સામું કાં ન જુએરી ? ॥ ૨ ॥ દુરારાધ્ય છે લોક,

સહુને સમ ન શરીરી; એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી ॥ ૩ ॥ લોક લોકોત્તર વાત, રીઝ વે હોય જુઈરી; તાત ચક્ર ધર પુજ્ય, ચિંતા એહ હુઇરી ॥ ૪ ॥ રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી; શ્રી નય-વિજય સુશિષ્ય, એહીજ ચિત્ત ધરેરી ॥ ૫ ॥

---

## ૨૦ શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન.

પાંડવ પાંચે વંદતાં—એ દેશી.

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે, વદન અનોપમ નિરખતાં, મારાં ભવ ભવનાં દુઃખ જાય રે ॥ મારાં ભવ ભવનાં દુઃખ જાય, જગતગુરૂ જાગતો સુખકંદ રે; સુખકંદ અમંદ આણંદ, પરમ ગુરૂ દીપતો ॥ સુખકંદ રે ॥ ૧ ॥ એ આંકણી ॥ નિશિ દિન સુતાં જાગતાં, હઇડાથી ન રહે દુર રે; જબ ઉપકાર સંભારીએ, તવ ઉપજે

આનંદ પુર રે ॥ તવ૦ ॥ જગત૦ ॥ સુખકંદ ॥ ॥ ૨ ॥ પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે; ગુણ ગુણ અનુબંધી હુઆ; તે તો અક્ષય ભાવ કહાય રે ॥ તે૦ ॥ ॥ જ૦ ॥ સુ૦ ॥ ૩ ॥ અક્ષય પદ દીયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપરે; અક્ષર સ્વર ગોચર નહી, એ તો અકળ અમાત્ર અરૂપ રે ॥ એ૦ ॥ જ૦ ॥ સુ૦ ॥ ૪ ॥ અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનતા તે ન લખાય રે: વાચક યશ કહે પ્રેમથી, પણ મન માંહે પરખાય રે ॥ પણ૦ ॥ જગત૦ ॥ સુખકંદ૦ ॥ ૫ ॥

---

## ૨૧ શ્રી નમિનાથ પ્રભુનું સ્તવન.

શ્રી નમિ જિનની સેવા કરતાં, અલિય વિઘન સવી દુરે નાસેજી; અષ્ટ મહા સિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમુર પાસેજી ॥ શ્રી૦ ॥ ૧ ॥ મયમત્તા અંગણ ગજ ગાજે,

રાજે તેજી તુખાર તે ચંગાજી; બેટા બેટી બંધવ જોડી, લહીયે બહુ અધિકાર રંગાજી ॥ શ્રી૦ ॥ ૨ ॥ વલ્લભ સંગમ રંગ લહીજે, અણુવાહલા હોય દુર સહેજેજી; વાંછા તણો વિલંબ ન હુજો, કારજ સીજે ભૂરિ સહેજેજી ॥ શ્રી૦ ॥ ૩ ॥ ચંદ્ર કીરણ ઉજ્વલ યશ ઉલસે, સૂરજ તુલ્ય પ્રતાપી દીપેજી, જે પ્રભુ ભક્તિ કરે નિત્ય વિનયે, તે અરિયણ બહુ પ્રતાપી ઝીપેજી ॥ શ્રી૦ ॥ ૪ ॥ મંગલ માલા લચ્છી વિશાલા, બાલા બહુલે પ્રેમ રંગીજી; શ્રી નયવિજય વિબુધ પય સેવક, કહે લહીએ સુખ પ્રેમ અંગેજી ॥ શ્રી૦ ॥ ૫ ॥

---

## ૨૨ શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન.

આટલા દિન હું જાણતો રે હાં,–એ દેશી.

તોરણ આવી રથ ફેરી ગયા રે હાં, પશુઆં દેઇ દોષ; મેરે વાલમા ॥ નરભવ

નેહ નિવારીયે રે હાં, શ્યે જોઇ આવ્યા જોષ ॥ મે૦ ॥ ૧ ॥ ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામ ને સીતા વિયોગ ॥ મે૦ ॥ તેહ કુરંગને વયણડે રે હાં, પતિ આવે કુણ લોગ ॥ મે૦ ॥ ૨ ॥ ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધુતારી હેત ॥ મે૦ ॥ સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશું કવણ સંકેત? ॥ મે૦ ॥ ૩ ॥ પ્રીત કરંતાં સોહિલી રે હાં, નિરવહેતાં જંજાલ ॥ મે૦ ॥ જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાળ ॥ મે૦ ॥ ૪ ॥ જો વિવાહ અવસરે દીયો રે હાં, હાથ ઉપર નવિ હાથ ॥ મે૦ ॥ દીક્ષા અવસર દીજીએ રે હાં, શિર ઉપર જગનાથ ॥ મે૦ ॥ ૫ ॥ ઈમ વલવલતી રાજુલ ગઇ રે હાં, નેમિ કને વ્રત લીધ ॥ મે૦ ॥ વાચક યશ કહે પ્રણમીયે રે હાં, એ દંપતી દોય સિદ્ધ ॥ મે૦ ॥ ૬ ॥

## ૨૩ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન.

દેખી કામની દોય–એ દેશી.

વામા નંદન જિનવર મુનિમાંહે વડો રે, કે મુનિમાંહે વડો ॥ જિમ સુરમાંહિ સોહે સુરપતિ પરવડો રે કે સુર૦ ॥ જિમ ગિરિમાંહિ સુરાચલ મૃગમાંહે કેસરી રે ॥ મૃગ૦ ॥ જિમ ચંદન તરૂમાંહિ સુભટમાંહિ શુર અરિ રે ॥ સુ૦ ॥ ૧ ॥ નદીયમાંહી જિમ ગંગ અનંગ સુરૂપમાં રે, અનંગ૦ ॥ ફુલમાંહિ અરવિંદ ભરતપતિ ભૂપમાં રે ॥ ભ૦ ॥ ઐરાવણ ગજ માંહિ ગરૂડ ખગમાં યથા રે ॥ ગરૂડ૦ ॥ તેજવંતમાંહિ ભાણ વખાણમાંહિ જિનકથા રે ॥ વ૦ ॥ ૨ ॥ મંત્રમાંહિ નવકાર રત્નમાંહિ સુરમણિ રે ॥ રત્ન ॥ સાગરમાંહિ સ્વયંભૂ-રમણ શિરોમણિ રે ॥ રમ૦ ॥ શુકલ ધ્યાન જિમ ધ્યાનમાં અતિ નિર્મલપણે રે ॥ અતિ૦ ॥ શ્રી નયવિજય વિબુધ પય સેવક ઈમ ભણે રે ॥ સેવક૦ ॥ ૩ ॥

## ૨૪ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે ।। સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મળ થાયે કાયા રે ।। ગિ૦ ।। ૧ ।।
તુમ ગુણ ગણ ગંગા જલે, હું ઝીલીને નિર્મળ થાઉં રે ।। અવર ન ધંધો આદરૂં; નિશ દિન તોરા ગુણ ગાઉં રે ।। ગિ૦ ।।૨।।
ઝીલ્યા જે ગંગાજલે, તે છિલ્લર જલ નવિ પેસે રે ।। જે માલતી ફુલે મોહીયા; તે બાવલ જઈ નવિ બેસે રે ।। ગિ૦ ।। ૩ ।।
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે ।। તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યા રે ।। ગિ૦ ।। ૪ ।।
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે ।। વાચક યશ કહે માહરે, તું જીવન જીવ આધારો રે ।। ગિ૦ ।। ૫ ।।

# પદ્મવિજયજી કૃત.

ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ ચોવિશિ.

## ૧ શ્રીઋષભદેવ સ્વામીનું ચૈત્યવંદન.

આદિ દેવ અલવેસરૂ, વિનીતાનો રાય; નાભિરાયા કુલ મંડણો, મરૂદેવા માય ॥૧॥ પાંચસે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ; ચોરાશી લાખ પૂર્વનું, જશ આયુ વિશાલ ॥ ૨ ॥ વૃષભ લંછન જિન વૃષ ધરૂએ, ઉત્તમ ગુણ મણિખાણ; તસ પદ પદ્મ સેવન થકી, લહીએ અવિચળ ઠાણ ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ૧ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન.

મહાવિદેહ ક્ષેત્ર સોહામણું-એ દેશી.

જગ ચિંતામણી જગ ગુરૂ, જગત સરણ આધાર લાલરે; અઢાર કોડા કોડી સાગરે ધરમ ચલાવણ હાર લાલરે ॥ જગ૦ ॥ ૧ ॥

આષાઢ વદિ ચોથે પ્રભુ, સ્વર્ગથી લીએ અવતાર લાલરે; ચૈતર વદિ આઠમ દિને, જનમ્યા જગદાધાર લાલરે. ॥ જગ૦ ॥ ૨ ॥ પાંચસે ધનુષની દેહડી, સોવન વર્ણ શરીર લાલરે; ચૈતર વદિ આઠમે લીએ, સંજમ મહા વડવીર લાલરે ॥ જગ૦ ॥ ૩ ॥ ફાગણ વદિ અગ્યારસે, પામ્યા પંચમ નાણ લાલરે; મહાવદિ તેરસે શિવ વર્યા, જોગ નિરોધ કરી જાણ ॥ જગ૦ ॥ ૪ ॥ ચોરાશી લાખ પૂર્વનું જિનવર ઉત્તમ આય લાલરે; પદ્મ વિજય કહે પ્રણમતાં, વહેલું શિવ સુખ થાય લાલરે ॥ જગ૦ ॥ ૫ ॥ ઇતિ.

---

## ૧ શ્રી ઋષભદેવ સ્વામીની સ્તુતિ.

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા; મરૂદેવા માયા, ધોરી લંછન પાયા; જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા; કેવળ શ્રી

રાયા, મોક્ષ નગરે સધાયા ।। ૧ ।। સવી જન સુખકારી, મોહ મિથ્યા નિવારી; દુરગતિ દુઃખભારી, શોક સંતાપ વારી; શ્રેણી ક્ષપક સુધારી; કેવલાનંત ધારી, નમીએ નરનારી; જેહ વિશ્વોપકારી ।।૨।। સમોસરણ બેઠા, લાગે જે જિનજી મીઠા; કરે ગણુપ પઈઠ્ઠા ઈંદ્ર ચંદ્રાદિ દીઠા; દ્વાદશાંગી વરીઠ્ઠા, ગુંથતાં ટાલે રિઠ્ઠા; ભવિજન હોય હીઠ્ઠા, દેખી પુન્યે ગરિઠ્ઠા ।। ૩ ।। સુર સમકીતવંતા. જેહ રિદ્ધે મહંતા; જેહ સજ્જન સંતા, ટાળીએ મુજ ચિંતા; જિનવર સેવંતા વિઘ્ન વારો દુરંતા. જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા ।। ૪ ।। ઇતિ ।।

---

## ૨ શ્રી અજિતનાથ સ્વામીનું ચૈત્યવંદન

અજિત નાથ પ્રભુ અવતર્યા, વિનીતાનો સ્વામી, જિત શત્રુ વિજયાતણો, નંદન શિવ ગામી ।। ૧ ।। બહોંતેર લાખ પૂરવ તણું,

પાળ્યું જેણે આય; ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુરરાય ॥ ૨ ॥ સાડા ચારસેં ધનુષ્યનીએ, જિનવર ઉત્તમ દેહ; પાદ પદ્મ તસ પ્રણમીએ, જેમ લહીએ શિવ ગેહ ॥ ૩ ॥

---

## ૨ શ્રી અજિતનાથ જિન સ્તવન

શ્રી અજિત જિનેશ્વર વંદિએ, જે ત્રિભુવન જન આધાર રે; પચાસ લાખ કોડી આયરનો, અંતર આદિ અજિત વિચારરે ॥ શ્રી અજિત૦ ॥ ૧ ॥ સુદ વૈશાખની તેરસે. પ્રભુ અવતર્યા જગ સુખદાય રે; મહા સુદિ આઠમ દિને જનમિઆ, તેમ નૌમી વ્રત ધાર થાય રે ॥ શ્રી અજિત૦ ॥ ૨॥ એકાદશી અર્જુન પક્ષની, પોષ માસની પામ્યા નાણ રે; ચૈતર સુદિ પાંચમને દિને, પામ્યા પ્રભુ શાશ્વત ઠાણરે ॥ શ્રી અજિત૦ ॥ ૩ ॥ સાડા ચારસેં ઉંચી ધનુષની, કાયા કંચન તે વાનરે; લાખ બહોં-

તેર પુર્વનું આઉખું, જગ ઉપગારી ભગવાનરે ॥ શ્રી અજિત૦ ॥૪॥ જે જિનવર નમતાં સાંભરે, એકસો સીત્તેર મહારાજરે; તેહના ઉત્તમ પદ પદ્મની, સેવાથી લહે શિવરાજરે ॥ શ્રી અજિત૦ ॥ ૫॥ ઇતિ ॥

---

## ૨ શ્રી અજિતનાથ પ્રભુની સ્તુતિ

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો, શીતળતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો મુખ જેમ અરવિંદો જાસ સેવે સુરીંદો; લહો પરમાણંદો; સેવના સુખ કંદો ॥ ૧ ॥

---

## ૩ શ્રી સંભવનાથ સ્વામીનું ચૈત્યવંદન.

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ; જીતારી નૃપ નંદનો, ચલવે શિવ સાથ ॥૧॥ સેના નંદન ચંદને, પુજો નવ અંગે; ચારસે ધનુષ્ય દેહમાન, પ્રણમો મનરંગે ॥ ૨ ॥

સાઠ લાખ પુરવતણું એ, જિનવર ઉત્તમ આય; તુરગ લંછન પદ પદ્મમાં; નમતાં શિવ સુખ થાય ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન;

શાંતિ જિન એક મુઝ વિનતી–એ દેશી

સંભવ જિનવર સુખ કરૂ,સાગર ત્રીસ લાખ કોડીરે; અજિત સંભવ વચ્ચે આંતરૂં, જગતમાં જાસ નહિ જોડીરે, ॥ સંભવ૦ ॥ ૧ ॥ ફાગણ સુદ તણી આઠમે, જેહનું ચ્યવન કલ્યાણરે; માગસર સુદની ચૌદસે; નીપનો જનમ જિન ભાણરે.॥સંભવ૦॥૨॥ કનક વરણે તજી કામની, લીધો સંયમ ભાર; પુર્ણિમા માગસર માસની, ઘર તજી થયા અણુગારરે ॥ સંભવ૦ ॥ ૩ ॥ ચારસેં ધનુષની દેહડી, કાતીવદ પાંચમે નાણરે; લોક અલોક ખટ દ્રવ્ય જે, પ્રત્યક્ષ નાણ પ્રમાણ રે ॥ સંભવ૦ ॥ ૪ ॥

ચઈતર સુદ પાંચમે શિવવર્યા, સાઠ લાખ પુર્વનું આયરે, તાસ ઉત્તમ પદ પદ્મની, સેવાથી સુખ થાય રે ॥ સંભવ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

### ૩ શ્રી સંભવનાથ સ્વામીની સ્તુતિ

સંભવ સુખદાતા જેહ જગમાં વિખ્યાતા; ષટ જીવોના ત્રાતા, આપતા સુખશાતા; માતાને ભ્રાતા, કેવળજ્ઞાન જ્ઞાતા; દુઃખ દોહગ ત્રાતા, જાસ નામે પલાતા ॥ ૧ ॥ ઇતિ ॥

### ૪ શ્રી અભિનંદન સ્વામીનું ચૈત્યવંદન

નંદન સંવર રાયના, ચોથા અભિનંદન; કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન ॥ ૧ ॥ સિદ્ધાર્થા જસ માવડી, સિદ્ધારથ જસ તાય; સાડા ત્રણસેં ધનુષ્ય માન, સુંદર જસ કાય ॥ ૨ ॥ વીનિતા વાસી વંદીએ એ, આયુ લખ પચાસ; પુરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ. ॥ ૩ ॥ ઇતિ ॥

---

# ૪ શ્રી અભિનંદન જિન સ્તવન

તુમે જોજો જોજોરે વાણિને પ્રકાશે તુમે; ॥ એ આંકણી ॥ ઉઠે છે અખંડ ધ્વની જોજને સંભલાય, નર તિરિય દેવ આપણી, સહુ ભાષા સમજી જાય ॥ તુમે૦ ॥ ૧ ॥ દ્રવ્યાદિક દેખી કરીને, નય નિક્ષેપે જુત્ત, ભંગ તણી રચના ઘણી, કાંઇ જાણે સહુ અદ્દભૂત ॥ તુમે૦ ॥૨॥ પય સુધાને ઇક્ષુ, વારિ હારી જાએ સર્વ, પાખંટી જન સાંભળીને, મુકી દીએ ગર્વ ॥ તુમે૦ ॥૩॥ ગુણ પાંત્રીસ અલંકરી, અભિનંદન જિન વાણી, સંયમ છેદે મનતણા, પ્રભુ કેવળજ્ઞાને જાણી ॥ તુમે૦ ॥ ૪ ॥ વાણી જે નર સાંભળે તે, જાણે દ્રવ્યને ભાવ, નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજપર ભાવ ॥ તુમે૦ ॥ ૫ ॥ સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાનને આચાર; હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્વા તત્વ વિચાર ॥ તુમે૦ ॥ ૬ ॥ નરક સરગ અપવર્ગ જાણે, થિરવ્ય

વને ઉતપાત; રાગદ્વેષ અનુબંધ જાણે, ઉછરંગને અપવાદ ॥ તુમે૦ ॥ ૭ ॥ નિજ સ્વરૂપને ઓળખીને અવલંબે સ્વરૂપ; ચિદાનંદ ઘન આતમા તે, થાયે નિજ ગુણ ભુપ ॥ તુમે૦ ॥ ૮ ॥ વિણથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ નિમાતે પરભાવ તજીને, પામે શિવપુર પદ્મ ॥ તુમે૦ ॥ ૯ ॥ ઇતિ ॥

---

## ૪. શ્રી અભિનંદન સ્વામીની સ્તુતિ.

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો; થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો; પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાને રાચો; જિન પદ સુખ સાચો ભવ્ય પ્રાણી નિકાચો ॥૧॥

---

## ૫. શ્રીસુમતિનાથ સ્વામીનું ચૈત્યવંદન.

સુમતિનાથ સુહંકરૂ, કૌશલ્યા જસ નયરી;
મેઘરાય મંગલાતણો, નંદન જિત વયરી॥૧॥

કોંચ લંછન જિન રાજીયો, ત્રણશેં ધનુષની દેહ; ચાલીશ લાખ પૂર્વતણું, આયુ અતિ ગુણ ગેહ. ॥ ૨ ॥ સુમતિ ગુણે કરી જે ભર્યો એ, તર્યો સંસાર અગાધ; તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યા બાધ. ॥૩॥

---

## ૫. શ્રી સુમતિ જિન સ્તવન.

અંબ લીલા રંગાવો વરનાં મોળીયાં—એ દેશી.

સેવો સુમતિ જિનેશ્વર સાહિબો, પ્રભુ અભિનંદનથી એહરે; નવ લાખ કોડી સાગર તણો, અંતર ગુણ ગણમણી ગેહરે ॥સેવો૦ ૧॥ ચવ્યા શ્રાવણ સુદિ બીજને દિને, સુચિત ચૌદ સુપને જેહરે; વૈશાખ સુદિ આઠમે જનમીયા, ત્રણ જ્ઞાન સહિત વરદેહરે ॥ સેવો૦ ॥ ૨ ॥ ઉંચી કાયા ત્રણસેં ધનુષની, સોવન વન અતિ અવદાતરે; સુદિ વૈશાખ નવમીએ વ્રત લીએ, દેઇ દાન સંવત્સરી ખ્યાતરે ॥સે૦॥૩॥

ચૈતર સુદિ અગીઆરસ દિને, લહ્યા પ્રભુજી પંચમનાણરે; ચૈતર સુદિ નવમીયે શિવ વર્યા, પુર્વ લાખ ચાલીસ આયુ જાણરે. ॥ સેવો૦ ॥ ૪ ॥ એ તો જિનવર જગગુરૂ મીઠડો, માહરા આતમ છો આધાર રે; ભવ ભવ પ્રભુ શરણે રાખજો, કહે પદ્મવિજય ધરી પ્યારરે. ॥ સેવો૦ ॥ ૫ ॥ ઈતિ ॥

---

## ૫. શ્રી સુમતિનાથ સ્વામીની સ્તુતિ.

સુમતિ સુમતિ દાઈ, મંગલા જા સમાઈ મેરૂનેરાઇ; ઓર એહમેં તુલાઇ; ક્ષય કીધાં ઘાઇ, કેવળ જ્ઞાન પાઇ; નહિ ઉણીમ કાંઇ, સેવીએ એ સદાઇ ॥ ૧ ॥ ઈતિ

---

## ૬, શ્રી પદ્મપ્રભ સ્વામીનું ચૈત્યવંદન.

કોશંબી પુરી રાજીયો, ધર નરપતિ તાય; પદ્મપ્રભુ પ્રભુતા મઈ, સુસીમા જસ

માય ॥ ૧ ॥ ત્રીશ લાખ પુર્વ તણું; જિન આયુ પાલી; ધનુષ અઢીસેં દેહડી, સવી કર્મને ટાળી ॥ ૨ ॥ પદ્મ લંછન પરમેશ્વરૂએ, જિનપદ પદ્મની સેવ; પદ્મવિજય કહે કીજીએ, ભવિજન સહુ નિત્ય મેવ ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

સાહેલડીયાં–એ દેશી.

પદ્મપ્રભ છઠ્ઠા નમો સાહેલડીયાં, સુમતિ પદ્મ વચે જેહ ગુણવેલડીયાં, નેઉ સહસ કોડી અયરનો સા૦ અંતર જાણે એહ ગુ૦૧॥ ચવિઆ મહા વદિ છઠ દિને સા૦ જન્મ તે કાતિક માસ ગુ૦ વદિ બારશ દિન જાણીએ સા૦ રક્તવર્ણ છે જાસ ગુ૦ ॥ ૨ ॥ ધનુષ અઢીસેં દેહડી સા૦ કાતિ માસ કલ્યાણ ગુ૦ વદિ તેરસે ત આદર્યાં સા૦ ચૈત્રી પુનમે નાણ ગુ૦ ॥ ૩ ॥ ત્રાસ લાખ પુર્વ તણું સા૦

આચુ ગુણ મણિ ખાણ ગુ૦ માગશર વદિ અગીઆરસેં સા૦ પામ્યા પદ નિર્વાણ ગુ૦૪॥ સાહેબ સુરતરૂ સમો ગુ૦ જિન ઉત્તમ મહારાજ ગુ૦ પદ્મ વિજય કહે પ્રણમીયે ગુ૦ સીજે વાંછિત કાજ ગુ૦ ॥૫॥

---

## ૬. શ્રી પદ્મપ્રભ સ્વામીની સ્તુતિ.

અઢીસે ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા; સુસીમા જસ માયા, શુક્લ જે ધ્યાન ધાયા, કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા; સેવે સુરરાયા, મોક્ષ નગરે સધાયા ॥૧॥

---

## ૭. શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું ચૈત્યવંદન

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાળો ભવફેરો; પૃથ્વી માતાને ઉરે, જાયો નાથ હમેરો ॥૧॥ પ્રતિષ્ઠિત સુત સુંદરૂ, વાણારશી રાય; વીશ લાખ પુર્વ તણું, પ્રભુજીનું આય ॥ ૨ ॥

ધનુષ બસેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર; પદ પદ્મે જસ રાજતો, તાર તાર મુજ તાર ॥ ૩ ॥ ઇતિ ॥

---

## શ્રી સુપાર્શ્વજિન સ્તવન.

ઝુંબખડાની–દેશી.

સાતમો સગ ભય વારવા, જિનવરજી જયકાર, સોભાગી સાંભળો; અંતર સાગર એહનો, નંદ કોડી હજાર ॥ સોભાગી૦ ૧ ॥ ભાદરવા વદની આઠમે, ચવીયા સ્વર્ગને છાંડી, સો૦ ॥ જેઠ સુદિ બારસ જનમીયા, એ પ્રભુશું રઢ માંડી. ॥ સોભાગી૦ ૨ ॥ ધનુષ બસે તનું જેહનું, કાન્તિ કનક અનુહાર; સો૦ જેઠ સુદિ તેરસે આદરે, ચોખા મહાવ્રત ચાર; સોભાગી૦ ૩ ॥ ફાગણ વદિ છઠે ઉપન્યું, નિરૂપમ પંચમનાણુ, સો૦ વીશ લાખ પુર્વ તણું; આઉખું ચઢયું શું પ્રમાણુ,

સોભાગી૦ ૪ ॥ ફાગણ વદિ સાતમ દિને, પારંગત થયા દેવ; સો૦ જિન ઉત્તમ પદ પદ્મની, કીજે નિત નિત સેવ; સોભાગી૦ ૫ ॥

---

## ૭ શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ.

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી; હૃદયે પહેંચાણી, ॥ તે તર્યાં ભવ્ય પ્રાણી; પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી, ષટ્ દ્રવ્ય શ્યું જાણી, કર્મ પીલે જયું ઘાણી ॥ ૧ ॥ઇતિ ॥

---

## ૮. શ્રી ચંદ્રપ્રભ પ્રભુનું ચૈત્યવંદન.

લક્ષ્મણા માતા જનમીયા; મહસેન જસ તાય, ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય ॥ ૧ ॥ દશ લાખ પુર્વ આઉખું, દોઢસો ધનુષ્યની દેહ; સુર નરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ ॥ ૨ ॥

ચંદ્રપ્રભુ જિન આઠમાએ, ઉત્તમ પદ દાતાર;
પદ્મવિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુ પાર
ઉતાર ॥ ૩ ॥

---

## ૮. શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન.

મુખને મરકલડે—એ દેશી.

શ્રી ચંદ્રપ્રભ જિનરાયજી, જિનવર જય-
કારી, નવસે કોડી અયર વચે થાયજી, ભવિ-
જન હિતકારી; ચૈતર વદિ પાંચમે ચવીયાજી,
સહુજન સુખકારી, નારકી સુખ લહે અણ
મળીયાંજી, ભવિજન ભયહારી ॥ ૧ ॥ પોષ
વદિ બારસને દિનેજી, જનમ્યા જાઉં વારી,
કુંદિં દુ ગોખીર સમ તનજી, જાઉં હું
બલિહારી; જસ દોઢસો ધનુષની, કાયાજી
ઉંચપણે ધારી, પોષ વદિ તેરસે વ્રત પાયાજી,
છોડો કંચન નારી ॥ ૨ ॥ ફાગણ વદિ સાતમે

પામ્યાજી સર્વજ્ઞ પદ ભારે, સુર અસુર મલિ શિર નમ્યાજી, મહોત્સવ કરે ત્યારે, ભાદરવા વદિ સાતમે વરીયાજી, શિવ સુંદરી સારી; આયુ દશ લાખ પુર્વ ધરીયાજી, બહુ ભવિ-જન તારી ॥ ૩ ॥ કોઈ અપુર્વ ચંદ્રમા એહજી, લંછને અવિકારી; નવિ રાહુ ગ્રહણ કરે જેહજી, નિત ઉદ્યોતકારી; નવિ મેઘ આવે જસ આગેજી, કાન્તિ શોભા હારી; નવિ ખંડિત હોય કોય માગેજી, સહુ નમે નિર્ધારી;॥૪॥ તું સાહેબ જગનો દિવોજી, અંધકાર વારી; લક્ષ્મણા નંદન ચિરંજીવોજી, જગમોહનકારી; કહે પદ્મવિજય કરૂં સેવાજી, સર્વ દૂરે ટાળી; જેમ લહિયેં શિવસુખ મેવાજી, અનોપમ અવધારી ॥ ૫ ॥

---

## ૮. શ્રી ચંદ્રપ્રભ સ્વામીની સ્તુતિ.

સેવે સુર વૃંદા, જાસ ચરણા વિંદા;

અર્હુસ જિણચંદા, ચંદ વરણે સોહંદા; મહસેન નૃપનંદા, કાપતા દુઃખ દંદા; લંછન મિષ ચંદા, પાય માનું સેવંદા ॥ ૧ ॥

---

## ૯. શ્રી સુવિધિનાથ સ્વામીનું ચૈત્યવંદન

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત; મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત ॥ ૧ ॥ આયુ બે લાખ પુર્વ તણું, શત ધનુષની કાય; કાકંદી નગરી ધણી, પ્રણમુ પ્રભુ પાય ॥ ૨ ॥ ઉત્તમ વિધિ જેહથી લહોએ, તીણે સુવિધિ જિન નામ; નમતાં તસપદ પદ્મને, લહીએ શાશ્વત ધામ ॥૩॥

---

## ૯ શ્રી સુવિધિનાથ જિન સ્તવન

વાડી ફુલી અતિ ભલી મન ભમરારે—એ દેશી

સુવિધિ જિન પતિ સેવીએ મન મોહન મેરે, અંતર સુવિધિચંદ; મન૦ નેઉ કોડી

સાગરતણું; મન૦ પ્રણમો ભવિજન વૃંદ; મન૦ ॥ ૧ ॥ ફાગણ વદી નવમી ચવ્યા; મન૦ રામા ઉર સર હંસ; મન૦ માગસર વદી પાંચમે જણ્યા, મન૦ દીપાવ્યો સુગ્રીવ વંશ, મન૦ ॥ ૨ ॥ એકસો ધનુષ કાયા ભલી, મન૦ વરણ ચંદ અનુહાર; મન૦ માગસર વદિ છઠ્ઠ વ્રતી; મન૦ લીધો સંયમ ભાર મન૦ ॥ ૩ ॥ સુદિ કાર્તિક ત્રીજે થયા, મન૦ લોકાલોકના જાણ, મન૦ ભાદરવા સુદિ નવમી દિને; મન૦ પ્રભુ પામ્યા નિર્વાણ; મન૦ ॥ ૪ ॥ દોય લાખ પુરવ તણું; મન૦ જિનવર ઉત્તમ આય; મન૦ પદ્મ વિજય કહે પ્રણમતાં મન૦ આ પદ દૂર પલાય; મન૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

## ૯ શ્રી સુવિધિનાથ સ્વામીની સ્તુતિ

નરદેવ ભાવ દેવો, જેહની સારે સેવો;
જેહ દેવાધિ દેવો, સાર જગમાં જયું મેવો;

જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો; સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તત ખેવો ॥ ૧ ॥

---

## ૧૦ શ્રી શીતળનાથ પ્રભુનું ચૈત્યવંદન

નંદા દૃઢરથ નંદનો શીતલ શીતલનાથ; રાજા ભદ્દિલ પુરતણો, ચલવે શિવ સાથ ॥ ૧ ॥ લાખ પુર્વનું આઉખું, નેઉ ધનુષ પ્રમાણ; કાયા માયા ટાળીને, લહ્યા પંચમ નાણ ॥ ૨ ॥ શ્રીવચ્છ લંછન સુંદરૂ એ, પદ પદ્મ રહે જાસ; તે જિનની સેવા થકી લહીએ લીલ વિલાસ ॥ ૩ ॥

---

## ૧૦ શ્રી શીતળનાથ પ્રભુનું સ્તવન

વારી હું ગોડી પાસની–એ દેશી

શીતળનાથ સુહંકરૂ, નમતાં ભવભય જાય મોહન સુવિધિ શીતળ વચ્ચે, આંતરો નવ કોડી સાગર થાય મોહન૦ ॥ ૧ ॥ વૈશાખ

વદિ છઠે ચવ્યા, મહા વદિ બારસે જન્મ; મો૦ નેઉ ધનુષ સોવન વને, નવિ બાંધે કોઈ કર્મ, મો૦ ॥ ૨ ॥ મહા વદિ બારસે આદરી, દિક્ષા દક્ષ જિણંદ; મો૦ પોષ અંધારી ચૌદશી, ઉગ્યો જ્ઞાન દિણંદ, મો૦ ॥ ૩ ॥ લાખ પુવનું આઉખું, બીજ વૈશાખ વદિ માસ મો૦ અજરામર સુખીયા થયા, છેદ્યો ભવભય પાસ, મો૦ ॥ ૪ ॥ એ જિન ઉત્તમ પ્રણમતાં, અજરામર હોએ આપ, મો૦ પદ્મ વિજય પ્રભુ આગમે, એહવી દીધી છાપ, મો૦ ॥ ૫ ॥

---

## ૧૦ શ્રી શીતળનાથ પ્રભુની સ્તુતિ

શીતળ જિન સ્વામી, પુન્યથી સેવા પામી પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી, જે શિવ ગતિ ગામી, શાશ્વતાનંદ ધામી, ભવી શિવસુખ કામી, પ્રણમીએ શીષ નામી ।૧।

---

## ૧૧ શ્રી શ્રેયાંસનાથ પ્રભુનું ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય; વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય ॥ ૧ ॥ વર્ષ ચોરાશી લાખનું, પાળ્યું જિણે આય; ખડ્ગી લંછન પદક જે, સિંહપુરીનો રાય ॥ ૨ ॥ રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન; પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ૧૧ શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન

પ્રથમ ગોવાળા તણે ભવેજી–એ દેશી.

છવીસ સહસ લખ છાસઠેજી, વર્ષ સો સાગર એક; ઉણાં કોડી સાગર તણુંજી, શ્રેયાંસ અંતર છેકરે ॥ ૨ ॥ ભવિકા વંદો શ્રી જિનરાજ, તુમે સારો આતમ કાજરે; ભવિ૦ જેઠ વદિ છઠ દિનેજી, ફાગણ વદિ માંરે જોય;

કંચન વરણા હોયરે ॥ ૨ ॥ ભવિ૦ એશી ધનુષ કાયા કહીજી, જાસ સુગંધીરે સાસ; ફાગણ વદિ તેરસે ગ્રહેજી, સંયમ સુખ આવાસરે ॥ ૩ ॥ ભવિ૦ જ્ઞાન અમાસ મહા માસનીજી, આયુ ચોરાશી લાખ; વર્ષ શ્રાવણ વદિ શિવ વર્યાજી, ત્રીજ દિને એમ ભાખરે ॥ ૪ ॥ ભવિ૦ જિન કલ્યાણક દીઠડાજી, ધન્ય ઉત્તમ નર નાર; પદ્મ કહે સફલો કર્યોજી, માનવનો અવતાર રે; ભવિ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

## ૧૧ શ્રી શ્રેયાંસનાથ સ્વામીની સ્તુતિ.

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત; પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત; સુર-પતિ સંઘાત, જાસ નિકટે આયાત; કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ શાત ॥ ૫ ॥

---

## ૧૨ શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ચૈત્યવંદન.

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ; વાસુ પૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ ॥ ૧ ॥ મહિષ લંછન જિન બારમા, શીત્તેર ધનુષ પ્રમાણ; કાયા આયુ વરસ વળી, બહોંતેર લાખ વખાણ ॥ ૨ ॥ સંઘ ચતુર્વિધ સ્થાપીને એ, જિન ઉત્તમ મહારાય; તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદિત થાય ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ૧૨ શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

ઇડર આંબા આંબલીરે—એ દેશી.

વાસવ વંદિત વંદીએરે, વાસુપૂજ્ય જિન રાય; શ્રેયાંસને વાસુપૂજ્ય વચેરે, ચોપન સાગર જાય ॥ ૧ ॥ જિનેશ્વર તું મુજ પ્રાણ આધાર, તુંહિજ મોક્ષ દાતાર; જિને૦ ભવીઆ જેઠ સુદિ નવમી એરે, જન્મ તો

ફાગણ માસ; વદિ ચૌદસ દિન જાણીએરે,
ત્રોડે ભવ ભય પાસ ॥ જિન૦ ॥ ૨ ॥
સીત્તેર ધનુ તનુ રક્તતારે, દીપે જાસ
પવિત્ત; અમાવાસ્યા ફાગણ તણીરે, જિનવર
લીએ ચારીત ॥ જિન૦ ॥ ૩ ॥ બીજ મહા
સુદની ભલીરે, પામ્યા જ્ઞાન મહંત, અષાઢ
સુદિ ચૌદસે કર્યોરે, આઠ કર્મનો અંત ॥
॥ જિન૦ ॥ ૪ ॥ આયુ બહોંતેર લાખ
વર્ષનુંરે, જિન ઉત્તમ મહારાજ, બાંહ ગ્રહીને
તારીએરે, પદ્મવિજય કહે આજ ॥ જિન૦
॥ ૫ ॥ ઇતિ ॥

---

## ૧૨ શ્રી વાસુપૂજ્ય પ્રભુની સ્તુતિ.

વિશ્વના ઉપગારી, ધર્મના આદિ કારી;
ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી; તાર્યા
નરને નારી, દુઃખ દોહગ હારી; વાસુપૂજ્ય
નિવારી; જાઉં હું નિત્ય વારી ॥૧॥ ઇતિ ॥

---

## ૧૨ શ્રી વાસુપુજ્ય પ્રભુનું ચૈત્યવંદન.

કપિલ પુરે વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર; કૃત વર્મા નૃપ કુલ નભે, ઉગમીયો દિન કાર ॥ ૧ ॥ લંછન રાજે વરાહનું, સાઠ ધનુષ્યની કાય; સાઠ લાખ વરસા તણું, આયુ સુખદાય ॥ ૨ ॥ વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ; તુજ પદપદ્મ વિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ ॥ ૩ ॥

---

## ૧૩ શ્રી વિમલનાથ પ્રભુનું સ્તવન.

સાહેબા મોતીડોને હમારો–એ દેશી.

વિમળનાથ તેરમા ભવિવંદો, જસ નામે જાએ દુઃખ ફંદો; સાહેબા ગુણવંતા હમારા, મોહના ગુણવંતા; ત્રીસ સાગર અંતર એહું જિનને, ગમીઓ એ પ્રભુ મારા મનને, સાહેબા૦ ॥ ૧ ॥ ચવન વૈશાખ સુદિ બારસ દિન, જન્મ મહા સુદિ ત્રીજનો પુન્ન, સા૦

સાઠ ધનુષ જસદેહ વિરાજે, કનક વર્ણ અતિશય જસ છાજે, ॥ સા૦ ૨ ॥ મહા સુદિ ચોથે ચારિત્ર વરિયા, પોષ સુદિ છઠ્ઠે થયા જ્ઞાનના દરિયા, સા૦ ત્રિગડું રચે સુર પર્ષદા બાર, ચાર રૂપે કરી ધર્મ દાતાર; સા૦ ॥ ૩ ॥ સાઠ લાખ વર્ષ આયુમાન, તાર્યો ભવિજનને અશમાન; સા૦ અષાડ વદિ સાતમે વર્યા સિદ્ધિ, પ્રગટ કીધી આતમ રિદ્ધિ; ॥ સા૦ ૪ ॥ શરણા ગત વચ્છલ જિનરાજ; મુજ શરણા ગતની તુમ્હ લાજ સા૦ જિન ઉત્તમ સેવકને તારો, પદ્મ કહે વિનતી અવધારો; સા૦ ૫ ॥ ઇતિ ॥

---

## ૧૩ શ્રી વિમલનાથ પ્રભુની સ્તુતિ.

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો; શ્યામાંબ મલ્હારો, વિશ્વકીર્તિ વિફારો; યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો; ગુણ ગણ આધારો, પુન્યના એ પ્રકારો ॥ ૧ ॥

---

## ૧૪ શ્રી અનંતનાથ પ્રભુનું ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યાવાસી; સિંહસેન નૃપનંદનો, થયો પાપ નિકાસી ॥૧॥ સુજસા માતા જન્મીયો, ત્રીશ લાખ ઉદાર, વર્ષ આઉખું પાળીયું, જિનવર જયકાર ॥૨॥ લંછન સિંચાણા તણુંએ, કાયા ધનુષ પચાસ; જિનપદ પદ્મ નમ્યા થકી, લહીએ સહજ વિલાસ ॥૩॥ ઈતિ.

---

## ૧૪ શ્રી અનંતનાથ જિન સ્તવન.

ઝાંઝરીયા મુનિવર—એ દેશી.

અનંત જિનેશ્વર ચૌદમાજી, આપો ચાર અનંત; અનંત વિમળ વચે આંતરોજી, સાગર નવતે કહંત ॥૧॥ સોભાગી જિનસ્યું મુઝ મન લાગો રંગ, શ્રાવણ વદિ સાતમને દિનેજી, ચ્યવન કલ્યાણક જાસ; વૈશાખ વદિની તેર-

સેજી, જનમે જગત પ્રકાશ; સોભાગી૦ ॥૨॥ ધનુષ્ય પચાસની દેહડીજી, કંચન વરણ શરીર; વૈશાખ વદિ ચૌદસ દિનેજી, સંજમ સાહસ ધીર; સો૦ ॥૩॥ વૈશાખ વદિની ચૌદશેજી, પામ્યા જ્ઞાન અનંત; ચૈતર સુદિની પાંચમેજી, મોક્ષ ગયા ભગવંત; સો૦ ॥૪॥ ત્રીસલાખ વરસાતણુંજી, ભોગવ્યું ઉત્તમ આય; પદ્મ વિજય કહે સાહેબાજી, તુમતુઠે શિવ થાય ॥ સોભાગી૦ ॥૫॥ ઈતિ.

---

## ૧૪ શ્રી અનંતનાથ જિન સ્તુતિ.

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી; સુર નર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી; એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી; તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી ॥૧॥ ઈતિ.

---

## ૧૫ શ્રી ધર્મનાથ પ્રભુ ચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલીમાત. વજ્ર લંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત ॥ ૧ ॥ દશ લાખ વર્ષનું આઉખું, વપુ ધનુષ્ય પિસ્તાલીશ; રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ ॥ ૨ ॥ ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર; તીણે તુજ પાદ પદ્મતણી, સેવા કરૂં નિરધાર ॥૩॥

---

## ૧૫ શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન.

કપુર હોએ અતિ ઉજળોરે—એ દેશી.

ધરમ જિણંદ ધરમ ધણીરે, વજ્રી સેવે પાય; વજ્ર લંછન જિન આંતરૂંરે; ચાર સાગરનું થાયરે ॥૧॥ પ્રાણી સેવો શ્રી જિન-રાજ, એહિજ ભવજલ જહાજ રે; પ્રાણી૦ વૈશાખ સુદિ સાતમે ચ૦યારે, જનમ્યા મહા સુદિ ત્રીજ; કાયા પીસ્તાલીસ ધનુષનીરે,

જેહથી લહે બોધિ બીજ રે; ।।પ્રાણી૦ ૨।। કનક વરણ કંચન તજીરે, મહાસુદિ તેરસે દીસ; પુરૂ પોષ સુદિ પુનમેરે, જ્ઞાન લહી દીએ શીખરે ।। પ્રાણી૦ ૩ ।। દસ લાખ વરસનું આઉખુંરે, તારી બહુ નરનાર, જેઠ સુદિ પાંચમે શિવ વર્યારે, અજરામર અવિકારરે ।। પ્રાણી૦ ૪ ।। તું સાહેબ સાચો લહીરે, જિનવર ઉત્તમદેવ; પદ્મ વિજય કહે અવરનીરે, ન કરૂં સુપને સેવરે ।। પ્રાણી૦ ૫ ।। ઈતિ.

---

## ૧૫ શ્રી ધર્મનાથ પ્રભુનુ સ્તુતિ.

ધરમ ધરમ ધોરી, કરમના પાસ તોરી; કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી; દર્શની મદ છોરી, જાય ભાગ્યા સટોરી; નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી ।। ૧ ।। ઈતિ.

---

## ૧૬ શ્રી શાન્તિનાથ પ્રભુનું ચૈત્યવંદન૦

શાન્તિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો; વિશ્વસેન કુલ નભમણિ, ભવિજન સુખ કંદો ॥ ૧ ॥ મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ, હથ્થીણા ઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ; ॥ ૨ ॥ ચાલીશ ધનુષની દેહડીએ, સમ ચોરસ સંઠાણ; વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥ ૩ ॥ ઈતિ.

---

## ૧૬ શ્રી શાન્તિનાથ પ્રભુનું સ્તવન.

સુણ મેરી સજની રજની ન જાવેરે—એ દેશી.

શાન્તિ જિનેશ્વર સોલમા સ્વામીરે, એક ભવમાં દોય પદવી પામીરે; પોણો પલ્યોપમ ઓછું જાણોરે, અંતર ત્રણ સાગર મન આણોરે ॥ ૧ ॥ ભાદરવા વદ સાતમ દિન ચવનરે, જન્મ તે જેઠ વદિ તેરસ દિનરે;

ચાલીસ ધનુષ કાયા તજી માયારે, જેઠ વદિ ચૌદસ વ્રતની પાયારે ॥ ૨ ॥ શુદિ નવમી પોષમાં લહે જ્ઞાનરે, અતિશય ચોત્રીસ કંચન વાનરે; લાખ વર્ષ આયુ પ્રમાણરે, જેઠ વદિ તેરસ દિન નિર્વાણરે ॥ ૩ ॥ જિન પારંગતતું ભગવંતરે, સ્યાદ્વાદી શંકર ગુણવન્તરે; શંભુ સ્વયંભુ વિશ્નુ વિધાતારે, તુંહી સનાતન અભયનો દાતારે ॥ ૪ ॥ પિતા ત્રાતા માતા ભ્રાતારે, જ્ઞાતા દેવનો દેવ વિખ્યાતા; એણી પરે ઉપમા ઉત્તમ છાજેરે, પદ્મ વિજય કહે ચઢતા દિવાજેરે, ॥ ૫ ॥

---

## ૧૬ શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તુતિ.

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ ॥ ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ ॥ દ્રવ્ય ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ ॥

ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ ॥૧॥ હોય જીનવર નીલા, હોય ધોળા સુશીલા ॥ હોય રક્ત રંગીલા, કાઢતા કર્મ કીલા ॥ ન કરે કોઈ હીલા, હોય શામા સલીલા ॥ સોળ સ્વામીજી પીળા, આપજો મોક્ષ લીલા ॥૨॥ જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી ॥ સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી ॥ અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી ॥ પ્રણમો હિત આણી, મોક્ષની એ નીશાની ॥ ૩ ॥ વાગેશ્વરી દેવી, હર્ષ હીયડે ધરેવી ॥ જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી ॥ જે નિત્ય સમ રેવી, દુઃખ તેહનાં હરેવી ॥ પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી ॥ ૪ ॥ ઈતિ.

---

## ૧૭ શ્રી કુંથુનાથ સ્વામીનું ચૈત્યવંદન.

કુંથુનાથ કામિત દીયે; ગજપુરનો રાય; સિરિ માતા ઉરે અવતર્યો; સુર નરપતિ તાય

॥ ૧ ॥ કાયા પાંત્રીસ ધનુષ્યની, લંછન જસ છાગ; કેવળ જ્ઞાનાદીક ગુણા, પ્રણમો ધરી રાગ ॥ ૨ ॥ સહસ પંચાણું વરસનુંએ, પાળી ઉત્તમ આય; પદ્મ વિજય કહે પ્રણમીએ, ભાવે શ્રી જિનરાય ॥ ૩ ॥

---

## ૧૭ શ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન.

દેશી—રસીયાની.

કુંથુ જિનેશ્વર પરમ કૃપા કરૂં, જગ ગુરૂ જાગતિ જ્યોત સોભાગી; અર્ધ પલ્યોપમ અંતર શાન્તથી, કુંથુ જિણંદ વિચે હોતી ॥ સો૦ ૧ ॥ ચવીઆ શ્રાવણ વદિ નવમી દિને, વૈશાખ વદિમાંરે જન્મ; સો૦ ચૌદશને દિને તે પ્રભુ પ્રણમતાં, બાંધે નવિ કોયે કર્મ ॥ સો૦ ૨ ॥ પાંત્રીસ ધનુષ પ્રમાણે દેહડી, કંચન વાનેરે કાય; સો૦ વૈશાખ વદિ પાંચમે

દિક્ષા ગ્રહી, તપ કરી કર્મ જ લાય ॥ સો૦ ॥ ૩ ॥ ચૈત્ર સુદિ ત્રીજે જ્ઞાની થયા, આયું પંચાણું હજાર; સો૦ વરસ વૈશાખ વદિ પડવે શિવવર્યા, અશરીરી અણુહાર ॥ સો૦ ૪ ॥ સુર ઘટ સુરગવિ સુર મણી ઉપમા, જિન ઉત્તમ લહે જેહ; સો૦ મુજ મન વંછિત પ્રભુજી આપજો, પદ્મ વિજય કહે એહ ॥ સો૦ ૫ ॥

---

## ૧૭ શ્રી કુંથુનાથ પ્રભુની સ્તુતિ.

કુંથુ જીન નાથ, જે કરે છે સનાથ; તારે ભવ પાથ, જે ગૃહી ભવ્ય હાથ; એહનો તજે સાથ, બાવળે દીયે બાથ; તારે સુરનર સાથ, જે સુણે એક ગાથ. ॥ ૧ ॥ ઈતિ.

---

## ૧૮ શ્રી અરનાથ પ્રભુનું ચૈત્યવંદન.

નાગપુરે અરજિનવરૂ, સુદર્શન નૃપનંદ;

દેવી માતા જન્મીયો, ભવિજન સુખકંદ. ॥૧॥
લંછન નંદા વર્ત્તનું, કાયા ધનુષહ ત્રીશ;
સહસ ચોરાશી વર્ષનું, આયુ જાસ જગીશ ॥૨॥
અરૂજ અજર અજ જિનવરૂ એ, પામ્યા ઉત્તમ ઠાણ;
તસ પદપદ્મ આલંબતાં, લહીએ પદ નિર્વાણ;

---

## ૧૮ શ્રી અરનાથ પ્રભુનું સ્તવન.

દેશીઃ—બીંદલીની છે;

અરનાથ જિનેશ્વર વંદો, ભવ ભવના પાપની કંદોહો; ॥ ભાવે ભવિ પૂજો ॥ કોડી સહસ વર્ષ ઉણ કીજે, પાપલ્યનું અંતર લીજે હો ॥ ભાવે૦ ૧ ॥ ફાગણ સુદી ચવન તે બીજે, સહું જીવે સુખ લહીજે હો; ॥ ભા૦ ॥ માગશર સુદિ દશમે જાયા, છપન્ન દિશ કુમરી ગાયા હો ॥ ભાવે૦ ॥૨॥

ત્રીસ ધનુષ તણી જસ કાયા, છોડી મમતાને માયા હો ॥ ભા૦ ॥ અગીયારસ માગશર સુદિ, લીએ દીક્ષા જે સ્વયં બુદ્ધ હો ॥ભાવે૦ ॥ ૩ ॥ કાતિ સુદ બારસે જ્ઞાન, પામ્યા પ્રભુ કંચન વાન હો ॥ ભા૦ ॥ માગસર સુદિ દશમે જિણંદ: પામ્યા પરમાણંદ હો ॥ભાવે૦ ॥ ૪ ॥ વર્ષ ચોરાસી હજાર, ભોગવી આયુ શ્રીકાર હો ॥ ભા૦ ॥ ઉત્તમ પદ પદ્મની સેવા, કરવી અક્ષય પદ લેવા હો ॥ ભાવે૦ ॥૫॥

---

## ૧૮ શ્રી અરનાથ પ્રભુની સ્તુતિ;

અર જિનવર રાયા, જેહની દેવી માયા; સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા; નંદાવર્ત પાયા, દેશના શુદ્ધ દાયા; સમવ-સરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા ॥ ૧ ॥

---

## ૧૯ શ્રી મલ્લિનાથ સ્વામીનું ચૈત્યવંદન.

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી; પ્રભાવતી જસ માવડી, ટાળે કર્મ વયરી. ॥ ૧ ॥ તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ્ય પચીસની કાયા; લંછન કળશ મંગલ કરૂ, નિરમલ નિરમાયા ॥ ૨ ॥ વરસ પંચાવન સહસનું, જિનવર ઉત્તમ આય; પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય ॥ ૩ ॥

---

## ૧૯ શ્રી મલ્લિનાથ સ્વામીનું સ્તવન.

દેશી—જીહોની છે.

જીહો મલ્લિ જિનેશ્વર મનહરૂં, લાલા અંતર એહ વિચાર; જીહો કોડી સહસ વરસા તણો, લાલા અર મલ્લિ વચે ધાર ॥ ૧ ॥ જિનેશ્વર તું મુજ તારણ હાર, જીહો જગત જંતુ હિતકાર; જિ૦ જીહો ફાગણ સુદી

ચોથે ચવ્યા, લાલા જનમ દીક્ષાનેરે નાણ;
જીહો માગશર સુદી એકાદશી, લાલા એકજ
તિથિ ગુણખાણ ॥ જિ૦ ॥ ૩ ॥ જીહો
વરસ પંચાવન સહસતું, લાલા ભોગવી આયુ
શ્રીકાર; જીહો ફાગણ સુદ બારસ દિને, લાલા
વરીયા સિવવધુ સાર ॥ જિ૦ ॥ ૩ ॥ જીહો
નીલ વરણ તનું જેહનું, લાલા ચોત્રીશ
અતિશય ધાર; જીહો પણ વીસ ધનુષ કાયા
કહી, લાલા વર્જિત દોષ અઢાર ॥ જિ૦ ॥
॥ ૪ ॥ જીહો ચોસઠ ઇંદ્ર સેવા કરે, લાલા
જિન ઉત્તમ નિત મેવ; જીહો મુજ સેવક
કરી લેખવો, લાલા પદ્મ વિજય કહે હેવ.
॥ જિ૦ ॥ ૫ ॥

---

## ૧૯ શ્રી મલ્લિનાથ સ્વામીની સ્તુતિ.

મલ્લિજિન નમીયે, પૂર્વલાં પાપ ગમીએ;

ઇંદ્રિય ગણુ દમીએ, આણુ જિનની ન ક્રમીએ;
ભવમાં નવી ભમીએ, સર્વ પરભાવ વમીએ;
નીજ ગુણમાં રમીએ, કર્મમલ સર્વ ધમીએ ॥૧॥

---

## ૨૦ શ્રી મુનિસુવ્રત પ્રભુનું ચૈત્યવંદન.

મુનિસુવ્રત જિન વીસમા, કચ્છપનું લંછન;
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન ॥૧॥
રાજગૃહી નગરી ધણી, વીસ ધનુષ્ય શરીર;
કર્મ નિકાચિત રેણુવ્રજ, ઉદ્દામ સમીર ॥૨॥
ત્રીશ હજાર વરસ તણુંએ, પાળી આયુ ઉદાર;
પદ્મવિજય કહે શિવ વર્યા, શાશ્વત સુખ
નિરધાર ॥ ૩ ॥

---

## ૨૦ શ્રી મુનિસુવ્રત પ્રભુનું સ્તવત.

આધા આમ પધારો પુજ્ય અમ ઘર વહેરણ
વેળા—એ દેશી.

મુનિસુવ્રત જિન મહેર કરીને, સેવક

સનમુખ દેખો, ચોપન લાખ વરસનું અંતર, મલ્લિ જિણંદથી પરખો ॥ ૧ ॥ ભવિજન ભાવ ધરીને એહ, અતિ આદર કરીને પુજો; શ્રાવણ સુદિ પુનમ પ્રભુ ચવિયા, જનમ આઠમ જેઠ વદિ, વીસ ધનુષની દેહ વીરાજે; રૂપ તણી હુએ હદિ ॥ ભવિ૦ ॥ ૨ ॥ ફાગણ સુદ બારસ દિન દિક્ષા, સામલ વરણો સોહે; ફાગણ વદિ બારસ દિને પ્રભુજી, ક્ષપક શ્રેણી આરો હે ॥ ભવિ૦ ॥ ૩ ॥ લહે જ્ઞાનને દીધી દેશના, ભવિજનને ઉપગારે, ત્રીસ હજાર વરસ ભોગવીઉં; આયુ શુદ્ધ પ્રકારં. ॥ભવિ૦ ॥ ૪ ॥ આયુ જેઠ વદિ નવમીએ વરીયા, જિન ઉત્તમ વર સિદ્ધિ; પદ્મ વિજય કહે પ્રગટ કીધી, આપે અનંતી રિદ્ધ ॥ ભવિ૦ ॥૫॥

---

## ૨૦ શ્રી મુનિસુવ્રત પ્રભુની સ્તુતિ.

મુનિસુવ્રત નામે, જે ભવી ચિત્ત કામે;
સવી સંપત્તિ પામે, સ્વર્ગના સુખ જામે;
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે;
સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે ॥૧॥

---

## ૨૧ શ્રી નમિનાથ પ્રભુનું ચૈત્યવંદન.

મિથિલા નગરીનો રાજીયો. વપ્રા સુત સાચો; વિજયરાય સુત છોડીને, અવરાં મત માચો ॥ ૧ ॥ નીલ કમલ લંછન ભલું, પન્નર ધનુષ્યની દેહ; નમિ જિનવરનું શોભતું, ગુણગણ મણિ ગેહ ॥ ૨ ॥ દશ હજાર વરસ તણું એ, પાળ્યું પરગટ આય; પદ્મવિજય કહે પુણ્યથી નમીએ તે જિનરાય ॥ ૩ ॥

---

## ૨૧ શ્રી નમિનાથ પ્રભુનું સ્તવન.

વારી રંગ ઢોલણા—એ દેશી.

નમિ જિનવર એકવીસમો હો રાજ, ત્રિભુ-
વન તારણ હાર ॥ વારી મોરા સાહિબા. ॥
છ લાખ વરસનું આંતરૂહો, રાજ આતમ છો
આધાર ॥ વારી૦ ॥ ૧ ॥ આસો સુદિ
પુનમે ચવ્યા હો રાજ, જનમ શ્રાવણ વદિ
માસ. ॥ વારી૦ ॥ આઠમે અતિશય ચાર
સ્યું હો રાજ, કનક વરણ છબી જાસ
વારી૦ ॥ ૨ ॥ પનર ધનુષ તનું ઉંચતા હો
રાજ, દીક્ષા વદિ અષાઢ ॥ વારી૦ ॥ નવમી
પાપ નિવારણી હો રાજ, જાસ પ્રતિજ્ઞા આ
ઘાટ ॥ વારી૦ ॥ ૩ ॥ માગસર સુદ એકા-
દશી હો રાજ, પામ્યા સમ્યક જ્ઞાન. ॥વારી૦॥
દશ હજાર વરસ તણું હો રાજ; આયુંનું
પરમાણ ॥ વારી૦ ॥ ૪ ॥ વૈશાખ વદિ
દશમી દિને હો રાજ, જિનવર ઉત્તમ સિદ્ધ

॥ વારી૰ ॥ પદ્મ તસ ગુણ ગાવતાં હો રાજ,
માનવનું ફલ લિદ્ધ ॥ વારી૰ ॥ ૫ ॥

---

## ૨૧ શ્રી નમિનાથ પ્રભુની સ્તુતિ.

નમીએ નમિ નેહ, પુન્ય થાયે જયું દેહ; અઘ સમુદય જેહ, તે રહે નાંહિ રેહ; લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ; લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ. ॥ ૧ ॥

---

## ૨૨ શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન.

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય; સમુદ્ર વિજય પૃથ્વીપતિ, જેહ પ્રભુના તાય ॥ ૧ ॥ દશ ધનુષ્યની દેહડી, આયુ વરસ હજાર; શંખ લંછન ધર સ્વામીજી, તજી રાજુલનાર ॥ ૨ ॥ સૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન; જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ થાન. ॥ ૩ ॥ ઈતિ.

---

## ૨૨ શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન.

લોભીડારે હંસા વિષયન રાચીયે-એ દેશી.

નેમિ જિનેશ્વર નમિયે નેહસ્યું, બ્રહ્મચારી ભગવાન, પાંચલાખ વરસનું આંતરૂં, શ્યામ વરણ તનું વાન ॥ નેમિ૦ ॥ ૧ ॥ કાર્તક વદિ બારસ ચવિયા પ્રભુ, માત શિવાદે મલ્હાર; જનમ્યા શ્રાવણ સુદિ પાંચમ દિને, દશ ધનુષ કાયા ઉદાર ॥ નેમિ૦ ॥ ૨ ॥ શ્રાવણ સુદ છઠે દિક્ષા ગ્રહી, આસો અમાસે રે નાણ; અષાઢ સુદિ આઠમે સિદ્ધિ વર્યા, વર્ષ સહસ આયુ પ્રમાણ; ॥ નેમિ૦ ॥ ૩ ॥ હરિ પટરાણી સાંબ પ્રધુમ્ન વલી, તેમ વસુ દેવની નાર; ગજ સુકુમાલ પ્રમુખ મુનિ રાજયા, પહોંચાડયા ભવપાર ॥ નેમિ૦ ॥ ॥ ૪ ॥ રાજિમતી પ્રમુખ પરિવારને, તાર્યો કરૂણારે આણ; પદ્મ વિજય કહે નિજ પરમત કરો, મુજ તારોતો પ્રમાણ ॥ નેમિ૦ ॥ ૫ ॥

## ૨૨ શ્રી નેમનાથ પ્રભુની સ્તુતિ.

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી; તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી; પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી; કેવલ શ્રી સારી, પામિયા ઘાતી વારી ॥ ૧ ॥ ત્રણ જ્ઞાન સંજુત્તા, માતની કૂખે હુંતા; જનમે પુરહુંતા, આવી સેવા કરંતા; અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા; મહીયલ વિચરંતા, કેવલ શ્રી વરંતા ॥ ૨ ॥ સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે; ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે; સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે; તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે ॥૩॥ શાસનસુરી સારી, અંબિકા નામ ધારી; જે સમકિતી નરનારી, પાપ સંતાપ વારી; પ્રભુ સેવાકારી, જાપ જપીયે સવારી; સંઘ દુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી ॥ ૪ ॥ ઈતિ.

## ૨૩ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન.

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ; વામા માતા જનમીયા, અહિ લંછન જાસ ॥ ૧ ॥ અશ્વસેન સુત સુખ કરૂં, નવ હાથની કાય; કાશી દેશ વણારસી, પુણ્યે પ્રભુ આય ॥ ૨ ॥ એકસો વર્ષનું આઉખુંએ, પાળી પાસ કુમાર; પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર ॥ ૩ ॥ ઈતિ.

---

## ૨૩ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન.

રાગ—ધમાલ

પાર્શ્વ પ્રભુ ત્રેવીસ મારે, સહસ ત્યાસી સય સાત લલના; પચાસ ઉપર વર્ષનુંરે, આંતરૂં અતિહિ વિખ્યાત ॥ ૧ ॥ સુખકારક સાહેબ સેવીએ હો, અહો મેરે લલનારે; સેવતાં શિવસુખ થાય; સુખ૦; ચૈત્ર વદિ ચોથે

ચવ્યારે, કરવા ભવિ ઉપકાર લલના; પોષ વદિ દશમ અગ્યારસેરે, જનમને થયા અણ-ગાર ॥ સુખ૦ ॥ ૨ ॥ નવકર જેહની દેહડીરે, નીલ વરણ તનું કાન્તિ લલના; ચૈતર વદી ચોથે લહ્યારે, ક્ષાયક જ્ઞાન નિર ભ્રાન્ત ॥ સુખ૦ ॥ ૩ ॥ શ્રાવણ સુદિ આઠમ દિનેરે, પામ્યા ભવનો પાર લલના; આઉખું સો વરસ તણુંરે, અશ્વસેન સુતસાર ॥ સુખ૦ ॥ ૪ ॥ આદેય નામ તણો ધણીરે, મહિમા વંત મહંત લલના; પદ્મ વિજય પુણ્યે કરીરે, પામ્યો એહ ભગવંત લલના ॥ સુખ૦ ॥ ॥૫॥

---

## ૨૩ શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ.

શ્રી પાર્શ્વજિણંદા, મુખ પુનમ ચંદા; પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઇંદા; લંછન

નાગિંદા, જાસ પાચે સોહંદા; સેવે ગુણી વૃંદા, જેહથી સુખ કંદા ॥૧॥ જનમથી વર ચાર, કર્મનાસે ઈગ્યાર; ઓગણીશ નિરધાર, દેવ કીધા ઉદાર; સવિ ચોત્રીશ ધાર. પુન્યના એ પ્રકાર ॥ નમીયે નરનાર, જેમ સંસાર પાર ॥ ૨ ॥ એકાદશ અંગા, તીમ બારે ઉવંગા; ષટ છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા ॥ દશ પયન્ના સુસંગા, સાંભળો થઇ એકંગા ॥ અનુયોગ બહુ ભંગા, નંદી સૂત્ર પ્રસંગા ॥ ૩ ॥ પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો ॥ અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો ॥ સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો ॥ કહે પદ્મ નિકાસો, વિઘ્નનાં વૃંદ પાસો ॥૪॥

---

## ૨૪ શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન.

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો; ક્ષત્રીકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો.

॥ ૧ ॥ મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા; બહોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાયા ॥ ૨ ॥ ક્ષમાવિજય જિન રાજનાએ, ઉત્તમ ગુણ અવદાત; સાત બોલથી વર્ણંવ્યો, પદ્મવિજય વિખ્યાત ॥ ૩ ॥

---

## ૨૪ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

સંભવજિન અવધારીયે—એ દેશી.

ચરમ જિણંદ ચોવીસમો, શાસન નાયક સ્વામી, સ્નેહી વરસ અઢીસેં આંતરો; પ્રણમો નિજહિત કામી ॥ સ૦ ॥ ચરમ૦ ॥ ૧ ॥ અષાઢ સુદિ છઠે ચ૦યા, પ્રાણત સ્વર્ગથી જેહ ॥ સ૦ ॥ જનમ્યા ચૈતર સુદિ તેરસે, સાત હાથ પ્રભુ દેહ ॥ સ૦ ॥ ચરમ૦ ॥ ૨ ॥ સોવન વરણ સોહામણો, બહોંતેર વરસનું આય ॥ સ૦ ॥ માગશર વદિ દશમ દિને

સંયમ સુચિતલાય ॥ સ૦ ॥ ચરમ૦ ॥૩॥ વૈશાખ સુદિ દશમે પ્રભુ, પામ્યા કેવળ નાણ ॥ સ૦ ॥ કાર્તક અમાવાસ્યાને દિને, લહિઆ પ્રભુ નિરવાણ ॥ સ૦ ॥ ચરમ૦ ॥ ૪ ॥ દિવાલીએ જિન થકી, ઉત્તમ દિવસ કહાય ॥ સ૦ ॥ પદ્મ વિજય કહે પ્રણમતાં, ભવ ભયનાં દુઃખ જાય ॥ સ૦ ॥ ચરમ૦ ॥૫॥

---

## ૨૪ શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ.

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા; લંછન મૃગ ઇંદા, જાસ પાયે સોહંદા ॥ સુર નરવર ઇંદા, નિત્ય સેવા કરંદા ॥ ટાળે ભવ ફંદા, સુખ આપે અમંદા ॥ ૧ ॥ અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા ॥ અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા ॥ અડજિનપ જનેતા, નાકમાહેંદ્ર યાતા ॥ સવિ જિનવર

નેતા, શાશ્વતા સુખદાતા ॥ ૨ ॥ મલ્લિ નેમિ પાસ, આદિ અઠ્ઠમ ખાસ ॥ કરી એક ઉપવાસ, વાસુ પૂજ્ય સુવાસ ॥ શેષ છઠ્ઠ સુવિલાસ, કેવલજ્ઞાન જાસ ॥ કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ ॥૩॥ જિનવર જગદીશ, જાસ મ્હોટી જગગીશ ॥ નહિં રાગ ને રીસ, નામીયે તાસ શિષ ॥ માતંગ સુર ઇશ, સેવતો રાત દીશ ॥ ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાખે સુશિશ, ॥ ૪ ॥ ઈતિ.

---

# શ્રી ક્ષમાવિજયજી કત સ્તવન.

## ચોવિશિ.

### ૧ શ્રી ઋષભદેવ જિન સ્તવન.

હારરોહીરા—એ દેશી.

પ્રથમ જીણેસર પુજવા સહીયર મ્હારી, અંગ ઉલટ ધરી આવીહો; કેસર ચંદન મૃગ-

મદે સ. સુંદર આંગી બનાવીહો ॥ ૧ ॥
સહજ સલુણો માહરો સમસુખલીનો
મ્હારો જ્ઞાનમાં ભીનો મ્હારો સાહેબો
સહીયર મારી જયો જયો પ્રથમ જિણંદ
હો ધન્ય મરૂદેવી કુખને સ. વારીજાઉં વાર
હજારહો સર્ગ શિરોમણી નેંતજી સ. જિહાં
પ્રભુ લીએ અવતારહો સહ. ॥ ૨ ॥ દાયક
નાયક જન્મથી સ. લાજયો સુરતરૂ વૃંદહો
યુગલા ધરમ નિવારણો સ. જે થયો પ્રથમ
નરિંદહો ॥ ૩ ॥ સહ. લોક નીતિસહુ
શીખવી સ. દાખવા મુક્તિનો રાહહો રાજ્ય
ભલાવી પુત્રને સ- થાપ્યો ધર્મ પ્રવાહહો
॥ ૪ ॥ સહ. સંયમ લેઈ સંચર્યો સ.
વરસ લગેવિણા હારહો સેલડી રસ સાંટે
દીયો સ. શ્રેયાંસને સુખ સારહો ॥ ૫ ॥
સહ. મોટા મહંતની ચાકરી સ. નીફલ

કદાચન થાયહો મુની પણે નમીવિનમી કર્યા સ. ખીણમાં ખેચર રાયહો ॥૬॥ સહ૦ જનનીને કીધો ભેટણો સ. કેવલ રત્ન અનુપહો પહિલી માતા મોકલી સ. જોવા શિવ વહુ રૂપહો ॥ ૭ ॥ સહ. પુત્ર નવાણું પરીવર્યો સ. ભરતના નંદન આઠહો આઠ કરમ અષ્ટાપદે યોગ નિરોધે નેઠહો ॥ ૮ ॥ સહ. તેહનો બિંબ સિદ્ધાચલે સ. પુજોપાવન અંગહો; ક્ષમાવિજય જિન નીરખતાં સ. ઉછલે હરખત રંગહો ॥ ૯ ॥ સહ. સ. ઇતિ.

---

## ૨ શ્રી અજિતનાથ જિન સ્તવન.

પ્રિયડા જિન ચરણારી સેવારી પ્યારી મુને લાગે —એ દેશી.

જીવડા વિષમ વિષયની હેવાતુઝ કાંઈ જાગે હજી કાંઇ જાગે જીવડા અકલ સરૂપ

અજિત જિત જિન નીરખ્યો પરખ્યો પુરણુ ભાગે ॥ ૧ ॥ જી. સરસ સુકોમલ સુરતરૂ પામી કંટક બાઉલ માગે એરાવન સાટે કુણુ મુરખ રાસભ પુંઠે લાગે ॥ ૨ ॥ જી. ઘોર પહાડ ઉજાડ ઉલંઘી આવ્યો સમકીત માગે તૃષ્ણાએ સમતારસ વિગડે કુંભ ઉદક જિમ-કાગે ॥ ૩ ॥ જી. જીમ કોઈક નર જાન લેઈને આવ્યો કન્યા રાગે સરસ આહર નિંદ્રાભર પોઢયો કરડયો, વિષયા નાગે ॥ ૪ ॥ જી. વિજયા નંદન વચણુ સુધારસ, પીતાં શુભમતી જાગે; પાંચે ઈંદ્રિય ચપલ તુરંગમ, વસકરી જ્ઞાન સુવાગે ॥ ૫ ॥ જી. ક્ષમા વિજય જિનગુણુ કુસુમાવલી, શોભિત ભક્તિ પરાગે કંઠ આરોપી વિરતી વિનતા વરી કેસરીએ પાગે ॥ ૬ ॥ જી. ઇતિ.

## ૩ શ્રી સંભવનાથ સ્તવન.

કંકણો મોલલીયો–એ દેશી.

સંભવ ભવ ભય ભંજણોરે જિનજી, મયનો મદ નાવિકાર; દિલડે વસી રહ્યો, જનમ થકી પણ જેહનાંરે જિનજી; અનોપમ અતિશય ચાર ॥ દિલડે૦ ॥૧॥ પ્રસ્વેદ ન હોયે કદારે જિનજી, અદ્‌ભુત રૂપ સુવાસ ॥ દિ૦ ॥ કાયા જેહની એહવીરે જિનજી, રોગ ન આવે પાસ ॥ દિલડે૦ ॥ ૨ ॥ આહાર કો દેખે નહી રે જિનજી, રૂધિર ગોખીર સમાન ॥ દિ૦ ॥ શ્વાસોશ્વાસ સુખે લહેરે જિનજી, કમળ સુગંધી પ્રધાન ॥ દિ૦ ॥ ૩ ॥ આઠ કર્મના નાશથીરે જિનજી, પામી અડગુણ સિદ્ધિ ॥ દિ૦ ॥ સાદિ અનંતે ભોગવેરે જિનજી, કેવળ કમલા રિદ્ધિ ॥ દિ૦ ॥ ૪ ॥ જીતારી નૃપ નંદનોરે જિનજી, અંતર અરી

કરે ઘાત ॥ દિ૦ ॥ તેહમાં કો અચરીજ નહિ રે જિનજી, ઉત્તમ કુલ અવદાત ॥ દિ૦ ॥ ૫ ॥ સ્વપ્ન માંહિ પણુ સાંભળેરે જિનજી, સાહેબરો દેદાર ॥ દિ૦ ॥ પંડિત ક્ષમા વિજય તણો રે જિનજી, કહે જિન દિલ આધાર ॥ દિ૦ ॥ ૬ ॥

---

## ૪ શ્રી અભિનંદન સ્વામિનું સ્તવન

મહા વિદેહ ક્ષેત્ર સોહામણો—એ દેશી.

અભિનંદન આણંદમાં, અતિશય લીલ અનંત લાલરે; સંવર રાયનો બેટડો, સંવર સુખ વિલસંત લાલરે ॥ ૧ ॥ અભિનંદન આણંદમાં, આંકણી. સિદ્ધારથાનો લાડલો સિદ્ધારથ ભગવાન લાલરે, એ જુગતું જગતી તલે, વિચરે મહીમ નિધાન લાલરે ॥ અભિ૦ ॥ ૨ ॥ ચાલે ગજ ગતિ ગેલસ્યું, કામ કેસરી કરે નાશ લાલરે, દીપે દીનકર તેજથી,

શીતલ સહજ વિલાસ લાલરે ॥ અભિ૦ ॥ ॥ ૩ ॥ વરસે વાણી મેહજ્યું, તૃષ્ણા તટિનિ શોષ લાલરે; આતમ સંપદ વેલડી, ક્ષાયક ભાવે પોષ લાલરે ॥ અભિ૦ ॥ ૪ ॥ બાંધ્યું ભાવની સાંકલે, મુજથી ચંચલ ચિત્ત લાલરે; લાંછન મિશ ચરણે રહો, વાનર કરે વિનત લાલરે ॥ અભિ૦ ॥ ૫ ॥ તિરિ ગઈ ચંપલાઈ પણું, વારો આપ વિવેક લાલરે; ક્ષમાવિજય જિન ચાકરી, ન તજું ત્રિવિધે ટેક લાલરે ॥ અભિ૦ ॥ ૬ ॥

---

## ૫ શ્રી સુમતિનાથ જિન સ્તવન.

રામ કલી તથા સારંગ મલ્હાર, અંબર દેઉ મોરારી–એ દેશી.

તુમ્હ હો પર ઉપકારી, સુમતિ જિન તુમ્હ હો જગ ઉપકારી, પંચમ જિન પંચમ ગતિ દાયક, પંચ મહાવ્રત ધારી; પંચ પ્રમાદ

મતંગજ ભેદન, પંચાનન અનુકારી ॥સુમતિ૰ ॥ ૧ ॥ પંચ વિષય વિષધર તતિ ખગપતિ, પંચસર મદન વિડારી. આશ્રવ પંચ તિમિર ભર દિનકર, કિરીયા પંચ નિવારી ॥ સુમતિ૰ ॥ ૨ ॥ પંચાચાર સુકાન ન જલધર, પંચમાંહે અધિકારી; આગમ પંચ અમૃત રસ વરસી, દુરિત દાવાનલ ઠારી ॥ સુમતિ૰ ॥ ૩ ॥ મેતારજ અપરાધે વિહંગમ, ચરણે રાખ્યો શિરધારી; પર્ષદામાંહે આપ વખાણ્યો; કૌચ સ્વરાસુરા નારી ॥ સુમતિ૰ ॥ ૪ ॥ મેઘ નૃપતિ કુલ મુકુટ નગીનો, મંગલા ઉર અવતારી; ક્ષમાવિજય બુધ શિષ કહે જિન, ગર્ભથી સુમતિ વધારી ॥ સુમતિ૰ ॥ ૫ ॥

---

## ૬ શ્રી પદ્મ પ્રભ જિન સ્તવન.

આછે લાલની-એ દેશી.

પદ્મ ચરણ જિનરાય, બાલ અરૂણ સમ-

કાય; જિવનલાલ; ઉદયોધર નૃપ કુલટીલોજી ॥ ૧ ॥ મોહાદિક અંતરંગ, અરીયણ આઠ અભંગ ॥ જિ૰ ॥ મારવા મનુ રાતો થયોજી ॥ ૨ ॥ ચઢી સંયમ ગજરાય, ઉપસમ ઝુલ બનાય, ॥ જિ૰ ॥ તપ સિંદુરે અલંકર્યોજી ॥ ૩ ॥ પાખર ભાવના ચાર, સુમતિ ગુપતિ શણુગાર ॥ જિ૰ ॥ અધ્યાતમ અંબાડીયેજી ॥ ૪ ॥ પંડિત વીર્ય કબાન, ધર્મ ધ્યાન શુભ બાણુ ॥ જિ૰ ॥ ક્ષપકસેન સેનાવળીજી ॥ ૫ ॥ શુકલ ધ્યાન સમશેર, કર્મ કટક કીયો જેર ॥ જિ૰ ॥ ક્ષમાવિજય જિનરાજવીજી ॥ ૬ ॥ ઈતિ.

---

## ૭ શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

ઝુમખડાની–દેશી.

દેહ ગેહ સોહાવિએ, મન દહેરાસર

ખાસ; સોભાગી સાજના, નિજ ગુણ રૂચિ સિંહાસને; થાપો દેવ સુપાસ ા સોભાગી૦ ા ૧ ા સમકીત બારણે બાંધીએ, તોરણ મૈત્રી ભાવ ા સો૦ ા ગુણીજન ગુણ અનુ મોદના, સરસ સુવાસ બનાવ; ા સો૦ ા૨ા કરૂણા શીતળ જળભરે, સંવર ભુમી સમાર; ા સો૦ ા મધ્યસ્થ ભાવના મંડપે, રચના ભાવના બાર ા સો૦ ા ૩ ા ચંદ્રોદય ધર્મ ધ્યાનનો, પંચાચાર ચિત્રામ ા સો૦ ા ઉત્તર ગુણ આરાધના, ઝલકે મોતી દામ ા સો૦ ા ૪ ા ઓરસીઓ અપ્રમત્તતા, અનુભવ કેશર ઘોલ, ા સો૦ ા ક્ષપક શ્રેણી આરોહણા, પૂજના ભક્તિની ચોલ ા સો૦ ા ૫ ા શુકલ ધ્યાનાનલ ધુપીએ. ચારિત્ર મોહની ચુરી ાસો૦ા પ્રગટ અનંત ચતુષ્ટયી, ક્ષમા વજય જિનચુરી ાસોભાગી૦ ા ૬ ા

## ૮ શ્રી ચંદ્ર પ્રભ પ્રભુનું સ્તવન.

રામગિરિ તુંગીયા શિખરસોહે—એ દેશી.

શ્રીચંદ્ર પ્રભુ જગદિશ દીપે. વિશ્વ પાવનનાથરે; નામ ઠવણા દ્રવ્ય ભાવે, કરત લોક સનાથરે ॥ શ્રીચંદ્ર૦ ॥ ૧ ॥ નયરી ચંદ્રાનના નામે, મહસેન મહીકંતરે; રાણી લક્ષ્મણા માત જાયો, નામે ચંદ્રપ્રભુ ખ્યાતરે ॥ શ્રી૦ ॥ ૨ ॥ નામ જાંગુલી મંત્ર જાપે, પાપ વિષધર નાસરે; સ્થાપના ત્રિહું લોકમાંહિ, પૂજતાં સુખ વાસરે ॥ શ્રી૦ ॥ ૩ ॥ પાછલે ભવે પદ્મ રાજા, યુગ્મંધર મુનિ પાસરે; ગ્રહી સંયમ યોગ સાધી, વિજયંત નિવાસરે ॥ શ્રી૦ ॥ ૪ ॥ તીન અધિકા તીસ સાગર, પાળી પુરણ આયરે; પોષ માસે કૃષ્ણ બારસ, જન્મીયા જિનરાયરે ॥ શ્રી૦ ॥ ૫ ॥ ગેહ-વાસી પણ ઉદાસી, ભોગવી વરરાજરે; દાન

વરસી દેઈ છઠ્ઠ તપ, લહે વ્રત સામ્રાજ્યરે ॥ શ્રી૦ ॥ ૬ ॥ ઘાતીયા દલ ચાર ચૂરી, ચાર મહાવ્રત સૈન્યરે; સમો સરણે ભાવ જિનવર, થયા સિદ્ધ વરેણ્યરે ॥ શ્રી૦ ॥૭॥ સર્વ ક્ષેત્રે સર્વ કાલે, જગત વચ્છલ રૂપરે; ક્ષમા વિજય જિનરાજ મહિમા, પ્રગટ પુણ્ય સરૂપરે ॥ શ્રી૦ ॥ ૮ ॥ ઈતિ.

---

## ૯ શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

વીર વખાણી રાણી ચેલણાજી—એ દેશી.

સુવિધિ જિન વલી વલી વિનતીજી, મીનતી કેતીક રાય; જગ ગુરૂ મોટીમમાં રહોજી, આતુર જન અકલાય ॥ સુ૦ ॥૧॥ નાયક નજર માંડે નહીજી, પાયક કરે અરદાસ; જેહની પુંઠે જે સરજીયાજીઃ તેહને તેહની આશ ॥ સુ૦ ॥ ૨ ॥ આપ અનંત

સુખ ભોગવોજી, તેહનો અંશધો મુજ; મિઠડું સહુ જેણે દીઠડુંજી, અવર શું ભાખીયે તુજ ॥ સુ૦ ॥ ૩ ॥ રયણ એકદેત રયણાયરેજી, ઉણીમ કાંઇ ન થાય; હાથીના મુખથી દાણો પડેજી, કીડીનું કુટુંબ વરતાય ॥ સુ૦ ॥ ॥ ૪ ॥ ચંદ્રની ચંદ્રિકા વિસ્તરેજી, અમૃતમાં નહી હાણ; ક્ષમા વિજય જિન લહેરથીજી, જગજિન લહત કલ્યાણ ॥ સુ૦ ॥ ૫ ॥

---

## ૧૦ શ્રી શીતળનાથ જિન સ્તવન.

હીરજી ગુરૂવંદો—એ દેશી

શીતલજિન સહજાનંદી, થયો મોહની કર્મ નિકંદી; પરજાયે બુદ્ધિ નિવારી, પરિણામિક ભાવ સમારી ॥ ૧ ॥ મનોહર મિત્ર એ પ્રભુ સેવો, દુનિઆ માંહિ દેવ ન એવે ॥ મનો૦ ॥ વર કેવલ નાણ વિભાસી

અજ્ઞાન તિમિર ભરનાસી; જ્યો લોકાલોક પ્રકાશી, ગુણ પજ્જવ વસ્તુ વિલાસી ॥ મનો૦ ॥ ૨ ॥ અક્ષય સ્થિતિ અવ્યાબાધ, દાનાદિક લબ્ધિ અગાધ; જેહ સાશ્વત સુખનો સ્વામી, જડ ઈંદ્રિય ભોગ વિરામી ॥ મનો૦ ॥ ૩ ॥ જેહ દેવનો દેવ કહાવે, યોગીશ્વર જેહને ધ્યાવે; જસુ આણાસુર તરૂવેલી, મુનિ હૃદય આરામે ફેલી ॥ મુનિ૦ ॥ ૪ ॥ જેહની શિતળતા સંગ, સુખ પ્રગટે અંગો અંગે; ક્રોધાદિક તાપ સમાવે, જિન વિજયાણંદ સ્વભાવે ॥ મનો૦ ॥૫॥ ઈતિ.

---

## ૧૧ શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન.

નાન્હો નાહલોરે—એ દેશી.

શ્રી શ્રેયાંસ જિણંદનીરે, સુરતી સુંદર દેખી લાગી મોહનીરે; મધુકર માચ્યો માલતીરે,

બીજાં રૂંખ ઉવેખી ॥ લા૦ ॥ ૧ ॥ આવલ ફૂલ જયું કુટડારે, નહી ગુણ પરિમલ લેશ ॥ લા૦ ॥ વેશ બનાવે દેવનોરે, તિહાં સ્યો પ્રેમ નિવેશ ॥ લા૦ ॥ ૨ ॥ એ પરવાહી પદ માસનેરે, મુખ શશિ સહજ પ્રસન્ન ॥ લા૦ ॥ નયન પીયુખ કચોલડાંરે, વિષય વિકાર પ્રસન્ન ॥ લા૦ ॥ ૩ ॥ રાગદ્વેષ વિણ એકલોરે, ખણુડગી શ્રૃંગ ઉપમાન ॥ લા૦ ॥ વિશ્નુ પિતા વિશ્નુ માવડીરે, વિશ્નુમાં વ્યાપી જ્ઞાન ॥ લા૦ ॥ ૪ ॥ સુતાં જાગતાં ઉઠતાંરે, ચાલતાં કરતાં કામ ॥ લા૦ ॥ બોલતાં બેસતાં સાંભરેરે, ક્ષમા વિજય જિન નામ ॥લા૦॥ ॥૫॥

---

## ૧૨ શ્રી વાસુ પુજય સ્વામી જિન સ્તવન.

શ્રી ઋષભાનન ગુણનીલો—એ દેશી.

આવો મુજ મન મંદિરે, સમરાવું

સમકિત વાસહો; મુણુંદ પંચાચાર બિછાવણો. પંચરંગી રચના તાસહો ॥ મુ૦ ॥ આ૦ ॥ ૧ ॥ સિજ્જા મૈત્રિ ભાવના, ગુણુ મુદિતા તલાઇ ખાસહો ॥ મુ૦ ॥ ઉપશમ ઉત્તર છંદ બનો, તિહાં કરૂણા કુસુમ સુવાસ હો ॥ મુ૦ ॥ આ૦ ॥ ૨ ॥ થિરતા આસન આપસું, કપટ ક્રિયા નિજ ગુણ ભોગહો ॥ મુ૦ ॥ શુચીતા કેશર છાંટણાં, અનુભવ તંબોલ સુરંગહો ॥ મુ૦ ॥ આ૦ ॥ ૩ ॥ ખાંતે ચામર વિંજસે, વળી મૃદુતા ઢાલે વાયહો ॥ મુ૦ ॥ છત્ર ધરે ઋજુતા સખી. નિર્લોભ ઉલાંછે પાયહો ॥ મુ ॥ આ૦ ॥૪॥ સત્ય સચિવને સોંપસું, સેવામાં વિવેક સંયુત હો ॥ મુ૦ ॥ આતમ સત્તા શુદ્ધ ચેતના, પરણાવું આજ મુહુર્ત હો ॥ મુ૦ ॥ આ૦ ॥ ॥ ૫ ॥ અરજ સુણિને આવીઆ, જયા નંદન નિરૂપમ દેહ હો ॥ મુ૦ ॥ ઓચ્છવ રંગ

વધામણાં, થયા ક્ષમા વિજય જિન ગેહ હો૦ ॥ ૮ ॥ ॥ મુ૦ ॥ આ૦ ॥ ૬ ॥

---

## ૧૩ શ્રી વિમલનાથ જિન સ્તવન.

ગુંહલી કરો ગુરૂ આગળે–એ દેશી.

વિમલ વિમલ ગુણ તાહરા, કહેવાયેં હો કેમ એકણ જેહ; જગ જંતુ સન્નિપણે તસુ જિવીત હો અસંખ્યાતા દિહ; ॥ વિ૦ ॥ ૧ ॥ સાયર સાહી સંભવે, સવિ વસુધા હો કાગદ ઉપમાન; તરૂગણ લેખ ન કીજીએ, ન લખાય હો તુજ ભાસન્માન ॥ વિ૦ ॥ ૨ ॥ લેખન કથન અભિલાપ્ય છે, અનંત ગુણ હો નભિલાપ્ય પયત્થ; કેવલ નાણ અનંત ગુણો, કહેવાને હો કોણ હોય સમર્થ ॥ વિ૦ ॥ ૩ ॥ રૂપી અરૂપી દ્રવ્યનાં, ત્રિહુ કાલના હો પજ્જવ સમુદાય; પરિ-

ણામિકતાએ પરિણમે, તુંમ જ્ઞાનમાં હો સમકાલ સમાય ॥ વિં૦ ॥ ૪ ॥ કેવળ દંસણ તેમ વળી, ગુણ બીજો હો ગ્રાહક સામાન્ય, કરતા એકપણા થકી ઉપયોગે હો સમયાંતર માન ॥ વિ૦ ॥ ૫ ॥ સુર-ગણ સુખ પિંડિત કરી, કોય વર્ગિત હો કરે વાર અનંત; તુમ ગુણ અવ્યાબાધને, અનંત મે હો નવિભાગ આવંત ॥ વિ૦ ॥ ૬ ॥ દ્રવ્ય સાધર્મે માહરી, સહુ સત્તા હો ભાષન પરતિત, ફટક સંચોગે સામલો, નિજ રૂપે હો ઉજ્વલ સુપવિત્ત ॥ વિં૦ ॥ ૭ ॥ ક્ષમાવિજય જિન સેવના, નિત કીજે જેમ પ્રગટે તેહ; સહજાનંદિ ચેતના, ગુણી ગુણમાં હે રમે, સાદિ અછેહ ॥ વિં૦ ॥ ૮ ॥

## ૧૪ શ્રી અનંતનાથ જિન સ્તવન.

રાગ—મલ્હાર.

અનંત જિણંદ મુણિંદ ધના ધન ઉન્હ્યો રે, ઘના ઘન ઉન્હ્યો રે; સફલ અશોક નિછાંહી સભર છાંહી રહ્યો રે; ।। સ૦ ।। છત્ર ત્રયી ચઉપાસ ચલંતા વાદલા રે, ચ૦ ચંચલ ચોવીશ ચામર બગપરે ઉજલારે; બ૦ ।। ૧ ।। ભામંડલની જ્યોતિ ઝબુકે વિજલીરે; ઝ૦ રત્ના સિંહાસન ઈંદ્ર ધનુષ શોભા મલીરે; ધ૦ ગુહીરો દુંદુહિ નાદ આકાશે પુરતોરે; આ૦ ચૌવિહ દેવની કાય મયુર નચાવતોરે; મ૦ ।। ૨ ।। બહુ વિધિ ફુલ અમુલ સુગંધી વિસ્તરેરે; સુ૦ બાર પર્ષદા નયન સરસીયા કરેરે; સ૦ સુજ્યાનંદન વયણ સુધારસ વરસતોરે; સુ૦ ભવિક હૃદય ભુપીઠ રોમાંચ અંકુરતોરે; રો૦ ।। ૩ ।।

ગણુધર ગિરિવર શ્રૃંગથી પસરી સૂર શરીરે પ૦ નય ગમ ભંગ પ્રમાણુ તરંગે પરવરીરે; ત૦ ક્રોધ દાવાનલ શાન્તિથી શિતલ ગુણુ વહેરે; શિ૦ અશુભ કરમ ઘન ઘામ સમાધિ સુખ લહેરે; સ૦ ॥ ૪ ॥ વિકસીત સંયમ શ્રેણી વિચિત્ર વનાવળી; વિ૦ આશ્રવ પંચજ વાસ કે મુલ સંતતી બલીરે; મુ૦ પસર્યો સુથ સુગાલ દુકાલ ગયો ટળીરે; દુ૦ ક્ષમાવિજય જિન સંપદ વરષા ઋતુ ફલીરે; વ૦ ॥૫॥ ઈતિ.

---

## ૧૫ શ્રી ધર્મનાથ જિન સ્તવન.

થા પર વારી મ્હારા સાહેબા કાબીલ મત જાજો—એ દેશી

સુરતી ધર્મ જિણંદની, સમતા રસ પુરી; અંતર દોષ અભાવથી, બની કાન્તિ સુનુરી ॥ ૧ ॥ હું વારી ધર્મ જિણંદની મૂર્તિરે મટકે એ ટેક૦ હાસ્ય અરતિ રતિ

અજ્ઞાનતા, ભય શોક દુર્ગંછા; રાગ દ્વેષ અવિરતિ નહિ, કામ નિદ્રા મિછા હું વારી૦ ॥ ૨ ॥ દાનાદિક ગુણ અનુભવે, અંતરાય અભાવે; વસ્તુ સ્વભાવિક ધર્મને, કુણ ઉપમા આવે ॥ હું વારી ॥ ૩ ॥ પુરણ પરમાનંદથી પદમાસન વાલી; સાધ્ય સંપૂરણ નીપને, ન ધરે જપ માલી; ॥ હું વારી૦ ॥ ૪ ॥ અંગના ઉછંગે નહી, હાથે હથિયાર; ક્ષમાવિજય જિનરાજની, મુદ્રા અવિકાર ॥ હું વારી૦ ॥ ૫ ॥

---

## ૧૬ શ્રી શાંતિનાથ જિન સ્તવન.

તાહરી આંખડીયે ઘર ઘાલ્યું, ગહજા
ગિરધારી–એ દેશી.

તું પારંગત તું પરમેશ્વર, વાલા મારા તું પરમારથ વેદી; તું પરમાતમ તું પુર-

ષોત્તમ, તું અછેદી અવેદીરે ॥ ૧ ॥ મનના મોહનીયા, તાહરી કીકી કામણગારી જગના સોહનીયા એ ટેક૦ યોગી અયોગી ભોગી અભોગી, વા૦ તુંહીજ કામી અકામી, તુંહી અનાથ નાથ સહુ જગનો આતમ સંપદ રામીરે ॥ મનના૦ ॥ ૨ ॥ એક અસંખ્ય અનંત અનુચર; વા૦ અકલ સકલ અવિનાશી, અરસ અવર્ણ અગંધ અફાસી, તુંહી અપાસિ અનાસીરે ॥ મનના૦ ॥ ૩ ॥ મુખ પંકજ ભમરી પરે અમરી, વા૦ તુંહી સદા બ્રહ્મચારી, સમોસરણ લીલા અધિકારી; તુંહીજ સંયમ ધારીરે ॥ મનના૦ ॥ ૪ ॥ અચિરાનંદન અચરિજ એહી, વા૦ કહણી માંહિ ન આવે, ક્ષમાવિજય જિન વયણ સુધારસ; પીવે તે દ્વિજ પાવેરે ॥ મનના૦ ॥૫॥

# ૧૭ શ્રી કુંથુનાથ જિન સ્તવન.

દેશી–લલનાની

કરૂણા કુંથુ જિણંદની, ત્રિભુવન મંડલ માંહિ લલના; પરમેશ્વર પંચ કલ્યાણકે, પ્રગટ ઈદ્યોત ઉછાહ લલના ॥ કરૂણા૦ ॥૧॥ સુર સુત તન ખટકાયને, રાખે અચરીજ રૂપ લલના; ભાવ અહિંસક ગુણ તણો, એ વ્યવહાર અનુપ લલના ॥ ક૦ ॥ ૨ ॥ દાધો દુષ્ટ વ્યંતર થકા, છાગ રહ્યો પગ આય લ૦; પરમ કૃપાળ પ્રભુ મિલે, કહો કિમ અલગો થાય લ૦ ॥ ક૦ ॥ ૩ ॥ શાન્ત અનુમત વચ તણો, લોકોત્તર આચાર લ૦; ઉદઈક પણ અરિહંતનો, ન ધરે વિષય વિકાર લ૦; ॥ ક૦ ॥ ૪ ॥ અસંખ્ય પ્રદેશે પરિણમે, અવ્યાબાધ અનંત લ૦; વાનગી અવની મંડલે, વિહારે ઇતિ

સમતંત લ૦; ॥ ક૦ ॥ ૫ ॥ જગ જંતુ જિનવર તણે, શરણે સિદ્ધિ લહંત લ૦; ક્ષમાવિજય જિન દેશના, જલધર પરે વરસંત લ૦; ॥ ક૦ ॥ ૬ ॥

---

## ૧૮ શ્રી અરનાથ પ્રભુ જિન સ્તવન

મારે માથે પંચરંગી પાઘ, સોનારો છોગલો
મારૂજી—એ દેશી.

અર જિનવર નમીએ નિજ ઘર રમીએ, જીવનાં સાહેબજી; પર પરણુતી દમીએ, નવી નમીએ ભવ ગહનમાં સાહેબજી ॥ સા૦ ॥ ૧ ॥ ગયો કાલ અનંતો, પ્રભુ અણુ લહતો નિંદમાં; સા૦ મિથ્યામતીની ડોકીનો વષયા લિંદમાં ॥ સા૦ ॥ ૨ ॥ વર રમણિ રૂપેલીનો હિનો મૈથુને; સા૦ આશ્રવ ભર-

ભારી પાપ અંધારી પૈશુને ॥ સા૦ ॥ ૩ ॥
થયો લાખ ચોરાસી યોની વાસી મોહ વસે;
સા૦ વયોં તુષ્ણા દાસી પુદ્ગલ ખાસી
બહુ ધસે ॥ સા૦ ॥ ૪ ॥ વિશ્વાનર રાતો
માને માતો કુકરો; સા૦ માયા વિષવેલી
કરતો કેલી વાનરો ॥ સા૦ ॥ ૫ ॥ લોભા
નલ દાધો ખાધો મમતા સાપિણી; સા૦
ડાકણ પરે વળગી નરહે અલગી પાપીણી
॥ સા૦ ॥ ૬ ॥ લોકો દર દ્રેગે અરિયણ
સંગે હેલવ્યો; સા૦ ભવિતવ્યતા અમરી
સમરી નર ભવ મેલવ્યો ॥ સા૦ ॥ ૭ ॥
નવિ કીજે ખામી અવસર પામી પુણ્યથી;
સા૦ જ્ઞાના વરણાદિ કર્મ મર્મથી તિનું નથી
॥ સા૦ ॥ ૮ ॥ સમ્યકત્વ સદા ગણુ ગુણ
ગણ આગમ પામીને; સા૦ કહે ચેતના
નારી, પ્યારી આતમ રામને ॥ સા૦ ॥
૯ ॥ કેમ તજીએ ભજીએ, ક્ષમાવિજય જિન

નામને; સા૦ જો વાંછો અનોપમ અક્ષય લીલા ધામને ॥ સા૦ ॥ ૧૦ ॥

---

## ૧૯ શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

સુણ બહેની પિયુડો પરદેશી—એ દેશી.

મલ્લિ જિનેશ્વર ધર્મ તમ્હારો, સાદિ અનંત સ્વાભાવજી; લોકા લોક વિશેષા ભાષણ, જ્ઞાનાવરણી અભાવજી ॥ મ૦ ॥ ૧ ॥ એક નિત્યને સઘલે વ્યાપી, અવયવ વિણ સામાન્યજી; બિઆવરણ અભાવે દેખે, ઉપયોગાન્તર માન્યજી ॥ મ૦ ॥ ૨ ॥ આતમ એક અસંખ્ય પ્રદેશી, અવ્યાબાધ અનંતજી; વેદની વિનાસે માચે, લોકે દ્રવ્ય મહંતજી ॥ મ૦ ॥ ૩ ॥ મોહની ક્ષયથી ક્ષાયિક સમકિત, યથાખ્યાત ચારિત્રજી: વિત-

રાગતા રમણો આચુ, ક્ષય અક્ષય સ્થિતિ નિત્યજી ॥ મ૦ ૪ ॥ પંચ દેહ અવગાહના આકૃતિ, નામ વિભાવ અનુપજી; વર્ણ ગંધ રસ ફાસે વર્જિત અતિંદ્રિય સરૂપજી ॥ મ૦ ॥ ૫ ॥ અગુરૂ લઘુ ગુણ ગોત્ર અભાવે, નહી હલવા નહી ભારજી; અંતરાય વિજયથી દાના, દિકલબ્ધિ ભંડારજી ॥ મ૦ ॥ ૬ ॥ ચેતન સમતાયે મુઝ સત્તા, પરખી પ્રભુ પદ પામીજી; આરીસો કાટે અવરાણો, મલ નાસે નિજ ધામજી ॥ મ૦ ॥ ૭ ॥ સંગ્રહ નય જે આતમ સત્તા, કરવા એવંભુતજી; ક્ષમાવિજય જિન પદ અવલંબી, સુરનર મુનિ પુહૂત્તજી ॥ મ૦ ॥ ૮ ॥

## ૨૦ મુનિ સુવ્રતસ્વામી જિન સ્તવન

જય જય મુનિ સુવ્રત જગદીશ, વરસે વાણી ગુણ પાંત્રીસ; વારે ઘાતિ સુડતાલીસ, જેહથી પ્રગટેરે જેહથી પ્રગટે ગુણ એકત્રી-સરે ॥ ૧ ॥ મુણિંદા તુઝ દેશના સુખ ખાણી, સુખ ખાણીરે મેં જાણીરે મુણિંદા; જેહથી લાજે સાકર પાણીરે; મુ૦ એતો ધર્મરાય પટરાણીરે; મુ૦ એ આંકણી. એહનાં અંગ ઉપાંગ અનુપ, એહનું મુખડું મંગલ રૂપ; એ તો નવરસ રંગ સરૂપ, એહનાં પગલાંરે એહનાં પગલાં પ્રણમે ભૂપરે ॥ મુ૦ ॥ ૨ ॥ એ તો એક અનેક સ્વભાવ, એતો ભંગીરે એતો ભંગી સપ્ત બનાયરે ॥ મુ૦ ॥ ૩ ॥ એતો નય ગર્ભિત અવદાત, અહનો તિર્થંકર પદ તાત; એ ચઉ પુરૂષા-ર્થની માત, એહના સકલારે એહના સકલા

અર્થ છે જાતરે ॥ મુ૦ ॥ ૪ ॥ એહનો ત્રિહુ જગમાં ઉદ્યોત, જીપે રવિ શશિ દિપક જ્યોતિ; બીજા વાદી શ્રુત ખદ્યોત, એતો તારેરે એતો તારે જિમ જલ પોતરે ॥ મુ૦ ॥ ૫ ॥ એહને ગણધર કરે શણગાર એહને સેવે સહુ અણગાર; એહ તો ધુરથી સદા બ્રહ્મચાર, એતો ત્રિપદીરે એતો ત્રિપદીનો વિસ્તારરે ॥ મુ૦ ॥ ૬ ॥ એહથી જાતિનાં વયર સમાય, બસેં વાઘણ ભેગી ગાય; આવે સુરદેવી સમુદાય, એહને ગાવેરે એહને ગાવે પાપ પલાયરે ॥ મુ૦ ॥ ૭ ॥ એહને વાંછે નરને નાર, એહથી નાસે કામ વિકાર; એહથી ઘર ઘર મંગલ ચાર; એતો મુનિ જિનરે એતો મુનિ જિન પ્રાણ આધારરે ॥ મુ૦ ॥ ૮ ॥

---

## ૨૧ શ્રી નમિનાથ જિન સ્તવન.

ઉભી ભાવલ દેરાણી અરજ કરે છે—એ દેશી.

ખિજ મતી ગારો ખાસો મુકું ન પાસો, મુજને સમકિત વાસો હો વપ્રા રાણીના જાયા; સુરનર નાગિંદે ગાયા, મોહન મહેર કરી જે; આશ ધરીને આયા અહોનિશ સેવે, તેહને દીજે દિલાસા હો ॥ ૧ ॥ વપ્રા રાણીના જાયા; સુ૦ ॥ મુ૦ ॥ ઘર ઘર ભટકી લાજ ગમાવે, તે સેવક કોણ લેખે હો; વ૦ પતીત પાવન જગ જીવન ઔષધી, સરસ દર્શન ઉવેખે હો ॥ વ૦ ॥ ૨ ॥ સુ૦ ॥ મો ॥ કામ સ્નેહ દ્રષ્ટિરાગને છાંડી, ગુણ રાગે રઢ મંડી હો; વ૦ પ્રાણ તજે પણ પ્રીત ન છંડે, તેહની કિર્તિ અખંડી હો; વ૦ ॥ ૩ ॥ સુ૦ ॥ મો૦ ॥ ક્ષેત્ર કાલાદિક કારણ દાખી,

મુજને શું ભોલાવો હો; વ૦ પણ તમારી સાહ્ય તમારી, અવસર એહ બનાવો હો; વ૦ ॥ ૪ ॥ સુ૦ ॥ મો૦ ॥ ભુજલ યોગે અંકુર શકિત, પ્રગટ એહ નહિ છાંનો હો; વ૦ ક્ષમાવિજય જિન કરૂણા લહરી, અક્ષય લીલ ખજાનો હો; વ૦ ॥ ૫ ॥ મો૦ ॥

---

## ૨૨ શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન.

જો હરિ નહિ મળેરે, જો રે મારા પાપી પ્રાણ—એ દેશી.

નિરૂપમ નેમજીરે, વાલમ મુંકી કયાં જાઓ; તોરણ આવીનેરે, એમ કાંહી વિરહ જગાવી ॥ ૧ ॥ કરૂણા પશુતણીરે, કરતાં અબલા ઉવેખો; દુર્જન વયણથીરે, એ નહી સાજન લેખો ॥ ૨ ॥ શશિ લંછન કીઓરે,

સિતા રામ વિયોગે, વિબુધને કહ્યોરે, ન્યાએ નામ કુરંગો ॥ ૩ ॥ ગુન્હો કો કીઓરે, જો રડતી એકલડી છંડી, ગુણિકા સિદ્ધ વધુરે, તેહસ્યું પ્રીતડી મંડી ॥ ૪ ॥ અડ-ભવ નેહલોરે. નવમે છેહ મ દાખો; દાસી રાઉલીરે, સાહેબ ગોદમાં રાખો ॥ ૫ ॥ પુણ્યે પરવડોરે, મુજથી યાચક લોગા, દાન સંવત્સરે રે, પામ્યા વંછિત ભોગા ॥ ૬ ॥ વિહવા અવસરેરે; જમણો હાથ ન પામી; દીક્ષા અવસરે રે, દીજે અંતરજામી ॥ ૭ ॥ માત શિવા તણોરે, નંદન ગુણ મણિ ખાણીઃ સંયમ આપનેરે, તારી રાજુલ નારી ॥ ૮ ॥ મુગતી મહેલે મળ્યાંરે, દંપતી અવિચલ ભાવે; ક્ષમાવિજય તણોરે; સેવક જિન ગુણ ગાવે ॥ ૯ ॥

---

## ૨૩ શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન.

ધોડીજી આઇ થારા દેશમાં મારૂજી-એ દેશી.

પરમ પુરૂષ પરમાતમા સાહેબજી; પુરીસા દાણી પાસહો શિવસુખરા ભમર થાસે વિનતી સાહેબજી; અવસર પામી ઓલગુ; સા૦ સફલ કરો અરદાસહો ॥ શિવ૦ ॥ ૧ ॥ દોય નંદન મોહ ભુપરા; સા૦ તિણે કર્યો જગ ધંધો લહો ॥ શિ૦ ।. દ્વેષકરી રાગકે હરી; સા૦ તેહના રાણા સોલહો ॥ શિ૦ ॥ ૨ ॥ મિથ્યા મુહતો આગલે; સા૦ કામ કટક સિરદારહો ॥ શિ૦ ॥ ત્રણ રૂપ ધરી તે રમે; સા૦ હાસ્યાદિક પરિવારહો ॥ શિ૦ ॥ ૩ ॥ મોહ મહી પરાજોરથી; સા૦ જગસઘલો થયો જેરહો ॥ શિ૦ ॥ હરિહર સુરનર સહુ નમ્યા; સા૦ જકડી કર્મને ઘેરહો ॥ શિ૦ ॥ ૪ ॥ ભય સ્થિતિ

ચોગતિ ચોકમાં; સા૦ લોક કરે પોકારહો ॥ શિ૦ ॥ આપ ઉદાસી થઇ રહ્યા; સા૦ ઈમકિમ રહસ્યે કારહો ॥ શિ૦ ॥ ૫ ॥ ક્ષપક શ્રેણીરી ગજઘટા; સા૦ હલકારો અરિહંતહો ॥ શિ૦ ॥ નાણ ખડગ મુજ કર દીયો; સા૦ ક્ષણમાં કરૂં અરિહંત ॥ શિ૦ ॥ ૬ ॥ કરૂણા નયણ કટાક્ષથી; સા૦ રિપુ દલહો એ વિસારા લહો ॥ શિ૦ ॥ ક્ષમા વિજય જિન સંપદા; સા૦ પ્રગટે ઝાક ઝમાલહો ॥ શિ૦ ॥ ૭ ॥ ઇતિ.

---

## ૨૪ શ્રી મહાવીર સ્વામી જિન સ્તવન.

એમ ધન્નો ધણીને પરીચાવે—એ દેશી.

વીર જિણંદ જગત ઉપગારી; મિથ્યા ધામ નિવારીજી; દેશના અમૃત ધારા વરસી, પર પરણુતિ સવી વારીજી ॥ વીર૦ ॥ ૧ ॥

પંચમ આરે જેહનો શાસન, હોય હજારને ચારજી; યુગ પ્રધાન સૂરીશ્વર વહસે, સુવિહિત મુનિ આધારજી ॥ વીર૦ ॥ ૨ ॥ ઉત્તમ આચારજ મુનિ અજ્જા શ્રાવક શ્રાવિકા અછજી; લવણ જલધિ માંહે મીઠો જલ પીવે સીંગી મચ્છજી ॥ વીર૦ ॥ ૩ ॥ દશ અછેરે દુઃખીત ભરતે, બહુ મત ભેદ કરાલજી; જિન કેવલ પુરવધર વિરહે, ફણિસમ પંચમ કાલજી ॥ વીર૦ ॥ ૪ ॥ તેહનો ઝહર નિવારણ મણીસમ, તુમ આગમ તુંજ બીંબજી; નિશિ દીપક પ્રવહણ જેમ દરીએ, મેરૂમાં સુર તરૂ લુંબજી ॥ વીર૦ ॥ ૫ ॥ જૈનાગમ વક્તાને શ્રોતા, સ્યાદ્દ વાદે શુચિ બોધજી; કલિકાલે પણ પ્રભુ તુમ શાસન, વરતે છે અવિરોધજી ॥ વીર૦ ॥ ૬ ॥ મારેતો સુખમાંથી દુઃખમાં, અવસર પુણ્ય નિધાનજી;

ક્ષમા વિજય જિન વીર સદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી ॥ વીર૦ ॥ ૭ ॥ ઇતિ.

---

## નવતત્ત્વની સ્તુતિ.

જીવારે જીવા પુન્નં પાવા. આશ્રવ સંવર તત્તાજી; સાતમેં નિર્જરા આઠમેં બંધ; નવમેં મોક્ષપદ સત્તાજી, એ નવતત્તા સમક્તિ સત્તા; ભાખે શ્રી ભગવંતાજી, ભુજનગર માંહે મંડણ રહેશ્વર; વંદો તે અરિહંતાજી ॥ ૧ ॥ ધમ્મા ધમ્મા ગાસા પુદ્ગલા, સમય પંચ અજીવાજી; નાણ વિનાણ શુભા શુભ જોગે, ચેતના લક્ષણ જીવાજી; ઈત્યાદિક ષટ્ દ્રવ્ય પરૂપ્યા, લોકા લોક દિણંદાજી; પ્રહ ઉઠી નિત્ય નમીઇં વિધસ્યું; સિત્તેર સો જિન ચંદાજી ॥ ૨ ॥ સુક્ષ્મ બાદર દોય એકેંદ્રિ, બિતિ ચઉ રિંદ્રિ દુવિયાજી; તિવિહા પંચેંદ્રિ નીપજતા, અપજત્તા તેવિ વિહાજી, સંસારી

અસારી સિદ્ધા, નિશ્ચયને વ્યવહારજી; પન્ન વણાદિક આગમ સુણતાં, લહિએ શુદ્ધ વિચારજી ॥ ૩ ॥ ભુવનપતિ વ્યંતર જ્યોતિષિ વર, વૈમાનિક સુરવંદાજી; ચોવીશ જિનની યક્ષ યક્ષણી, સમકિત દ્રષ્ટિ સુરિંદાજી; ભુજનગર માંહે મંડણ સઘલા, સંઘ સકલ સુખ કર જયોજી; પંડિત માનવિજય એમ જંપે, સમકિત ગુણ ચિત્ત ધરજયોજી ॥૪॥

---

## શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન.

વિમલ કેવલ જ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં ॥ સુરરાજ સંસ્તુત ચરણ કંપજ, નમો આદિ જિનેશ્વરં ॥ ૧ ॥ વિમલ ગિરિવર શૃંગ મંડન, પ્રવર ગુણ ગણ ભૂધરં ॥ સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો૦ ॥૨॥ કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિનગુણ મનહરં॥ નિર્જરાવલી નમે અહનિશ, નમો૦ ॥૩॥ પુંડરીક

ગણુપતિ સિદ્ધિ સાધી, કોડિ પણું મુનિ મન-
હરં ॥ શ્રી વિમલ ગિરિવર શૃંગ સિદ્ધા નમો૦
॥૪॥ નિજ સાધ્ય સાધક સુર મુનિવર, કોડી-
નંત એ ગિરિવરં ॥ મુકિત રમણી વર્યા રંગે,
નમો૦ ॥ ૫ ॥ પાતાલ નર સુર લોક માંહી,
વિમલ ગિરિવર તો પરં ॥ નહિ અધિક તીરથ
તીર્થપતિ કહે, નમો૦ ॥૬॥ એમ વિમલ ગિરિ
વર શિખર મંડણુ, દુઃખ વિહંડણુ ધ્યાઈએ ॥
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થ, પરમ જ્યોતિ
નિપાઈએ ॥ ૭ ॥ જિત મોહ કોહ વિછોહ
નિદ્રા, પરમ પદસ્થિત જયકરં ॥ ગિરિરાજ સેવા
કરણુ તત્પર, પદ્મ વિજય સુહિતકરં ॥ ૮ ॥

---

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

આંખડીયેરે મેં આજ શત્રુંજય દીઠોરે,
સવા લાખ ટકાનો દહાડોરે, લાગે મને મીઠો

રે ॥ સફલ થયોરે મ્હારા મનનો ઉમાહો, વાલા મારા ભવનો સંશય ભાંગ્યો રે ॥ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે ॥ શત્રુંજય દીઠો રે૦ ॥૧॥ એ આં કણી ॥ માનવ ભવનો લાહો લીજે ॥વા૦॥ દેહડી પાવન કીજે રે ॥ સોના રૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજે રે ॥ શ૦ ॥૨॥ દુધડે પખાળી ને કેસર ઘોળી ॥ વા૦ ॥ શ્રી આદીશ્વર પુજ્યા રે ॥ શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રુજ્યા રે ॥શ૦ ॥૩॥ શ્રીમુખ સૌધર્મા સુરપતિ આગે ॥ વા૦ ॥ વીર જિણંદ એમ બોલે રે ॥ ત્રણ ભુવનમાં તીરથ મ્હોટું, નહિં કોઈ શેત્રુંજય તોલે રે ॥ શ૦ ॥૪॥ ઇંદ્ર સરીખા એ તીરથની ॥વા૦॥ ચાકરી ચિત્તમાં ચાહે રે ॥ કાયાની તો કાયર કાઢી સુરજ કુંડમાં નાહે રે ॥ શ૦ ॥ ૫ ॥ કાંકરે કાંકરે શ્રીસિદ્ધક્ષેત્રે ॥ વા૦ ॥ સાધુ

અનંતા સીધ્યા રે ॥ તે માટે એ તીરથ મહોટું, ઉદ્ધાર અનંતા કીધારે ॥ શ૦ ॥ ૬ ॥ નાભિરાયા સુત નયણે જોતાં ॥ વા૦ ॥ મેહ અમીરસ વુઠ્યા રે ॥ ઉદયરતન કહે આજ મહારે પોતે, શ્રી આદીશ્વર તુઠયા રો શ૦ ૭ ॥

---

## શ્રી સિદ્ધાચલની સ્તુતિ.

શ્રી શત્રુંજય આદિજિન આવ્યા, પૂર્વ નવાણું વારજી; અનંત લાભ તિહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારજી; વિમલ ગિરિવર મહિમા મોટો, સિદ્ધાચળ તે ઠામજી; કાંકરે કાંકરે અનંતા સિદ્ધા, એકસો ને આઠ ગિરિ નામજી ॥ ૧ ॥ ઇતિ.

---

# શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન.

સીમંધર પરમાતમા, શિવસુખના દાતા ॥ પુખ્ખલવઈ વિજયે જયો, સર્વ જીવના ત્રાતા ॥ ૧ ॥ પુર્વ વિદેહ પુંડરીગિણી, નયરીએ સોહે ॥ શ્રી શ્રેયાંસ રાજા તિહાં, ભવિયણનાં મન મોહે ॥ ૨ ॥ ચૌદ સુપન નિર્મલ લહી, સત્યકી રાણી માત ॥ કુંથું અર જિન અંતરે, સીમંધર જિન જાત ॥ ૩ ॥ અનુક્રમે પ્રભુ જનમિયા, વલી યૌવનમાં આવે ॥ માત પિતા હરખે કરી, રૂકમિણી પરણાવે ॥ ૪ ॥ ભોગવી સુખ સંસારનાં, સંયમ મન લાવે ॥ મુનિસુવ્રત નમિ અંતરે, દીક્ષા પ્રભુ પાવે ॥ ૫ ॥ ઘાતી કર્મનો ક્ષય કરી, પામ્યા કેવલ નાણ ॥ વૃષભ લંછને શોભતા, સર્વ ભાવના જાણ ॥ ૬ ॥ ચોરાશી પ્રભુ ગણધરા, મુનિવર એક સો કોડી ॥ ત્રણ ભુવનમેં જોયતાં, નહીં

કોઈ એહુની જોડી ા ૭ ા દશ લાખ કહ્યા કેવલી; પ્રભુજીનો પરિવાર ા એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વિચાર ા ૮ ા ઉદય પેઢાલ જિનાંતરએ, થાશે જિનવર સિદ્ધ ા જશવિજય ગુરૂ પ્રણમતાં, શુભ વાંછિત ફલ લીધ ા૯ા

---

## શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

પુખ્ખલવઈ વિજયે જયોરે, નયરી પુંડરીગિણી સાર ા શ્રી સીમંધર સાહિબા રે, રાય શ્રેયાંસ કુમાર ા જિણંદરાય, ધરજો ધર્મસ્નેહ ા એ આંકણી ા૧ા મોટા નાહના અંતરોરે, ગિરૂઆ નવિ દાખંત ા શશિ દર્શન સાયર વધે રે, કૈરવ વન વિકસંત ા જિ૦ ા૨ા ઠામ કુઠામ ન લેખવે રે, જગ વરસંત જલધાર ા કર દોઇ કુસુમે વાસીએ રે, છાયા સવિ આધાર ા જિ૦ ા ૩ ા રાય ને રંક સરિખા ગણે રે, ઉદ્યોતે

શશી સૂર ।। ગંગાજળ તે બિહુંતણા રે, તાપ કરે સવિ દુર ।। જિ૦ ।। ૪ ।। સરિખા સહુને તારવા રે, તિમ તુમ્હે છો મહારાજ ।। મુ- જશું અંતર કિમ કરો રે, બાંહે ગ્રહ્યાની લાજ ।। જિ૦ ।। ૫ ।। મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ ।। મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ ।। જિ૦ ।।૬।। વૃષભ લંછન માતા સત્યકીરે, નંદન રૂકમિણી કંત ।। વાચક જશ ઈમ વિનવે રે, ભય ભંજન ભગવંત ।। જિ૦ ।। ૭ ।।

---

## ૩ શ્રી સીમંધરસ્વામીની સ્તુતિ.

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહેબ દેવ ।। અરિહંત સકલની, ભાવ ધરી કરૂં સેવ । સકલ આગમ પારગ, ગણધર ભાષિત વાણી । જયવંતી આણા, જ્ઞાનવિમલ ગુણ ખાણી ।।૧।

(આ સ્તુતિ ચાર વખત પણ કહેવાય છે)

---

## શ્રી બીજનું ચૈત્યવંદન

દુવિધ ધર્મ જિણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન ॥ બીજે જન્મ્યા તે પ્રભુ, ભવદુઃખ નિકંદન ॥ ૧ ॥ દુવિધ ધ્યાન તુમ્હે પરિહરો, આદરો દોય ધ્યાન ॥ એમ પ્રકાશ્યું સુમતિજિને, તે ચવિયા બીજ દિન ॥ ૨ ॥ દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીયે ॥ મુજ પરે શીતલ જિન કહે, બીજ દિન શિવ ભજીયે ॥ ૩ ॥ જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ ॥ બીજ દિન વાસુપુજ્ય પરે, લહો કેવલનાણ ॥ ૪ ॥ નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંતે ન ગ્રહીએ ॥ અર જિન બીજ દિને ચ્યવી, એમ જન આગલ કહીએ ॥ ૫ ॥ વર્તમાન ચોવીશીએ, એમ જિન કલ્યાણ ॥

બીજ દિને કેઇ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ ॥ ૬ ॥ એમ અનંત ચોવીશી એ, હુવા બહુ કલ્યાણ ॥ જિન ઉત્તમ પદ પદ્મને નમતાં હોય સુખ ખાણ ॥ ૭ ॥

---

## બીજ તિથિનું મોટું સ્તવન.

દુહા—સરસ વચન રસ વરસતી, સરસતી કળા ભંડાર, બીજતણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મોઝાર. ॥ ૧ ॥ જંબુદ્વીપના ભરતમાં, રાજગૃહી ઉદ્યાન, વિર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન. ॥ ૨ ॥ શ્રેણીક નામે ભુપતિ, બેઠા બેસણ ઠાય; પૂછે શ્રી જિનરાયને દ્યો ઉપદેશ મહારાય. ॥ ૩ ॥ ત્રિગડે બેઠા, ત્રિભુવનપતિ, દેશના દિયે જિનરાય; કમળ સુકોમળ પાંખડી, એમ જિનરદય સોહાય. ॥ ૪ ॥ શશિ

પ્રગટે જિમ તે દિને, ધન્ય તે દિન સુવિહાય;
એકમને આરાધતાં પામે પદ નિર્વાણ ॥ ૫ ॥

## ઢાળ-૧લી.

કલ્યાણક જિનના કહું સુણ પ્રાણીજીરે; અભિનંદન અરિહંત, એ ભગવંત ભવિ પ્રાણીજીરે; માઘ શુદી બીજને દિને, સુણ૦ પામ્યા શિવસુખ સાર, હરખ અપાર ॥ ભવિ૦ ૧ ॥ વાસુપુજ્ય જિન બારમા, સુણ૦ એહજ તિથે થયું નાણુ સફળ વિહાણુ ॥ ભવિ૦ ॥ અષ્ટ કર્મ ચુરણ કરી; સુણ૦ અવગાહન એકવાર, મુકિત મોઝાર. ॥ ભવિ૦ ૨ ॥ અરનાથ જિનજી નમું, સુણ૦ અષ્ટાદશમા અરિહંત, એ ભગવંત; ભવિ૦ ઉજવળ તિથિ ફાગણ ભલી, સુણ૦ વરીયા શિવ વધુ સાર, સુંદર નાર. ॥ ભવિ૦ ૩ ॥ દશમા શિતળ જિનેશ્વર, સુણ૦ પરમપદની

એ વેલ, ગુણની ગેલ; ભવિ૦ વૈશાખ વદની બીજને દિને, સુણ૦ મૂકયો સરવે એ સાથ, સુરનર નાથ. ।। ભવિ૦ ૪ ।। શ્રાવણ સુદની બીજ ભલી, સુણ૦ સુમતિનાથ જિનદેવ, સારે સેવ; ભવિ૦ એણિ તિથિએ જિનજી તણા, સુણ૦ કલ્યાણક પંચ સાર, ભવનો પાર. ।। ભવિ૦ ૫ ।।

ઢાળ–૨જી

જગપતિ જિન ચોવીશમોરે લાલ, એ ભાખ્યો અધિકારરે ભવિકજન; શ્રેણિક આદે સહુ મળ્યારે શકિત તણો અનુસારરે, ભવિકજન, ભાવ ધરીને--સાંભળોરે, આરાધો ધરી ખંતરે, ભવિકજન ! ।। ભાવ૦ ૧ ।। દોય વરસ દોય માસનીરે લાલ. આરાધો ધરી હેતરે, ભવિક૦ ઉજમણું વિધિશું કરોરે લાલ, બીજ તે મુકિત સંકેતરે. ભાવિક૦ ।। ભાવ૦ ૨ ।। માર્ગ

મિથ્યા દુરે તજોરે લાલ, આરાધો ગુણ થોકરે; ભવિક૦ વીરની વાણી સાંભળીરે લાલ. ઉછરંગ થયાં બહુ લોકરે. ભવિક૦ ॥ ભાવ૦ ૪ ॥ એણી બીજે કેઈ તર્યારે લાલ, વળી તરશે કેઈ શેષરે; ભવિક૦ શશિ નિધિ અનુમાનથીરે લાલ, સઈલા નાગધર એષરે. ભાવિક૦ ॥ ભાવ૦ ૪ ॥ અષાઢ શુદિ દશમી દિનેરે લાલ, એ ગાયો સ્તવન રસાળરે; ભવિક૦ નવલ વિજય સુપસાયનીરે લાલ, ચતુરને મંગળ માલરે ભવિક૦ ॥ ભાવ૦ ૫ ॥

## કળશ.

ઈમ વીર જિનવર, સયલ સુખકર, ગાયો અતિ ઉલટ ભરે, અષાઢ ઉજવળ દશમી દિવસે, સંવત અઢાર અઠોત્તરે; બીજ મહિમા એમ વર્ણંવ્યો, રહી સિદ્ધપુર ચોમાસએ,

જેહ ભાવિક ભણે ગુણે, તસઘરે લીલ વિલાસએ. ॥ ૧ ॥ ઇતિ.

---

## શ્રી બીજ તિથિની સ્તુતિ.

દિન સકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ ॥ રાય રાણા પ્રણમે, ચંદ્રતણી જ્યાં રેખ ॥ તિહાં ચંદ્ર વિમાને, શાશ્વત જિનવર જેહ ॥ હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ ॥ ૧ ॥ અભિનંદન ચંદન, શીતલ શીતલનાથ ॥ અરનાથ સુમતિજિન, વાસુપુજ્ય શિવ સાથ ॥ ઇત્યાદિક જીનવર, જન્મ જ્ઞાન નિવારણ ॥ હું બીજતણે દિન, પ્રણમું તે સુવિહાણ ॥ ૨ ॥ પરકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત ॥ જેમ વિમલા કમલા, વિપુર નયન વિકસંત ॥ આગમ

અતિ અનુપમ જિહાં નિશ્ચય વ્યવહાર ॥ બીજે સવિ કીજે, પાતકનો પરિહાર ॥ ૩ ॥ ગજગામિની કામિની, કમલ સુકોમલ ચીર ॥ ચક્કેસરી કેસર સરસ સુગંધ શરીર ॥ કરજોડી બીજે, હું પ્રણમું તસ પાય ॥ એમ લબ્ધિવિજય કહે, પુરો મનોરથ માય ॥ ૪ ॥ ઇતિ.

---

## શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન.

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે ॥ ત્રિકરણશું ત્રિહું લોક જન, નિસુણો મન રાગે ॥ ૧ ॥ આરાધો ભલી ભાતસેં, પંચમી અજુવાલી ॥ જ્ઞાન આરાધન કારણે, એહુજ તિથિ નિહાલી ॥ ૨ ॥ જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર જ્ઞાન

આરાધનથી લહ્યું, શિવપદ સુખ શ્રીકાર ॥
૩ ॥ જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ
ઉપમાન ॥ લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક
પરધાન ॥ ૪ ॥ જ્ઞાની સાસોસાસમેં, કરે
કર્મનો ખેહ ॥ પુર્વ કોડી વરસાં લગે, અ-
જ્ઞાને કરે તેહ ॥ ૫ ॥ દેશ આરાધક ક્રિયા
કહી, સર્વ આરાધક જ્ઞાન ॥ જ્ઞાન તણો મ-
હિમા ઘણો, અંગ પાંચમે ભગવાન ॥ ૬ ॥
પંચ માસ લઘુ પંચમી, જાવજીવ ઉત્કૃષ્ટિ
પંચ વરસ પંચ માસની, પંચમી કરો
શુભ દૃષ્ટિ ॥ ૭ ॥ એકાવનહી પંચનો એ
કાઉસગ્ગ લોગસ્સ કેરો ॥ ઉજમણું કરો
ભાવશું, ટાળે ભવ ફેરો ॥ ૮ ॥ એણી પરે
પંચમી આરાહીયે એ, આણી ભાવ અપાર
॥ વરદત્ત ગુણ મંજરી પરે, રંગવિજય
લહો સાર ॥ ૯ ॥

## પંચમીનું સ્તવન.

પંચમી તપ તુમે કરોરે પ્રાણી, જિમ પામો નિર્મળ જ્ઞાનરે; પહેલું જ્ઞાનને પછી ક્રીયા, નહીં કોઇ જ્ઞાન સમાનરે. પંચમી૦ ॥ ૧ ॥ નંદી સૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પંચ પ્રકારરે; મતિ શ્રુત અવધિ ને મન પર્યવ, કેવળ જ્ઞાન ઉદારરે. પંચમી૦ ॥ ૨ ॥ મતિ અઠ્ઠાવીશ શ્રુત ચૌદ વીશ, અવધિ છ અસંખ્ય પ્રકાર રે; દોય ભેદે મનઃપર્યવ ભાખ્યું, કેવળ એક શ્રીકારરે, પંચમી૦ ॥ ૩ ॥ ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, જેવો તેજ આકાશરે; કેવળજ્ઞાન સમો નહીં કોઈ; લોકાલોક પ્રકાશરે. પંચમી૦ ॥ ૪ ॥ પારસ નાથ પસાય કરીને, પુરો અમારી ઉમેદરે; સમય સુંદર કહે હું પણ પ્રણમું, (પામું) જ્ઞાનનો પંચમ ભેદરે. પંચમી૦ ॥ ૫ ॥

# શ્રી પંચમીની સ્તુતિ.

શ્રાવણ શુદી દિન પંચમીએ; જનમ્યા નેમજિણંદ તો ॥ શ્યામ વરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો ॥ સહસ વરસ પ્રભુ આઉખું એ બ્રહ્મચારી ભગવંત તો ॥ અષ્ટ કરમ હેલે હણીએ, પહોતા મુક્તિ મહંત તો ॥ ૧ ॥ અષ્ટાપદ પર આદિ જિન એ, પહોતા મુકિત મોઝાર તો ॥ વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમ મુક્તિ ગિરનાર તો ॥ પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિર્વાણ તો ॥ સમેતશિખર વિશ સિદ્ધ હુવા એ, શિર વહું તેહની આણ તો ॥ ૨ ॥ નેમનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો ॥ જીવદયા ગુણ વેલડી એ, કીજે તાસ જતન તો ॥ મૃષા ન બોલો માનવી એ, ચોરીચિત્ત નિવાર તો ॥ અનંત તીર્થંકર એમ

કહે એ, પરહરીયે પરનાર તો ॥ ૩ ॥ ગોમેદ નામે જક્ષ ભલો એ, દેવી શ્રી અંબિકા નામ તો ॥ શાસન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મના કામ તો ॥ તપગચ્છ નાયક ગુણનિલો એ, શ્રી વિજયસેન સૂરિ રાય તો ॥ ઋષભદાસ પાય સેવતાં એ, સફલ કરો અવતાર તો ॥ ૪ ॥

---

## શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન.

મહા શુદી આઠમને દિને, વિજયા સુત જાયો ॥ તેમ ફાગણ શુદી આઠમે, સંભવ ચવિ આયો ॥ ૧ ॥ ચૈતર વદની આઠમે, જનમ્યા ઋષભ જિણંદ ॥ દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ ॥ ૨ ॥ માધવ શુદી આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર ॥ અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર ॥૩॥ એહીજ આઠમ ઉજલી, જનમ્યા સુમતિ જિણંદ ॥ આઠ જાતિ

કલશે કરી, ન્હવરાવે સુર ઈંદ ॥૪॥ જનમ્યા જેઠ વદી આઠમે, મુનિસુવ્રત સ્વામી ॥ નેમ અષાઢ શુદી આઠમે, અષ્ટમી ગતિ પામી ॥૫॥ શ્રાવણ વદની આઠમે. નમિ જનમ્યા જગભાણ, તિમ શ્રાવણ શુદી આઠમે, પાસજીનું નિર્વાણ॥૬॥ ભાદ્રવાવદી આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ ॥ જિન ઉત્તમ પદ પદ્મને, સેવાથી શિવવાસ ॥૭॥

---

## અષ્ટમીનું સ્તવન.

### ઢાળ ૧ લી

( તુને ગોકુળ બોલાવે કાન, ગોવિંદ ગોરીરે; આલો મહીના દાણ, કરીને ચોરી રે—એ દેશી )

શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દીવાજે રે; વિચરંતા વીર જિણંદ, અતિશય છાજે રે, ॥ ૧ ॥ તિહાં ચોત્રીશ ને પાંત્રીશ, વાણી ગુણ લાવેરે; પધાર્યા વધામણી જાય, શ્રણિક આવેરે૦ ॥ ૨ ॥ તિહાં ચોસઠ સુરપતિ

આવીને, ત્રિગડુ બનાવેરે; તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવેરે. ॥ ૩ ॥ તિહાં સુર નર નારી તિર્યંચ; નિજ નિજ ભાષારે, મન સમજીને ભવતીર, પામે સુખ ખાસારે ॥૪॥ તિહાં ઈંદ્ર ભૂતિ મહારાજ, શ્રી ગુરૂ વીરનેરે; પૂછે અષ્ટમીનો મહિમાય, કહો પ્રભુ અમનેરે ॥ ૫ ॥ તવ ભાખે વીર જણંદ સુણો સહુ પ્રાણીરે; આઠમ દિન જિનના કલ્યાણ, ધરો ચિત્ત આણીરે ॥ ૬ ॥

ઢાળ ૨ જી

( વાલાજીની વાટડી અમે જોતાં રે—એ દેશી. )

શ્રી ઋષભનું જન્મ કલ્યાણ રે, વળી ચારિત્ર લહો ભલે વાનરે; ત્રીજા સંભવનું નિર્વાણ, ભવિ તુમે અષ્ટમીતિથિ સેવોરે, એ છે શિવવધુ નારીનો મેવો રે ભવિ તમે અષ્ટમી તિથિ સેવોરે૦ ॥ ૧ ॥ શ્રી અજિત સુમતિ જિન જનમ્યારે, અભિનંદન શિવપદ

પામ્યારે; જિન સાતમા શિવ વિશરામ્યા. ભવિ૦ ॥ ૨ ॥ વીશમા મુનિસુવ્રત સ્વામીરે, તેહના જન્મ મોક્ષગુણ ધામીરે; એક વીશમા શિવ વિશરામી. ભવિ૦ ॥ ૩ ॥ પાર્શ્વનાથજી મોક્ષ મહંતરે ઇત્યાદિક જિન ગુણવંતરે; કલ્યાણક મુખ્ય કહંત. ભવિ૦ ॥ ૪ ॥ શ્રીવીર જિણંદની વાણીરે, સુણી સમજ્યા બહુ ભવ્ય પ્રાણીરે; આઠમ દિન અતિ ગુણખાણી. ભવિ૦ ॥ ૫ ॥ આઠ કર્મ તે દુરે પલાયરે, એથી અડસિદ્ધિ અડબુદ્ધિ થાયરે; તેણે કારણ સેવો ચિત્તલાય. ભવિ૦ ॥ ૬ ॥ શ્રી ઉદયસાગર સૂરિરાયારે, ગુરૂ શિષ્ય વિવેકે ધ્યાયારે; તસ ન્યાય સાગર જસ ગાયા. ભવિ૦ ॥ ૭ ॥

---

## શ્રી અષ્ટમીની સ્તુતિ.

મંગળ આઠ કરી જસ આગળ, ભાવ ધરી સુરરાજજી ॥ આઠ જાતિના કળશ કરીને,

ન્હવરાવે જિનરાજજી ॥ વીર જિનેશ્વર જન્મ મહોત્સવ, કરતાં શિવ સુખ સાધેજી ॥ આઠમનું તપ કરતાં અમ ઘર મંગલ કમલા વાધેજી ॥ ૧ ॥ અષ્ટ કરમ વયરી ગજગંજન, અષ્ટાપદ પરે બલીયાજી ॥ આઠમે આઠ સુરૂપ વિચારી, મદ આઠે તસ ગલિયાજી ॥ અષ્ટમી ગતિપરે પહોતા જિનવર, ફરસ આઠ નહીં અંગજી ॥ આઠમનું તપ કરતાં અમ ઘર, નિત્ય નિત્ય વાધે રંગજી ॥ ૨ ॥ પ્રાતિહારજ આઠ બિરાજે સમવસરણ જિન રાજેજી ॥ આઠમે આઠ સુઆગમ ભાખી ભવિ મન સંશય ભાંજેજી ॥ આઠે જે પ્રવચનની માતા, પાળે નિરતિચારોજી ॥ આઠમને દિન અષ્ટ પ્રકારે, જીવ દયા ચિત્ત ધારોજી ॥ ૩ ॥ અષ્ટ પ્રકારી પૂજા કરીને, માનવ ભવ ફલ લીજેજી ॥ સિદ્ધાઈ દેવી જિનવર સેવી અષ્ટ મહાસિદ્ધિ દીજેજી ॥ આઠમનું તપ કરતાં લીજે,

નિર્મલ કેવલજ્ઞાનજી ॥ ધીરવિમલ કવિ સેવક નય કહે, તપથી કોડ કલ્યાણજી ॥ ૪ ॥

---

## શ્રી એકાદશીનું ચૈત્યવંદન.

શાસન નાયક વીરજી, પ્રભુ કેવલ પાયો; સંઘ ચતુર્વિધ સ્થાપવા મહસેન વન આયો ॥૧॥ માધવ સિત એકાદશી, સોમલ દ્વિજ યજ્ઞ ॥ ઇંદ્રભૂતિ આદે મળ્યા, એકાદશ વિજ્ઞ ॥ ૨ ॥ એકાદશસેં ચઉ ગુણો, તેહનો પરિવાર ॥ વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર ॥ ૩ ॥ જીવાદિક સંશય કરી એ, એકાદશ ગણધાર ॥ વીરે થાપ્યા વંદીએ, જિન શાસન જયકાર ॥ ૪ ॥ મલ્લી જન્મ અર મલ્લી પાસ, વર ચરણ વિલાસી ॥ ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લી ઘનઘાતિ વિનાશી ॥૫॥

પદ્મપ્રભ શિવવાસ પાશ, ભવભવના તોડી ॥ એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી ॥ ૬ ॥ દશ ક્ષેત્રે ત્રિહું કાળનાં, ત્રણશેં કલ્યાણ ॥ વરસ અગ્યાર એકાદશી, આરાધો વર નાણ ॥ ૭ ॥ અગીયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં ॥ પુંજણી ઠવણી વિંટણી, મશી કાગલ કાઠાં ॥ ૮ ॥ અગીયાર અવ્રત છાંડવાં એ, વહો પડિમા અગીયાર ॥ ખિમાવિજય જિન શાસને, સફલ કરો અવતાર ॥૯॥

---

## શ્રી એકાદશીનું સ્તવન.

જગપતિ નાયક નેમિ જિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા ॥ જગપતિ વંદવા કૃષ્ણ નરિંદ જાદવ કોડશું પરિવર્યા ॥ ૧ ॥ જગપતિ ધીગુણ ફૂલ અમુલ ભક્તિ ગુણે માલા રચી ॥ જગ-

પતિ પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિત શિવ-
રૂચિ ॥ ૨ ॥ જગપતિ ચારિત્ર ધર્મ અશક્ત,
રક્ત આરંભ પરિગ્રહે ॥ જગપતિ મુજ આતમ
ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે ॥ ૩ ॥
જગપતિ તુમ સરીખો મુજ નાથ માથે ગાજે
ગુણનીલો ॥ જગપતિ કોઇ ઉપાય બતાવ,
જેમ કરે શિવવધુ કંતલો ॥ ૪ ॥ નરપતિ
ઉજ્જવલ માગશર માસ, આરાધો એકાદશી
॥ નરપતિ એકસો ને પચાસ, કલ્યાણક તિથિ
ઉલ્લસી ॥ ૫ ॥ નરપતિ દશ ક્ષેત્રે ત્રણ કાળ,
ચોવીશી ત્રીશે મળી ॥ નરપતિ નેવું જિનનાં
કલ્યાણ, વિવરી કહું આગળ વળી ॥ ૬ ॥
નરપતિ અર દીક્ષા નમિ નાણ, મલ્લી જન્મ
વ્રત કેવલી ॥ નરપતિ વર્ત્તનાન ચોવીશી,
માંહે કલ્યાણક આ વળી ॥ ૭ ॥ નરપતિ
મૌનપણે ઉપવાસ, દોઢસો જપમાલા ગણો ॥
નરપતિ મન વચ કાય પવિત્ર, ચરિત્ર સુણો

સુવ્રત તણો ॥ ૮ ॥ નરપતિ દાહિણ ધાતકી ખંડ, પશ્ચિમ દિશિ ઇષુકારથી ॥ નરપતિ વિજય પાટણ અભિધાન, સાચો નૃપ પ્રજાપાલથી ॥ ૯ ॥ નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામિની ॥ નરપતિ શ્રેષ્ઠી શૂર વિખ્યાત, શીયલ સલીલા કામિની ॥ ૧૦ ॥ નરપતિ પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ ચીવર ધરી ॥ નરપતિ જાચે નિત્ય જિનગેહ, નમન સ્તવન પુજા કરે ॥ ૧૧ ॥ નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પોસહ વરે ॥ નરપતિ દેવવંદન આવશ્યક, કાલવેલાએ અનુસરે. ॥૧૨॥

## ॥ ઢાળ બીજી ॥

એક દિન પ્રણમી પાય, સુવ્રત સાધુ તણારી ॥ વિનયે વિનવે શેઠ સુનિવર કરી કરૂણા રી ॥ ૧ ॥ દાખો મુજ દિન એક,

થોડો પુણ્ય કીયો રી ।। વાધે જિમ વડ બીજ, શુભ અનુબંધી થયો રી ।। મુનિ ભાખે મહાભાગ્ય, પાવન પર્વ ઘણા રી ।। એકાદશી સુવિશેષ, તેહમાં સુણ સુમના રી ।। ૩ ।। સિત એકાદશી સેવ, માસ અગ્યાર લગે રી ।। અથવા વરસ અગ્યાર, ઉજવી તપશું વગે રી ।।૪।। સાંભળી સદ્ગુરૂ વેણ, આનંદ અતિ ઉલ્લસ્યો રી ।। તપ સેવી ઉજવીય, આરણ સ્વર્ગે વસ્યો રી ।। ૫ ।। એકવીશ સાગર આય, પાળી પુણ્ય વસે રી ।। સાંભળ કેશવ રાય, આગળ જેહ થશે રી ।। ૬ ।। સોરીપુરમાં શેઠ, સમૃદ્ધદત્ત વડો રી ।। પ્રીતિમતી પ્રિયા તાસ, પુણ્ય જોગ જડ્યો રી ।।૭।। તસ કુખે અવતાર,સૂચિત શુભ સ્વપને રી ।। જનમ્યો પુત્ર પવિત્ર,ઉત્તમ ગ્રહ શકુને રી ।।૮।। નાલનિક્ષેપ નિધાન, ભુમિથી પ્રગટ હવો રી ।।

ગર્ભ દોહદ અનુભાવ, સુવ્રત નામ ઠવ્યો રી ॥ ૯ ॥ બુદ્ધિ ઉદ્યમ ગુરૂ જોગ, શાસ્ત્ર અનેક ભણ્યો રી ॥ યૌવનવય અગીયાર, રૂપવંતી પરણ્યો રી ॥ ૧૦ ॥ જિનપુજન મુનિદાન, સુવ્રત પચ્ચખ્ખાણ ધરે રી ॥ અગીયાર કંચન કોડ, નાયક પુણ્ય ભરે રી ॥ ૧૧ ॥ ધર્મઘોષ અણગાર, તિથિ અધિકાર કહે રી ॥ સાંભળી સુવ્રત શેઠ, જાતિસ્મરણ લહે રી ॥૧૨॥ જિન પ્રત્યય મુનિ શાખ, ભકતે તપ ઉચ્ચરે રી ॥ એ-કાદશી દિન આઠ, પહોરો પોસો ધરે રી ॥૧૩॥

## ॥ ઢાળ ત્રીજી ॥

પત્ની સંયુત પોસહ લીધો, સુવ્રત શેઠે અન્યદાજી ॥ અવસર જાણી તસ્કર આવ્યા, ઘર-માં ધન લુંટે તદાજી ॥ ૧ ॥ શાસનભકતે દેવી શકતે, થંભાણા તે આપડાજી ॥ કોલાહલ સુણી કોટવાળ આવ્યો, ભૂપ આગળ ધર્યા રાંકડાજી

॥૨॥ પોસહ પારી દેવ જુહારી, દયાવંત લેઈ ભેટણાંજી ॥ રાયને પ્રણમી ચોર મુકાવી, શેઠે કીધાં પારણાંજી ॥૩॥ અન્ય દિવસ વિશ્વાનર લાગ્યો, સોરીપુરમાં આકરોજી ॥ શેઠજી પોસહ સમરસ બેઠા, લોક કહે હઠ કાં કરોજી ॥૪॥ પુણ્યે હાટ વખારો શેઠની, ઉગરી સૌ પ્રશંસા કરેજી ॥ હરખે શેઠજી તપ ઉજમાણું, પ્રેમદા સાચે આદરેજી ॥૫॥ પુત્રને ઘરનો ભાર ભળાવી, સંવેગી શિર સેહરોજી ॥ ચઉનાણી વિજયશેખરસૂરિ પાસે તપ વ્રત આદરેજી ॥ ૬ ॥ એક ખટ માસી ચાર ચઉમાસી,દોસય છઠ્ઠ સો અઠ્ઠમ કરેજી ॥ બીજાં તપ પણ બહુશ્રુત સુવ્રત. મૌન એકાદશી વ્રત ધરેજી ॥ ૭ ॥ એક અધમ સુર મિથ્યા દષ્ટિ દેવતા સુવ્રત સાધુનેજી ॥ પૂર્વોપાર્જિત કર્મ ઉદેરી; અંગે વધારે વ્યાધિનેજી ॥૮॥ કર્મે નડીયો પાપે જડીયો, સુર કહે જાઓ ઔષધ ભણીજી ॥ સાધુ ન

જાયે રોષ ભરાયે, પાટુ પ્રહારે હણ્યો મુનિજી ॥૯॥ મુનિ મન વચ કાય ત્રિયોગે, ધ્યાન અનલ દહે કર્મનેજી ॥ કેવલ પામી જિત મદ રામી, સુવ્રત નેમ કહે શ્યામનેજી ॥૧૦॥

॥ ઢાળ ચોથી ॥

કાન પયંપે નેમને એ, ધન્ય ધન્ય યાદવ વંશ; જિહાં પ્રભુ અવતર્યા એ ॥ મુજમન માનવ હંસ, જયો જિન નેમને એ ॥૧॥ ધન્ય શિવા-દેવી માવડી એ, સમુદ્રવિજય ધન્ય તાત ॥ સુજાત જગતગુરૂ એ, રત્નત્રયી અવદાત જયો૦ ॥ ૨ ॥ ચરણ વિરાધી ઉપનો એ, હું નવમો વાસુદેવ ॥ જયો૦ ॥ તિણે મન નવા ઉલ્લસે એ, ચરણ ધરમની સેવ ॥ જયો૦ ॥૩॥ હાથી જેમ કાદવ કળ્યો એ, જાણું ઉપાદેય હેય ॥ જયો૦ ॥ તો પણ હું ન કરી શકું એ, દુષ્ટ કર્મનો ભેય ॥ જયો૦ ॥૪॥ પણ શરણું બલીયા તણું એ, કીજે

સીઝે કાજ ॥ જયો૦ ॥ એહવાં વચનને સાંભળી એ, બાંહે ગ્રહ્યાની લાજ ॥ જયો૦ ॥ ૫ ॥ નેમ કહે એકાદશી એ, સમકિત યુત આરાધ ॥ જયો૦ ॥ થાઈશ જિનવર બારમો એ; ભાવિ ચોવીશી એ લદ્ધ ॥ જયો૦ ॥૬॥

## ॥ કલશ ॥

ઇમ નેમિજિનવર, નિત્યપુરંદર રેવતાચલ મંડણો ॥ બાણ નવ મુનિ ચંદ વરસે રાજનગરે સંથુણ્યો ॥ સંવેગ રંગ તરંગ જલનિધિ, સત્યવિજય ગુરૂ અનુસરી ॥ કપુરવિજય કવિ, ક્ષમાવિજય ગણિ, જિનવિજય જયસિરિ વરી ॥ ૧ ॥

## શ્રી એકાદશીની સ્તુતિ.

એકાદશી અતિ રૂઅડી ગોવિંદ પુછે નેમ ॥ કોણ કારણ એ પર્વ મહોટું, કહો મુજશું તેમ ॥ જિનવર કલ્યાણક અતિ ઘણાં, એકસો

ને પચાસ ॥ તેણે કારણ એ પર્વ મહોટું, કરો મૌન ઉપવાસ ॥ ૧ ॥ અગીયાર શ્રાવકતણી પડિમા, કહે તે જિનવર દેવ ॥ એકાદશી એમ અધિક સેવો, વન ગજા જિમ રવ ॥ ચોવીશ જિનવર સયલ સુખકર; જેસા સુરતરૂ ચંગ ॥ જેમ ગંગ નિર્મલ નીર જેહવો, કરો જિનશું રંગ ॥ ૨ ॥ અગીયાર અંગ લખાવીએ, અગીયાર પાઠાં સાર ॥ અગીયાર કવલી વિંટણાં, ઠવણી પુંજણી સાર ॥ ચાબખી ચંગી વિવિધ રંગી, શાસ્ત્રતણે અનુસાર ॥ એકાદશી એમ ઉજવો, જેમ પામીયે ભવપાર ॥ ૩ ॥ વર કમલ નયણી કમલ વયણી કનક સુકોમલ કાય ॥ ભુજદંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય ॥ એકાદશી એમ મન વસી, ગણી હર્ષ પંડિત શિષ્ય ॥ શાસન દેવી વિઘ્ન નિવારો, સંઘતણાં નિશદિશ ॥ ૪ ॥

# ૧ શ્રી દીવાળીનું સ્તવન.

વાલમજીની વાટડી અમે જોતાં–એ દેશી.

જય જિનવર જગ હિતકારી રે, કરે સેવા સુર અવતારીરે; ગૌતમ પમુહા ગણ· ધારી, સનેહી વીરજી જયકારી રે ॥ એ આંકણી ॥ ॥ ૧ ॥ અંતરંગ રિપુને ત્રાસેરે, તપ કોપાટોપે વાસેરે; લહ્યું કેવલ નાણ ઉલ્લાસે ॥ સનેહી. ॥ ૨ ॥ કટિલંકે વાદ વદાયરે, પણ જિન સાથે ન ઘટાય રે; તેણે હરિ લંછન પ્રભુ પાય ॥ સ૦ ॥ ૩ ॥ સાવ સુરવહુ થેઇ થેઇ કારા રે, જલપંકજની પરે ન્યારારે, તજી તૃષ્ણા ભોગ વિકારા ॥ સ૦ ॥ ૪ ॥ પ્રભુ દેશના અમૃત ધારા રે, જિન ધર્મ વિષે રથકારારે; જેણે તાર્યા મેઘકુમારા ॥ સ. ॥ ૫ ॥ ગૌતમને કેવલ આલીરે, વર્યા સ્વાતિએ શિવ વરમાલી રે;

કરે ઉત્તમ લોક દીવાળી ॥ સ. ॥ ૬ ॥ અંતરંગ અલચ્છી નિવારી રે, શુભ સજ્જનને ઉપગારી રે; કહે વીર વિભુ હિતકારી ॥ સ. ॥ ૭ ॥

---

## ૨ શ્રી દીવાળીનું સ્તવન.

મારે દીવાળી થઇ આજ, પ્રભુ મુખ જોવાને; સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને ॥ એ આંકણી ॥ મહાવીર સ્વામી મુગતે પોહોત્યા, ગૌતમ કેવળજ્ઞાનરે; ધન્ય અમાવાસ્યા ધન્ય દીવાળી, મહાવીર પ્રભુ નિરવાણ ॥ જિન મુખ જોવાને ॥ ૧ ॥ ચારિત્ર પાળી નિરમળું રે, ટાળ્યા વિષય કષાયરે; એવા મુનિને વંદીએ જે, ઉતારે ભવપાર ॥ જિન. ॥ ૨ ॥ બાકુલા વહોર્યા વીર જિને, તારી ચંદનબાળા

રે; કેવળ લઇને મુગતે પોહોત્યા, પામ્યા ભવનો પાર. ॥ જિન. ॥ ૩ ॥ એવા મુનિને વંદીએ જે, પંચમ જ્ઞાનને ધરતા રે; સમવસરણ દેઇ દેશના પ્રભુ, તાર્યા નર ને નાર ॥ જિન. ॥ ૪ ॥ ચોવીશમા જિનેશ્વરૂ ને, મુક્તિ તણા દાતાર રે; કર જોડી કવિ એમ ભણે પ્રભુ, દુનિયા ફેરો ટાળ ॥ જિનમુખ જોવાને ॥ ૫ ॥

---

## શ્રી ગોતમાષ્ટક છંદ.

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ; જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન ॥ ૧ ॥ ગૌતમ નામે ગરિવર ચઢે, મનવાંછિત હેલા સંપજે ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંયોગ ॥ ૨ ॥ જે વૈરિ વિરૂઆ વંકડા

તસ નામે નાવે ઢુંકડા; ભૂત પ્રેત નવિ ખંડે આણુ, તે ગૌતમના કરૂં વખાણુ ॥ ૩ ॥ ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય; ગૌતમ જિનશાસન શણુગાર, ગૌતમ નામે જયજયકાર ॥ ૪ ॥ શાલ દાલ સુરહાં ઘૃત ગોળ, મન વાંછિત કાપડ તંબોળ; ઘર સુગૃહિણી નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ॥ ૫ ॥ ગૌતમ ઉદયો અવિચળ ભાણુ, ગૌતમ નામ જપો જગજાણુ; મહોટાં મંદીર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણુ ॥ ૬ ॥ ઘર મયગલ ઘોડાની જોડ, વારૂ પહોંચે વાંછિત કોડ; મહીયલ માને મોટા રાય, જો તૂઠે ગૌતમના પાય. ॥ ૭ ॥ ગૌતમ પ્રણુમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે; ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન. ॥ ૮ ॥ પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણુ છે બહુ; કહે લાવ-

ઉદયસમય કર જોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ. ॥ ૯ ॥ ઇતિ.

---

## ૧ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ.

પાસ શંખેશ્વરા સાર કર સેવકાં, દેવકાં એવડી વાર લાગે ?, કોડીક રજોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે ॥૧॥ પ્રગટ થા પાસજી, મેલી પડદો પરો, મોડ અસુરાણને આપ છોડો; મુજ મહીરાણ મંજુસમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો ॥ ૨ ॥ જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઉંઘે; મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાળ મોંઘે ॥૩॥ ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષણે ત્રીકમે તુજ સંભાર્યો; પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભક્તજન તેહનો ભય નિવાર્યો

॥૪॥ આદિ અનાદિ અરહિંત તું એક છે, દીન દયાળ છે કોણ દુજો; ઉદયરત્ન કહે પ્રભુપાસજી, પામી ભયભંજનો એહ પૂજો. ॥ પાસ૦ ॥૫॥

---

## ૨ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ.

સેવો પાસ સંખેશ્વરો મન શુદ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુધ્ધે; દેવી દેવલાં અન્યને શું નમો છો?, અહો ભવ્ય લોકો ભુલા કાં ભમો છો?? ॥૧॥ ત્રિલોકના નાથને શું તજો છો?, પડયા પાશમાં ભુતને કાં ભજો છો?, સુરધેનુ છંડી અજા શું અજો છો?, મહાપંથ મુકી કુપંથે વ્રજો છો ॥૨॥ તજે કોણ ચિંતામણિ કાચ માટે?, ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટે? સુરદ્રુમ ઉપાડી કોણ આક વાવે? મહામુઢ તે આકુલા અંત પાવે ॥૩॥ કીહાં કાંકરો ને કીહાં મેરૂશૃંગ, કીહાં કેસરી ને કીહાં તે કુ-

રંગ ?, કીહાં વિશ્વનાથ કીહાં અન્ય દેવા ?, કરો, એક ચિત્તે પ્રભુ પાસ સેવા ॥ ૪ ॥ પુજે દેવી પ્રભાવતી પ્રાણુનાથ, સહુ જીવને જે કરે છે સનાથ; મહા તત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેનાં દુઃખ દારિદ્ર દૂરે પલાવે ॥ ૫ ॥ પામી માનુષત્વ વૃથા કાં ગમો છો ?, કુશીલે કરી દેહને કાં દમો છો ?; નહીં મુક્તિવાસ વિવા વીતરાગ, ભજો ભગવંત તજો દ્રષ્ટિરાગ ॥૬॥ ઉદયરત્ન ભાખે સદા હેત આણી, દયાભાવ કીજે પ્રભુ દાસ જાણી; આજ માહરે મોતીડે મેહ વુઠયા, પ્રભુ પાસ શંખેશ્વરા આપ તુઠયા. ॥૭॥

---

## શ્રી સોળ સતીનો છંદ.

આદિનાથ આદે જિનવર વંદી, સફળ મનોરથ કીજીએ એ; પ્રભાતે ઉઠી મંગલિક કામે, સોળ સતીના નામ લીજીએ એ, ॥૧॥ બાલ કુમારી જગ હિતકારી, બ્રાહ્મી ભરતની

બ્હેનડી એ; ઘટ ઘટ વ્યાપક અક્ષરરૂપે, સોળ સતીમાંહે જે વડી એ. ॥૨॥ બાહુબલ ભગિની સતીય શિરોમણિ, સુંદરી નામે ઋષભસુતાએ; અંક સ્વરૂપી ત્રિભુવન માંહે, જેહ અનુપમ ગુણજુતા એ ॥૩॥ ચંદનબાલા બાલપણાથી, શીયલવતી શુદ્ધ શ્રાવિકાએ; અડદના બાકુલા વીર પ્રતિલાભ્યા, કેવલ લહી વ્રત ભાવિકાએ ॥ ૪ ॥ ઉગ્રસેન ધુઆ ધારિણી નંદની, રાજિમતી નેમ વલ્લભા એ; જોબન વેશે કામને જીત્યો, સંયમ લેઈ દેવ દુલ્લભા એ. ॥ ૫ ॥ પંચ ભરતારી પાંડવ નારી, દ્રુપદ તનયા વખાણીયે એ; એકસો આઠે ચીર પુરાણા, શીયલ મહિમા તસ જાણીએ એ ॥ ૬ ॥ દશરથ નૃપની નારી નિરૂપમ કૌશલ્યા કુળચંદ્રિકા એ; શીયલ સલુણી રામ જનેતા, પુણ્યતણી પરનાલિકા એ ॥ ૭ ॥ કોશંભિક ઠામે શતાનિક નામે, રાજ્ય કરે

રંગ રાજીયો એ; તસ ઘર ગૃહણી મૃગાવતી સતી, સુરભુવને જશ ગાજીયો એ ॥ ૮ ॥ સુલસા સાચી શીયલે ન કાચી, રાચી નહિં વિષયા રસે એ; મુખડું જોતાં પાપ પલાયે, નામ લેતાં મન ઉલ્લસે એ ॥ ૯ ॥ રામ રઘુ-વંશી તેહની કામિની, જનક સુતા સીતા સતી એ; જગ સહુ જાણે ધીજ કરંતાં, અનલ શીતળ થયો શીયલથી એ ॥ ૧૦ ॥ કાચે તાંતણે ચાલણી બાંધી, કુવા થકી જલ કાઢીયું એ; કલંક ઉતારવા સતી સુભદ્રાએ, ચંપા બાર ઉઘાડીયું એ. ॥ ૧૧ ॥ સુરનર વંદિત શીયલ અખંડિત, શિવા શિવપદ ગામિની એ; જેહને નામે નિર્મળ થઇએ, બલિહારી તસ નામની એ ॥ ૧૨ ॥ હસ્તિનાગપુરે પાંડુરાયની, કુંતા નામે કામિની એ; પાંડવ માતા દશે દશારની, બહેન પતિવ્રતા પદ્મિની એ. ॥ ૧૩ ॥ શીલ-વતી નામે શીલવ્રત ધારિણી, ત્રિવિધે તેહને

વંદીયે એ; નામ જપંતાં પાતક જાયે, દરિસણ દુરિત નિકંદીયે એ. ॥ ૧૪ ॥ નિષિધા નગરી નળહ નરિંદની, દમયંતી તસ ગેહિની એ; સંકટ પડતાં શીયલજ રાખ્યું, ત્રિભુવન કીર્તિ જેહની એ ॥ ૧૫ ॥ અનંગ અજિતા જગ જન પુજિતા, પુષ્પચૂલાને પ્રભાવતીએ; વિશ્વ વિખ્યાતા કામિત દાતા, સોળમી સતી પદ્માવતી એ ॥ ૧૬ ॥ વીરે ભાખી શાસ્ત્રે સાખી, ઉદયરતન ભાખે મુદા એ વહાણું વાતાં જે નર ભણશે, તે લહેસે સુખ સંપદા એ ॥ ૧૭ ॥

---

## જાહેર ખબર.

**શુદ્ધ સારાં અને સસ્તાં ઉપયોગી નીચેના પુસ્તકો મંગાવવા તથા ગ્રાહક થવા વિલંબ કરતા નહિ.**

પાઠશાળા કન્યાશાળા માટેના રોજના ઉપયોગી પુસ્તકો જેટલા બની શકે તેટલા

સસ્તા અપાય તેમ હરેક ઇચ્છે તે માટેજ અમો એ **શાળોપયોગી** સીરીઝ પ્રગટ કરવાનું શરૂ કરેલ છે અને અવારનવાર નવીન રૂપમાંજ શરૂ થાય છે માટે તે વખતે ગ્રાહક થવાનું ચુકસો નહિ.

## તૈયાર થતી ચોપડીની યાદિ.

| | |
|---|---|
| બે પ્રતિક્રમણ અર્થ સાથે | ૦–૬–૦ છપાય છે. |
| બે પ્રતિક્રમણ મૂળ ભાવાર્થ સાથે | ૦–૨–૬ |
| સામાયક સૂત્ર ભાવાર્થ સાથે | ૦–૧–૦ |
| જૈન પ્રશ્નોત્તર માળા પાકા પુંઠા સાથે | ૦–૩–૦ |

## પુસ્તક મળવાનું ઠેકાણું.

૧ માસ્તર રતીલાલ. બી. શાહ.
ખેતર પાળની પોળ
**અમદાવાદ.**

૨ નાગરદાસ પ્રાગજીભાઇ
ઠે૦ દોશીવાડાની પોળ
**અમદાવાદ.**